વર્ષ 2 અંક 06

16-30 સપ્ટેમ્બર, 2021

નિઃશુલ્ક વિતરણ

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

























# નવી પરંપરાનો ઉદય

## નિયતિના ભરોસે નહીં, નીતિ પરિવર્તનથી

## વિકાસની અમૃત યાત્રા







# "ભારતનો યુવાન કંઇક નવું અને મોટા પાયે કરવા માગે છે"

**દેશને આત્મનિર્ભર બનાવવાની ઝૂંબેશમાં યુવા શક્તિ અનોખું કરીને નવી ઊર્જા સાથે આગળ વધી રહી છે. તેમની મંઝિલ પણ નવી, લક્ષ્ય પણ નવો, માર્ગ પણ નવો અને ઇચ્છા પણ નવી છે. સાથે સાથે, સ્વચ્છતા અભિયાન અને કથીરમાંથી કંચન બનાવવાનો ગામડાંનો વિચાર પ્રેરણા બની રહી છે. નવા ભારતની નવી દ્રષ્ટિથી દેશમાં રમતગમત સંસ્કૃતિ બદલાઈ રહી છે, તો ભાષાના રૂપમાં સંસ્કૃતનાં વારસાનું જતન થઈ રહ્યું છે. આવા કેટલાંક મુદ્દા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં વાત કરી, જેના અંશ અહીં પ્રસ્તુત છેઃ**

- **રમતઃ** રમતગમત પ્રત્યેનું ઝનૂન મેજર ધ્યાનચંદને મોટી શ્રધ્ધાંજલિ છે. આશરે 41 વર્ષ બાદ, ભારતના નવયુવકોએ, દિકરા, દિકરીઓએ હોકીમાં ફરી એક વાર પ્રાણ ફૂંકી દીધા. ચાર દાયકા બાદ ભારતે ઓલિમ્પિકમાં હોકીમાં ચંદ્રક મેળવ્યો. નવી પેઢી રમતગમતની સાથે સાથે તેની સાથે સંકળાયેલી સંભાવનાઓ પણ જોઈ રહી છે. બધાંના પ્રયાસથી જ ભારત રમતગમતમાં એ ઊંચાઇ પ્રાપ્ત કરી શક્યું, જેનું તે હકદાર છે.
- **યુવા દ્રષ્ટિ :** યુવાનોનું મન બદલાઈ ચૂક્યું છે. આજનું યુવા મન કંઇક નવું કરવા માગે છે, અલગ કરવા માગે છે. આજનો યુવાન નવો માર્ગ બનાવવા માગે છે. આપણા યુવાનો જ્યારે મનમાં કોઇ નિર્ધાર કરી લે છે, ત્યારે તેને હાંસલ કરવા લાગી પડે છે. અવકાશ ક્ષેત્ર ખુલવાની સાથે યુવાનો નવી સંભાવનાઓ શોધી રહ્યા છે. નવા ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ બનાવીને યુવાનો પોતાના સપનાને પાંખો આપી રહ્યા છે. નાના શહેરોમાં પણ સ્ટાર્ટઅપ સંસ્કૃતિનું વિસ્તરણ થઈ રહ્યું છે, જે ઉજ્જવળ ભવિષ્યનો સંકેત છે.
- **સંસ્કૃત ભાષાઃ** આપણી સંસ્કૃત ભાષા સરસ પણ છે, સરળ પણ છે. સંસ્કૃત ભાષા જ્ઞાન-વિજ્ઞાનનું પોષણ કરે છે અને રાષ્ટ્રીય એકતાને મજબૂત કરે છે. પોતાના વારસાનું જતન કરવું અને તેને નવી પેઢી સુધી આગળ લઈ  જવો એ આપણી સામૂહિક ફરજ છે. વિદેશોમાં સંસ્કૃત ભણાવનારા લોકોની પ્રેરક વાતોને #CelebratingSanskrit સાથે શેર કરો.
- **કૌશલ્ય વિકાસઃ** આપણા ઋષિઓએ હજારો વર્ષોથી સ્કિલ અને સ્કેલ પર ભાર મૂક્યો છે. ભગવાન વિશ્વકર્મા વિશ્વની સર્જનશક્તિના પ્રતીક છે. કૌશલ્યનું સન્માન કરો અને કુશળ થવા માટે આકરી મહેનત કરો. આપણે એવું કંઇક સર્જન કરવું જોઇએ જેનાથી સમાજનું હિત થાય, તો જ આપણી વિશ્વકર્મા પૂજા સાર્થક થશે.
- **સ્વચ્છતાઃ** ઘણાં વર્ષોથી સ્વચ્છ ભારત રેન્કિંગમાં પ્રથમ નંબરે રહેલું ઇન્દોર હવે દેશનું પ્રથમ 'વોટર પ્લસ સિટી' બની ગયું છે. 'વોટર પ્લસ સિટી'નો અર્થ થાય છે એક એવું શહેર જ્યાં ગટરના પાણીને ટ્રીટમેન્ટ વગર જાહેર જળસ્ત્રોતમાં નથી નાખવામાં આવતું. 'વોટર પ્લસ સિટી' દેશમાં સ્વચ્છતા મિશનને આગળ ધપાવશે.
- **સુખેત મોડલઃ** બિહારના મધુબનીમાં ડોકટર રાજેન્દ્ર પ્રસાદ કૃષિ યુનિવર્સિટી અને ત્યાંનાં સ્થાનિક કૃષિ વિજ્ઞાન કેન્દ્રએ મળીને 'સુખેત મોડલ' નામનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે. આ મોડલ અંતર્ગત ગામડાંના ખેડૂતો દ્વારા છાણ તથા ખેતર અને ઘરમાંથી નીકળતા અન્ય કચરાને એકઠો કરવામાં આવે છે અને તેની સામે તેમને પૈસા આપવામાં આવે છે. આનાથી ગામને પ્રદૂષણ અને ગંદકીમાંથી મુક્તિ મળી રહી છે અને જૈવિક ખાતર પણ મળી રહ્યું છે. આ જ તો આત્મનિર્ભરતા છે.
- **વેસ્ટ ટુ વેલ્થઃ** તામિલનાડુના શિવગંગા જિલ્લાની કાંઝીરંગાલ પંચાયતે પોતાના ગામમાં સ્થાનિક લોકો સાથે મળીને કચરામાંથી વીજળી બનાવવાનો લોકલ પ્રોજેક્ટ સ્થાપ્યો છે. સમગ્ર ગામનો કચરો એકત્ર કરવામાં આવે છે અને તેમાંથી વીજળીનું ઉત્પાદન કરવામાં આવે છે અને બચેલી સામગ્રીને જંતુનાશક તરીકે વેચી નાખવામાં આવે છે. એક નાનકડી પંચાયત આપણને બધાંને કંઇક કરવાની પ્રેરણા આપે છે.

**'મન કી બાત' સંપૂર્ણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો**

## ન્યૂ ઈન્ડિયા સમાચાર

**વર્ષ 2 ,અંકઃ 06 | 16-30 સપ્ટેમ્બર, 2021**

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મશન બ્યુરો,નવી દિલ્હી

પરામર્શ સંપાદક
**સંતોષકુમાર**

ટીમ
**વિભોર શર્મા, ચંદન કુમાર ચૌધરી, સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), કોટેરુ શ્રાવણી (તેલુગુ), નદીમ અહેમદ (ઉર્દુ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ)**

ડિઝાઈન ટીમ
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા, દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
**મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણઃ **અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020**



**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003

ઈમેલઃ response-nis@pib.gov.in



RNI No. : DELGUJ/2020/78810


# અંદરના પાને...

## નવા ભારતમાં નવી પરંપરાનો ઉદય થઈ રહ્યો છે




કવર સ્ટોરી | પરંપરાથી હટીને લોકભાગીદારીથી લોકકલ્યાણની વિચારધારા સાથે સરકારે લીધેલાં પગલાં હવે સીમાચિહ્ન બની રહ્યા છે | પેજ 10-19





**અંત્યોદયના પ્રણેતા પંડિત દિનદયાલ ઉપાધ્યાય**
પંડિત દિનદયાલે એકાત્મ માનવવાદ અને અંત્યોદયના દર્શાવેલા માર્ગ પર ભારત આગળ વધી રહ્યું છે | પેજ 6-7

**ઓલિમ્પિક બાદ પેરાલિમ્પિકમાં પણ ભારતે ઈતિહાસ રચ્યો**





જીંદગીમાં આવેલાં અનેક અવરોધો પાર કરીને પેરાલિમ્પિક સુધી પહોંચેલા ભારતના ખેલાડીઓએ દેશને ગૌરવ અપાવ્યું | પેજ 20-23

**સમાચાર સાર**
પેજ 4-5

**સાંકેતિક ભાષા હવે બની રહ્યાં છે સશક્ત હસ્તાક્ષર**
વિશ્વ સાંકેતિક ભાષા દિવસ પર વિશેષ | પેજ 8-9

**નાના ખેડૂતો પણ પ્રગતિશીલ બન્યા**
સમૃધ્ધ બની રહેલા કૃષિ ક્ષેત્ર પર વિશેષ લેખ | પેજ 24-25

**પામ ઓઈલ મિશનને મંજૂરી આપવામાં આવી**
કેબિનેટના મહત્વના નિર્ણયો | પેજ 27-28

**આતંક પર આસ્થાનું પ્રતીક શ્રી સોમનાથ મંદિર**
વડાપ્રધાને સોમનાથ મંદિર ખાતે યોજનાઓ શરૂ કરી | પેજ 29-31

**અસ્ક્યામતોના વેચાણથી લોકકલ્યાણના કાર્યો**
નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન યોજના જાહેર | પેજ 32-33

**કોવિડ સામેની લડાઈ જીતીશું**
રસીકરણથી કોવિડ સામેની લડાઈમાં આગેકૂચ | પેજ 34-35

**બીજાંઓ માટે પ્રેરણાસ્રોત બની રહેલા યુવાનો**
બદલાતાં ભારતની કહાની | પેજ 40





**સ્વતંત્રતા સંગ્રામના પાયાના પથ્થર**
આઝાદી કા અમૃત મહોત્સવમાં આ અંકમાં વાંચો આઝાદીના નાયક ભગતસિંહ, વિઠ્ઠલભાઈ પટેલ, ભોગેશ્વરી ફુકનાની પર વિશેષ લેખ | પેજ 36-39

# સંપાદકની કલમે

સાદર નમસ્કાર

ભારતની સાચી ઓળખને ભાવિ પેઢી સુધી પહોંચાડવાની ફરજ આપણા બધાંની છે કારણ કે દેશ માત્ર સરકારથી નથી બનતો, પણ પ્રત્યેક નાગરિકના સંસ્કારમાંથી બને છે. એક નાગરિક તરીકે આપણો વ્યવહાર જ ભારતનું સોનેરું ભવિષ્ય નિશ્ચિત કરીને નવા ભારતની દિશા નક્કી કરી રહ્યું છે. આ વિચાર સાથે આગળ વધી રહેલી કેન્દ્ર સરકારે વીતેલા સાત વર્ષોમાં દેશને ક્યારેય નસીબના ભરોસે નથી છોડ્યો. ઉલ્ટાનું વિકાસના નવા આયામો સ્થાપીને એવાં પગલાં લીધાં છે જે રાષ્ટ્રની વિકાસ યાત્રામાં સીમાચિહ્ન સાબિત થઈ રહ્યા છે. દેશમાં સરકાર અને જનતાની ભાગીદારીથી નીત નવી પરંપરાઓનો ઉદય થઈ રહ્યો છે. આ અંકમાં બદલાતા ભારતની બદલાઈ રહેલી પરંપરાઓને કવર સ્ટોરી બનાવવામાં આવી છે. નવી પરંપરા એમ જ નથી સ્થપાતી, તેનાં માટે દ્રઢ ઈચ્છાશક્તિ અને સંકલ્પની જરૂર પડે છે. કોવિડ સામેની લડાઈમાં ભારતના પ્રયાસ નિર્ણાયક સાબિત થઈ રહ્યા છે, તો તેનું કારણ છે ‘સબકા પ્રયાસ’. દેશમાં આટલાં મોટાં અભિયાનોને માત્ર સરકારી માધ્યમ દ્વારા જ ન ચલાવી શકાય. સફળતા માટે લોક ભાગીદારી બહુ જરૂરી છે. તેનાં પરિણામે, સરકારના નિર્ણય અને યોજનાઓમાં સમાજના અંતિમ છેડે બેઠેલી વ્યક્તિ પણ ‘લાસ્ટ માઈલ ડિલિવરી’નો અનુભવ કરી રહ્યો છે. અંત્યોદયના આ સિધ્ધાંતના પ્રણેતા પંડિત દિનદયાલ ઉપાધ્યાયની પ્રેરક જીવનગાથા આ અંકમાં સામેલ કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારની નવી દ્રષ્ટિને કારણે જ શાસનમાં પારદર્શિતા, જવાબદેહિતાનું પ્રમાણ વધી રહ્યું છે. આજે લોકો ચૂંટાયેલા મંત્રીઓ, સાંસદોને માહિતી આપવા માગે છે, સરકારી કાર્યક્રમો અને લોકસેવાનાં કાર્યો પર ફીડબેક આપવા માગે છે અને ટીકા પણ કરે છે. દરેક નાગરિક નવા ટેકનિકલ સાધનોથી સજ્જ છે અને તે સરકારના કામમાં ભાગીદાર થવા ઈચ્છે છે. પેરાલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓનો અભૂતપુર્વ દેખાવ, પ્રથમ વાર દેશમાં સાંકેતિક ભાષા અંગે સક્રિય પ્રયાસ, કૃષિ સુધારની દિશામાં ક્રાંતિકારી પહેલ, શ્રી સોમનાથ મંદિરની ભવ્યતા અને દિવ્યતા વધારવાનો પ્રયાસ, આઝાદી કા અમૃત મહોત્સવ શ્રૃંખલામાં મહાનાયકોની કહાની અને વડાપ્રધાનની મન કી બાત વગેરેને આ અંકમાં સમાવવામાં આવ્યા છે. સરકાર મોટાં લક્ષ્ય, આકરા અને મોટા નિર્ણયો લેવાનું સાહસ કરી રહી છે તો તેની પાછળ શાસનની મજબૂત પકડ અને સંવેદનશીલતા જવાબદાર છે.

કોવિડ પ્રોટોકોલનું પાલન કરતા રહીએ અને સલામત રહીએ. આપના સૂચનો અમને મોકલતા રહેશો.

**સરનામુંઃ  રૂમ નંબર-278,**
**બીજો માળ, બ્યૂરો ઓફ આઉટરીચ**
**એન્ડ કમ્યુનિકેશન,**
**સૂચના ભવન, નવી દિલ્હી-110003**
**ઈમેલઃ response-nis@pib.gov.in**



**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ...

ન્યૂ ઇન્ડિયા સમાચારે આઝાદીના અમૃત મહોત્સવ વર્ષના પાવન પર્વને ધ્યાનમાં રાખીને દેશમાં વિકાસની ગંગોત્રીને રજૂ કરી હતી. તેનાથી વાચકોને સાચી દિશા મળી રહી છે. ભારતમાં વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે. ઉદ્યોગોની સંખ્યા વધી રહી છે. દેશના અનેક યુવકો તેની સાથે જોડાઈ રહ્યા છે, નવી શિક્ષણ નીતિ, સ્ટાર્ટઅપને કેવી રીતે પ્રોત્સાહન મળી રહ્યું છે, યુવાનોમાં દેશભક્તિની ભાવના જાગૃત થાય તે માટે સ્વતંત્રતા સેનાનીઓ રાજગુરૂ, કન્હાઇ, અરવિંદ ઘોષના સંઘર્ષની ગાથા આ અંકને વાંચવાલાયક બનાવે છે.


**શુભમ બાયસ્કાર**
**shubhambayskar424@gmail.com**


ન્યૂ ઇન્ડિયા સમાચાર વાંચવાનો આનંદ જ અલગ છે. આ મેગેઝીનમાં ખૂબ જ્ઞાનવર્ધક માહિતી આપવામાં આવે છે અને હું હંમેશા તેને વાંચવા માટે આતુર હોઉં છું. તેને વાંચીને તમામ પ્રકારના ભ્રમ અને ખોટી માહિતીઓ દૂર થઈ જાય છે. તેમાં સરકારી યોજનાઓ, આંતરરાષ્ટ્રીય ઘટનાઓ, નવીન સમાચાર અને વૈશ્વિક ઘટનાઓનું અદભૂત સંમિશ્રણ બધાં મેગેઝીનથી અલગ બનાવે છે. હું સંપાદકીય ટીમનો ખૂબ ખૂબ આભાર માનું છું, જેઓ નિઃશુલ્ક આટલી સરસ માહિતી અમને આપી રહ્યા છે.


**પ્રવીણ શ્રીવાસ્તવ**
**shrivastavap454@gmail.com**


હું ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીનને નિયમિત રૂપે વાંચું છું. તેનાં ઘણાં લેખ ઉપયોગી છે. આપણા ક્રાંતિકારીઓની કહાનીઓ, દેશના વિકાસની કહાનીઓ, ઓલિમ્પિક વિજેતા અને દેશને ડિજિટલ બનાવવાના પ્રયાસ જેવા અનેક મુદ્દા આ અંકમાં સામેલ કરવામાં આવ્યા છે.


**રામસંગ ચૌહાણ**
**ramsang80@gmail.com**


ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન દ્વારા ઘણી માહિતી મળે છે. દેશના સ્વતંત્રતા સેનાનીઓ અને ક્રાંતિકારીઓએ આઝાદી માટે ભજવેલી ભૂમિકા, તેમનાં બલિદાન, દેશના વિકાસમાં સરકારી યોજનાઓનું પ્રદાન વગેરેની સારી માહિતી મળે છે. તમે આ પ્રકારની માહિતી આપતા રહેશો અને બધાં સુધી પહોંચતી રહેશે તેવી અપેક્ષા સાથે તમને ખૂબ ખૂબ ધન્યવાદ.


**dabhi.anjali111@gmail.com**


ન્યૂ ઇન્ડિયા સમાચારના 1-15 ઓગસ્ટના અંકમાં ખેડૂતો, યુવાનો, આરોગ્ય સહિતનાં તમામ વિષયો પર મુદ્દાવાર સહજ અને સરળ ભાષામાં માહિતી આપવામાં આવી છે. આ માહિતી વાચકો માટે અત્યંત ઉપયોગી છે. અગાઉના અંકો પણ સંગ્રહણીય છે. આગામી અંકોમાં પણ આ પ્રકારના નવીન વિષયોનું પ્રકાશન થતું રહેશે, એવી શુભકામનાઓ સાથે આભાર


**yadavarvind1965@gmail.com**


ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન સરકારી યોજનાઓની માહિતી પૂરી પાડતું ઉત્કૃષ્ટ મેગેઝીન છે. આ વખતે ટોક્યો ઓલિમ્પિકમાં ભારતની જીતના હીરો ઉપરાંત આઝાદીના લડવૈયાઓને સ્થાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કૌશલ્ય અને વિકાસ માટે રજૂ કરવામાં આવેલી ફોર્મ્યુલા ચોક્કસપણે વર્તમાનની જરૂરિયાત અને ભવિષ્યના વિકાસની પ્રતીતિ કરાવે છે. સંપાદકીય ટીમને મારાં ધન્યવાદ.


**હેમલતા શર્મા ભોલીબેન**
**hemlatasharmabholiben@ gmail.com**


## તમારા સૂચનો અમને મોકલો


**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**

રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
સૂચના ભવન, બીજો માળ,
નવી દિલ્હી-110003

**ઈમેલઃ response-nis@pib.gov.in**

# અસંગઠિત ક્ષેત્રના 38 કરોડથી વધુ શ્રમિકોના હિતમાં ઈ-શ્રમ પોર્ટલની શરૂઆત




આઝાદીના સાત દાયકા પછી પણ દેશમાં અસંગઠિત ક્ષેત્રમાં કામ કરનારા શ્રમિકોનો ચોક્કસ આંકડો નથી. એક અનુમાન પ્રમાણે અંસગઠિત ક્ષેત્રમાં કામ કરનારા આવા શ્રમિકોની સંખ્યા 38 કરોડથી વધુ છે, પણ ચોક્કસ જાણકારીના અભાવે તેમને કેન્દ્ર સરકારની એ સામાજિક અને સુરક્ષા યોજનાઓનો લાભ નથી મળતો, જે સંગઠિત ક્ષેત્રના લોકોને મળે છે. આવા લોકોના હિતમાં કેન્દ્ર સરકારે અત્યાર સુધીનું સૌથી મોટું પગલું ભર્યું છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે ઈ-શ્રમ પોર્ટલની શરૂઆત કરી છે. આ પોર્ટલની મદદથી શ્રમિકોની સંખ્યા અને માહિતી એકત્ર કરવામાં આવશે અને તેનાં આધારે સરકાર શ્રમિકો માટેની યોજનાઓ અને નિયમો બનાવશે. શ્રમિકોને ઈ-શ્રમ કાર્ડ જારી કરવામાં આવશે, જેમાં તેમને 12 આંકડાનો વિશિષ્ટ કોડ આપવામાં આવશે. આ કોડ દ્વારા એ શ્રમિકની ઓળખ થશે. શ્રમિકોને પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવામાં શ્રમ મંત્રાલય મદદ કરશે. તેમાં રાજ્ય સરકાર, ટ્રેડ યુનિયન અને કોમન સર્વિસ સેન્ટર પણ મદદ કરશે. આ માટે સમગ્ર દેશમાં જન જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવશે. કોઇ પણ મુશ્કેલી નડે તો ટોલ ફ્રી નંબર 14434 પર ફોન કરીને સંપૂર્ણ માહિતી મેળવી શકાય છે. કોઈ શ્રમિક આ પોર્ટલ પર રજીસ્ટર્ડ હોય અને દુર્ઘટનામાં મૃત્યુ કે કાયમી અપંગતાનો ભોગ બને તો તેને રૂ. બે લાખ અને આંશિક રીતે અપંગ થાય તો એક લાખ રૂપિયાન સહાય મેળવવા હકદાર બનશે. શ્રમ અને રોજગાર મંત્રી ભુપેન્દ્ર યાદવના જણાવ્યા અનુસાર, “અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો ભારતના રાષ્ટ્ર નિર્માતા છે અને આ પોર્ટલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શ્રમિક કલ્યાણના દ્રષ્ટિકોણને આગળ વધારવાની દિશામાં એક મહત્વનો પડાવ છે.”

## કુપોષણ વિરુધ્ધ જાગૃતિ ફેલાવવા ઓલિમ્પિક ખેલાડીઓ 75 શાળાઓની મુલાકાત લેશે

ટોક્યો ઓલિમ્પિકથી પાછા ફરેલા ભારતીય ખેલાડીઓ આવતા વર્ષે 76મા સ્વતંત્રતા દિવસ સુધી 75 શાળાઓની મુલાકાત લેશે અને કુપોષણ વિરુધ્ધ જાગૃતિ ફેલાવવાની સાથે સાથે શાળાના બાળકો સાથે રમશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગ્રહથી આ ખેલાડીઓ આ કામ કરવા જઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટોક્યો ઓલિમ્પિકમાંથી પાછા ફરેલા ખેલાડીઓ સાથેના એક સંવાદ દરમિયાન તેમને 75 શાળાઓની મુલાકાત લેવાની અપીલ કરી અને જણાવ્યું કે, દેશ આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશ કરવાના ઉપલક્ષ્યમાં અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. ટોક્યો ઓલિમ્પિકમાં ભારતના શાનદાર દેખાવની સૌથી સકારાત્મક અસર એ રહી કે રમત પ્રત્યે લોકોની ધારણા બદલાઈ છે અને તે બાળકોને રમત પ્રત્યે પ્રોત્સાહિત કરી રહી છે. એટલાં માટે જ, વડાપ્રધાને કહ્યું કે, ઓલિમ્પિક ખેલાડીઓ કુપોષણ વિરુધ્ધ જાગૃતિ ફેલાવશે અને શાળાઓની મુલાકાત લેશે, તો બાળકોને પ્રોત્સાહન મળશે.



## વણકરોને ભેટઃ વધુ 10 શહેરોમાં હેન્ડલૂમ ડિઝાઇન રિસોર્સ સેન્ટર સ્થપાશે

આશરે 116 વર્ષ પહેલાં 7 ઓગસ્ટ, 1905નાં રોજ ભારતમાં સ્વદેશી આંદોલનની શરૂઆત થઈ ત્યારે હેન્ડલૂમના સ્વદેશી ઉત્પાદનોને લોકોએ હોંશભેર સ્વીકાર્યા. પણ આઝાદી પછી ધીરે ધીરે તેનું મહત્વ અને વપરાશ ઘટતો ગયો. આ ગૌરવપૂર્ણ ઈતિહાસનું પુનરાવર્તન કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દર વર્ષે 7 ઓગસ્ટનાં રોજ નેશનલ હેન્ડલુમ દિવસ તરીકે મનાવવાનું આહવાન કર્યું હતું. વોકલ ફોર લોકલના મંત્ર દ્વારા હવે ભારતનો હેન્ડલુમ ઉદ્યોગ તેનો જૂનો વૈભવ પાછો મેળવવાની દિશામાં આગળ વધી રહ્યો છે. વણકરો, નિકાસકારો, ઉત્પાદકો અને ડિઝાઇનરોને ડિઝાઇન સ્ટોર સુધી પહોંચની સુવિધા પ્રદાન કરવા માટે કાપડ મંત્રાલય વધુ 10 ડિઝાઇન રિસોર્સ સેન્ટર સ્થાપિત કરવા જઈ રહ્યું છે. આ કેન્દ્ર નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન એન્ડ ટેકનોલોજી (NIFT) ની મદદથી સ્થાપવામાં આવશે. આ સેન્ટર કોલકતા, ચેન્નાઇ, બેંગલુરુ, હૈદરાબાદ, કન્નુર, ઈન્દોર, નાગપુર, મેરઠ, ભાગલપુર અને પાણીપત સ્થિત વણકર સેવા કેન્દ્રોમાં સ્થાપવામાં આવી રહ્યા છે.



# ભારત વિશ્વનું બીજું આકર્ષક મેન્યુફેક્ચરિંગ હબ બન્યું



ગયા વર્ષે કોવિડ સમયમાં ભારતનું અર્થતંત્ર નકારાત્મક સ્તર સુધી નીચે જતું રહ્યું હતું, ત્યારે ઘણાં લોકોએ સવાલ ઉઠાવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એ વખતે આત્મનિર્ભર ભારતનો સંકલ્પ રજૂ કર્યો હતો. આ જ માર્ગે ચાલીને ભારત આર્થિક સંકટમાંથી બહાર આવ્યું એટલું જ નહીં, પણ મેન્યુફેક્ચરિંગ જેવા મહત્વના નવા વિક્રમ સર્જી રહ્યું છે. રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ કુશમેન એન્ડ વેકફીલ્ડે તાજેતરમાં જ પ્રસિધ્ધ કરેલા અહેવાલ ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ રિસ્ક ઈન્ડેક્સ અનુસાર ભારત ચીન પછી વિશ્વના બીજા નંબરનું પસંદગીનું મેન્યુફેક્ચરિંગ હબ બની ગયું છે. ભારતે આ મામલામાં અમેરિકાને પણ પાછળ છોડી દીધું છે. અહેવાલ પ્રમાણે, ઉત્પાદકો અમેરિકા અને એશિયા-પેસિફિક ક્ષેત્રની સરખામણીમાં ભારતમાં વધુ રસ બતાવી રહ્યા છે. ભારતમાં કામકાજની સાનુકુળ સ્થિતિ અને ખર્ચ કાર્યક્ષમતાને કારણે મેન્યુફેક્ચરિંગ હબ તરીકે આકર્ષણ વધ્યું છે. મેક ઇન ઇન્ડિયા જેવી પહેલને કારણે ભારત વૈશ્વિક ડિઝાઇનું મેન્યુફેક્ચરિંગ હબ બની રહ્યું છે, તો આત્મનિર્ભર ભારત જેવા મહાઅભિયાન અને પર્ફોમન્સ લિન્ક્ડ ઈન્સેન્ટિવ (PLI) જેવી યોજનાઓએ ભારતમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે પ્રોત્સાહન પુરું પાડ્યું છે.

# સ્થાનિક ઉત્પાદનો માટે વારાણસી આશીર્વાદ સમાન




આશરે ત્રણ વર્ષ પહેલાં કોલકતાથી પ્રથમ કન્ટેનર ગંગા નદીના માર્ગે વારાણસી પહોંચ્યું હતું. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં ગંગાના માર્ગે આ પ્રથમ પરિવહન હતું, એટલું જ નહીં પણ જળમાર્ગના રસ્તે નવા ભારતની સંભાવનાઓનું એ દ્વાર હતું, જે સાત દાયકાઓની ઉપેક્ષાને કારણે બંધ હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, “એક જમાનો હતો, જ્યારે આપણા દેશની મોટી મોટી નદીઓમાં વહાણ ચાલતા હતા, પણ આઝાદી પછી તેનાં પર ધ્યાન આપવાને બદલે તેની ઉપેક્ષા કરવામાં આવી. અમે આ અન્યાયનો અંત લાવીએ છીએ.” વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ તરીકે શરૂ કરવામાં આવેલા વારાણસી પોર્ટના પરિણામે વારાણસી અને આસપાસના વિસ્તારોમાંથી હવે રમકડાં, સ્થાનિક હસ્તકળાની ચીજો જળમાર્ગ દ્વારા ઓછા સમય અને ખર્ચે પહોંચી રહ્યા છે. તેનાથી સ્થાનિક વેપાર અને રોજગારમાં સંભાવનાઓના નવા દ્વાર પણ ખૂલ્યા છે. વર્તમાન સમયમાં, જળમાર્ગ-1 દ્વારા કોલકતા, ઝારખંડ, બિહાર અને ઉત્તરપ્રદેશ એકબીજા સાથે જોડાયેલા છે. જળમાર્ગો દ્વારા વિકાસ કરવાની વડાપ્રધાનની આ યોજનાનાં પરિણામે આજે ભારતમાં જળમાર્ગોની સંખ્યા વધીને 111 થઈ ગઈ છે, જે 2014 સુધી માત્ર પાંચ હતી.

# ઇ-સંજીવનીનો રેકોર્ડઃ એક કરોડથી વધુ લોકોને સેવા આપી

કોવિડકાળમાં જ્યારે દર્દીઓ સામાન્ય બિમારીઓમાં દવાખાનામાં જતા ડરતા હતા, ત્યારે ‘આયુષ્યમાન ભારત’ અંતર્ગત શરૂ કરવામાં આવેલી ટેલી-કન્સલ્ટેશન સર્વિસ ઇ-સંજીવનીએ લોકોને ઘેર બેઠાં ડોક્ટરનો સંપર્ક કરવાની સુવિધા આપી. તેનાં દ્વારા અત્યાર સુધી એક કરોડથી વધુ લોકોને કન્સલ્ટન્સી સેવા પૂરી પાડવામાં આવી છે. મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, ઈ-સંજીવની સુવિધા દ્વારા રોજ 75,000 દર્દીઓને સેવા પૂરી પાડવામાં આવી રહી છે. છેલ્લાં 10 મહિનામાં આ સુવિધામાં 1000 ટકાથી વધુની વૃદ્ધિ થઈ છે. સપ્ટેમ્બર, 2020માં 1,60,807 ટેલિ-કન્સલ્ટન્સી સેવા આપવામાં આવી હતી, જ્યારે જુલાઈ 2021માં તેની સંખ્યા વધીને 16,50,822 થઈ હતી. દેશના 701 જિલ્લામાં આ સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. તેનો લાભ લેનારમાં 56 ટકા મહિલાઓ, 0.5 ટકા લોકો 80 વર્ષથી ઉપરની વયના અને 18 ટકા દર્દી 20 વર્ષથી ઉપરની વયના છે. ●

## તમે પણ લાભ લઈ શકો છો

ઈ-સંજીવની સેવાનો લાભ લેવા માટે તમારે ગુગલ પ્લે સ્ટોર પર જઈને ઇ-સંજીવની એપ ડાઉનલોડ કરવાની રહેશે. એ પછી તેમાં ત્રણ વિકલ્પ દેખાશે. પ્રથમ-દર્દીનું રજીસ્ટ્રેશન અને ટોકન, બીજો-લોગ ઇન અને ત્રીજો-પ્રિસ્ક્રિપ્શન. આ એપ પર રજીસ્ટ્રેશન અને ટોકન મેળવીને મોબાઈલ નંબર નાખવાનો રહેશે. તમારા મોબાઈલ પર એક ઓટીપી આવશે. ઓટીપી નાખીને તમે ફોર્મ ભરી શકો છો. ઇ-સંજીવની બે રીતે ટેલિ મેડિસિન કન્સલ્ટન્સી ઉપલબ્ધ કરાવે છે. તેમાં એક કન્સલ્ટન્સી ડોક્ટરની ડોક્ટર સાથે અને બીજી દર્દીની ડોક્ટર સાથે હોય છે.

# અંત્યોદયના પ્રણેતા



**જન્મ: 25 સપ્ટેમ્બર 1916 મૃત્યુ: 11 ફેબ્રુઆરી 1968**

**કહેવાય છે કે કેટલાંક લોકો મહાન પેદા થાય છે, કેટલાંક લોકો મહાનતા પ્રાપ્ત કરે છે અને કેટલાંક લોકો પર મહાનતા ઠોકી બેસાડવામાં આવે છે. પંડિત દિનદયાલ ઉપાધ્યાય એવા મહાપુરુષ હતા, જેમણે મહાનતા પ્રાપ્ત કરી હતી. એકાત્મ માનવવાદ અને અંત્યોદયના જે માર્ગ પર ચાલીને વર્તમાન કેન્દ્ર સરકાર દેશનાં દરેક વર્ગનું સપનું સાકાર કરીને આત્મનિર્ભર ભારત તરફ ડગલાં માંડી રહી છે, તેના પ્રણેતા પંડિત દિનદયાલ ઉપાધ્યાય જ હતા. એક એવા યુગદ્રષ્ટા જેમણે વાવેલા વિચારો અને સિધ્ધાંતોના બીજ રાષ્ટ્રના પુનર્નિર્માણના રૂપમાં અંકુરિત થઈ રહ્યા છે.**

"સમાજના અંતિમ છેડે બેઠેલો વ્યક્તિ, દલિત હોય, પિડીત હોય, શોષિત હોય, વંચિત હોય, ગામ હોય, ગરીબ હોય કે ખેડૂત હોય.. સૌ પ્રથમ તેનો ઉદય થવો જોઇએ. રાષ્ટ્રને સશક્ત અને સ્વાવલંબી બનાવવા માટે સમાજના અંતિમ છેડે બેઠેલા આ લોકોનો સામાજિક, આર્થિક વિકાસ કરવો પડશે." પંડિત દિનદયાલ ઉપાધ્યાયનો આ વિચાર અંત્યોદયના મૂળનું જનક છે. આ માર્ગ પર ચાલીને 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસના મૂળમંત્ર'નો ઉદય થયો છે. પંડિત દિનદયાલ ઉપાધ્યાયનો જન્મ 25 સપ્ટેમ્બર, 1916નાં રોજ ચુન્નીલાલ શુક્લને ત્યાં થયો હતો. ભારતીય સામાજિક પરંપરા પ્રમાણે પ્રથમ પ્રસૂતિ મહિલાના પિયરમાં થાય છે. તેથી દિનદયાલ ઉપાધ્યાયનો જન્મ રાજસ્થાનના ધનકિયા ગામમાં તેમના નાનાના ઘરે થયો હતો. પણ તેમનું પૈતૃક ગામ ઉત્તરપ્રદેશના મથુરા જિલ્લાનું નાંગલા ચંદ્રભાન છે.

પંડિતજીના પિતા ભગવતીપ્રસાદ ઉપાધ્યાય વ્રજ મથુરામાં જલેસર રેલવે માર્ગ પર એક સ્ટેશનમાં સ્ટેશન માસ્ટર હતા. દીનદયાલનું બાળપણ ખૂબ મુશ્કેલીમાં વીત્યું. તેઓ ત્રણ વર્ષના હતા ત્યારે પિતાની છત્રછાયા ગુમાવી. સાત વર્ષના હતા ત્યારે માતા રામપ્યારીનું પણ અવસાન થઈ ગયું. બાળપણમાં માતા-પિતાના પ્રેમની બહુ જરૂર હોય છે, પણ એ જ સમયે પંડિતજી પિતાના આશરા અને માતાની મમતાથી વંચિત રહી ગયા. પંડિતજી નાનપણથી જ કુશાગ્ર બુધ્ધિ ધરાવતા હતા. તેમણે સીકરની કલ્યાણ હાઈસ્કુલમાંથી મેટ્રીકની પરીક્ષા ફર્સ્ટ ક્લાસમાં પાસ કરી. તેમને અજમેર બોર્ડ અને સ્કુલ બંનેમાંથી સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો. બે વર્ષ પછી બિરલા કોલેજ, પિલાનીથી હાયર સેકન્ડરી પરીક્ષા ફર્સ્ટ ક્લાસમાં પાસ કરી. આ વખતે પણ તેમને બે સુવર્ણ ચંદ્રક મળ્યા. 1939માં તેમણે સનાતન ધર્મ કોલેજ, કાનપુરથી ગણિતના વિષય સાથે બીએની પરીક્ષા ફર્સ્ટ ક્લાસમાં પાસ કરી. અહીં તેમની મુલાકાત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના કાર્યકર્તાઓ સાથે થઈ. સંઘના કાર્યકર્તાઓના તપસ્વી જીવનથી પ્રભાવિત થઈને તેમનાં મનમાં પણ દેશસેવાનો વિચાર આવ્યો. પંડિતજીએ આગ્રાની સેન્ટ જોન્સ કોલેજમાં એમએમાં એડમિશન લીધું, પણ કોઈક કારણસર અધવચ્ચેથી અભ્યાસ છોડવો પડ્યો. આ દરમિયાન

## પંડિત દિનદયાલ ઉપાધ્યાય રાજકીય નેતા, સંગઠનના શિલ્પી, કુશળ વક્તા, સમાજચિંતક, અર્થચિંતક, શિક્ષાવિદ, લેખક અને પત્રકાર જેવી બહુમુખી પ્રતિભા ધરાવતા હતા.



તેમણે નક્કી કર્યું કે તેઓ નોકરી નહીં કરે. તેમણે રાષ્ટ્રીય જાગૃતિ અને રાષ્ટ્રીય એકતા માટે કટિબધ્ધ આરએસએસના કાર્યો માટે પોતાનું જીવન અર્પિત કર્યું. 1951 સુધી સંઘમાં વિવિધ હોદ્દાઓ પર રહીને સામાજિક ચેતનાનું કાર્ય કરતા રહ્યા. 1951માં જનસંઘની સ્થાપનાથી જ તેઓ સેવા કરતા રહ્યા. ડોક્ટર શ્યામાપ્રસાદ મુખર્જી તેમની સંગઠન ક્ષમતાથી એટલાં પ્રભાવિત થયા કે કાનપુર અધિવેશન બાદ તેમણે કહ્યું કે, જો મારી પાસે બીજા બે દિનદયાલ હોત તો હું ભારતનું રાજકીય રૂપ બદલી નાખત. કમનસીબે, 1953માં ડોક્ટર શ્યામાપ્રસાદનું અવસાન થયું.

ડો. મુખરજીનાં મૃત્યુ બાદ ભારતનું રાજકીય સ્વરૂપ બદલવાની જવાબદારી પંડિત દિનદયાલના શિરે આવી. તેમણે આ કાર્ય એટલું ચૂપચાપ અને વિશેષ રીતે કર્યું કે 1967ની સામાન્ય ચૂંટણીનાં પરિણામ આવ્યા ત્યારે લોકો આશ્ચર્યચકિત થઈ ગયો. વોટની ટકાવારીના સંદર્ભમાં જનસંઘ રાજકીય પક્ષોમાં બીજા ક્રમે પહોંચી ગયો. દિનદયાલ મહાન નેતા બની ગયા છતાં સાદાઈથી રહેતા હતા. તેઓ પોતાનાં કપડાં જાતે ધોતા હતા. તેઓ સ્વદેશી અંગેની વાતો નહોતા કરતા પણ ક્યારેય વિદેશી વસ્તુ ખરીદતા નહોતા.

સ્વતંત્રતા આંદોલન દરમિયાન અનેક નેતાઓએ રાષ્ટ્રભક્તિનો જુસ્સો પેદા કરવા પત્રકારત્વનો ઉપયોગ કર્યો. આવા નેતાઓમાં પંડિત દિનદયાલ ઉપાધ્યાયનું નામ પણ સામેલ છે. પંડિત દિનદયાલ રાજકારણમાં સક્રિયા હોવાની સાથે સાથે સાહિત્ય સાથે પણ સંકળાયેલા હતા. હિન્દી અને અંગ્રેજીમાં તેમના લેખ વિવિધ અખબારો અને સામયિકોમાં પ્રકાશિત થતા હતા. તેમનાં બૌધ્ધિક સામર્થ્યને સમજવા એક ઉદાહરણ પૂરતું છે. તેમણે એક જ બેઠકમાં (સતત 16 કલાક બેસીને) લઘુ નવલકથા 'ચંદ્રગુપ્ત મૌર્ય' લખી નાખી હતી. દિનદયાલજીએ લખનૌમાં રાષ્ટ્રધર્મ પ્રકાશનની સ્થાપના કરી અને રાષ્ટ્રવાદી વિચારોને ફેલાવવા માટે માસિક મેગેઝીન 'રાષ્ટ્રધર્મ'ની શરૂઆત કરી. બાદમાં તેમણે, 'પાંચજન્ય' (સાપ્તાહિક) અને 'સ્વદેશ' (દૈનિક) ની પણ શરૂઆત કરી. તેઓ ઉચ્ચ કક્ષાના પત્રકાર હતા. 11 ફેબ્રુઆરી, 1968નાં રોજ મુગલસરાય રેલવે સ્ટેશનના યાર્ડમાં તેમનું શબ મળતાં સમગ્ર દેશમાં શોક અને આઘાતનું મોજું ફરી વળ્યું. પંડિત દિનદયાલની શંકાસ્પદ સ્થિતિમાં થયેલી હત્યાનું રહસ્ય હજુ સુધી ઉકેલાયું નથી. પંડિત દિનદયાલ ઉપાધ્યાય ભારતીય લોકશાહીના એ ઘડવૈયાઓમાંના એક છે જેમણે તેનાં ઉદાર અને ભારતીય સ્વરૂપને આકાર આપ્યો હતો. તેમણે સત્તા મેળવવા માટે રાજકારણમાં પ્રવેશ નહોતો કર્યો. સાદગીભર્યું જીવન જીવનારા આ મહાપુરુષમાં રાજકારણ, સંગઠન, શિલ્પી, કુશળ વક્તા, સમાજચિંતક, અર્થચિંતક, શિક્ષાવિદ, લેખક અને પત્રકાર સહિતની અનેક પ્રતિભાઓ સમાવિષ્ટ હતી. જૂજ લોકો આવી બહુમુખી પ્રતિભા ધરાવતા હોય છે. પંડિત દિનદયાલ ઉપાધ્યાયના રાજકીય વ્યક્તિત્વને બધાં બહુ સારી રીતે જાણે છે. તેમણે જનસંઘનું કુશળ નેતૃત્વ કર્યું, તેનાં સિધ્ધાંત ઘડ્યા અને રાજકારણમાં શુધ્ધતાના નવા ઉદાહરણ પ્રસ્થાપિત કર્યા. ●

> **"દિનદયાલ ઉપાધ્યાયે આપણને અંત્યોદયનો માર્ગ ચિંધ્યો હતો. એટલે કે સમાજના છેવાડે ઊભેલા માણસનો ઉદય કરવો. 21મી સદીનું ભારત આ જ વિચારમાંથી પ્રેરણા લઈને અંત્યોદય માટે કામ કરી રહ્યું છે. જે વિકાસના અંતિમ પગથિયા પર છે, તેને પ્રથમ પગથિયા પર લાવવા માટેનું કામ થઈ રહ્યું છે**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# સાંકેતિક ભાષા હવે બની રહ્યાં છે સશક્ત હસ્તાક્ષર



**જે લોકો બોલી કે સાંભળી નથી શકતા તેઓ હાથ, ચહેરો કે શરીરના હાવભાવથી પોતાના મનોભાવ અભિવ્યક્ત કરે છે, જેને સાંકેતિક ભાષા (સાઇન લેંગ્વેજ) કહેવામાં આવે છે. સમાજના વિકાસની ધારામાં આ લોકો પાછળ ન રહી જાય તે માટે ભારતમાં પ્રથમ વાર સાંકેતિક ભાષાનો કોમન શબ્દકોષ બનાવવામાં આવ્યો, તો નવી શિક્ષણ નીતિ અંતર્ગત તેને સત્તાવાર વિષયનો દરજ્જો પણ આપવામાં આવ્યો...**

“આત્મવિશ્વાસ સાથે કપરાં પડકારોનો સામનો કરીને અને સકારાત્મક વિચારો સાથે અવરોધોને દૂર કરવાથી વ્યક્તિ જીવનમાં નવી ઊંચાઇઓને સ્પર્શે છે.” આ વાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક મૂક-બધિર ( બહેરા મુંગા) પેન્ટરને લખેલા પત્રમાં કહી હતી, જેણે તેમને પોતાની એક કૃતિ મોકલી હતી. જયપુરના અજય ગર્ગ બાળપણમાં એક દુર્ઘટનામાં મૂક-બધિર થઈ ગયા. આવી સ્થિતિમાં ઘણી વાર માણસ ભાંગી પડે છે. પણ દિવ્યાંગતા છતાં અજય હિંમત ન હાર્યા અને પોતાની નબળાઈઓને પોતાની તાકાત બનાવી. ગર્ગે સમર્પણ, પરિશ્રમ અને સતત પ્રેક્ટીસ દ્વારા પેન્ટિંગમાં કુશળતા હાંસલ કરી. આજે દેશ જ નહીં, વિદેશોમાં પણ તેમની કલાકૃતિઓનાં અનેક પ્રદર્શનનું આયોજન થાય છે. તેઓ મૂક-બધિર બાળકોને પેન્ટિંગની નિઃશુલ્ક તાલીમ પણ આપે છે. વડાપ્રધાન મોદીએ ગર્ગને લખેલા પત્રમાં કહ્યું હતું, “તમારું જીવન એવા અનેક લોકો માટે પ્રેરણાસ્ત્રોત છે, જેમણે પોતાની જીંદગીમાં ક્યારેક ને ક્યારેક મુશ્કેલીઓ અને અવરોધોનો સામનો કર્યો છે.”

ગર્ગ આજે જે સ્થાન પર છે ત્યાં સુધી પહોંચવા માટે ધગશ, મિત્રોનો ભરોસો અને મદદની જરૂર પડે છે. 2011ની વસતિ ગણતરી પ્રમાણે ભારતમાં આશરે 50 લાખ લોકો એવા છે જેઓ બોલી કે સાંભળી શકતા નથી અથવા તો તેમની શ્રવણ શક્તિ નબળી છે. 2016માં ઈન્ડિયન સાઈન લેંગ્વેજ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ સેન્ટરની સ્થાપના સાથે મૂક-બધિરોની મદદની દિશામાં શરૂઆત થઈ. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય અંતર્ગત સ્થપાયેલા આ સેન્ટર દ્વારા સાંકેતિક ભાષાના વ્યાખ્યાકારોને તાલીમ, રિસર્ચ અને ડેવલપમેન્ટ તથા નવી ટેકનોલોજી પર ખાસ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે, જેથી 50 લાખથી વધુ લોકોને અભ્યાસ, કામકાજનાં સ્થળ અને જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં સમાન તકો પૂરી પાડી શકાય. કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય મૂક-બધિરોના કલ્યાણ માટે કામ કરનાર બિનસરકારી સંગઠનોને પણ પંડિત દિનદયાલ ઉપાધ્યાય યોજના અંતર્ગત સહાય પૂરી પાડે છે. દિવ્યાંગજન અધિકાર અધિનિયમ 2016 અંતર્ગત પણ મૂક બધિરોને અગાઉની સરખામણીમાં વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

5 વર્ષથી ઓછી ઉંમરના અને રૂ. 15,000થી ઓછી માસિક આવક ધરાવતા પરિવારના બાળકને કોકલિયર ઇમ્પ્લાન્ટ કરવાની



# વિશ્વ સાંકેતિક ભાષા દિવસ મનાવવા પાછળનું કારણ...

વિશ્વ મૂક ફેડરેશનના જણાવ્યા અનુસાર વિશ્વમાં લગભગ 7.20 કરોડ લોકો બધિર છે. તેમાંથી 80 ટકા લોકો વિકાસશીલ દેશોમાં રહે છે. તેઓ વિવિધ પ્રકારની 300 સાંકેતિક ભાષાઓનો ઉપયોગ કરે છે. જેમને સંભળાતું નથી અથવા તો સાંભળવાની શક્તિ નબળી છે તેમના માટે સાંકેતિક ભાષા જ સંદેશાવ્યવહારનું એક માત્ર માધ્યમ છે. અન્ય ભાષાની જેમ સાંકેતિક ભાષાનાં પણ પોતાનાં વ્યાકરણ અને નિયમો છે. સાંકેતિક ભાષા બધિર વ્યક્તિઓનાં વિકાસ માટે મહત્વપૂર્ણ છે. તેને મૂક-બધિર લોકોની માતૃભાષા પણ કહેવામાં આવે છે. 23 સપ્ટેમ્બર, 1951નાં રોજ વિશ્વ મૂક ફેડરેશનની સ્થાપના થઈ હતી. 2018થી દર વર્ષે આ દિવસને આંતરરાષ્ટ્રીય સાઇન લેંગ્વેજ દિવસ તરીકે મનાવવામાં આવે છે. તેનો હેતુ સાંકેતિક ભાષા અંગે જાગૃતિ ફેલાવવાનો છે.



જરૂર હોય તો તેનો તમામ ખર્ચ કેન્દ્ર સરકાર ઉપાડે છે. આવા બાળકોને બે વર્ષ સુધી સ્પીચ થેરપી પણ નિઃશુલ્ક ઉપલબ્ધ કરવામાં આવે છે. આવા લોકોના કૌશલ્ય વિકાસ માટે તાલીમની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

## સાંકેતિક ભાષામાં દેશની પ્રથમ ડિક્શનરી

ભારતમાં લગભગ 100 વર્ષથી સાઇન લેંગ્વેજનો ઉપયોગ થઈ રહ્યો છે. દેશના અલગ અલગ વિસ્તારોમાં 'સાઇન' દ્વારા એક જ વાત કહેવાની પધ્ધતિ અલગ અલગ છે. જેમ કે, દક્ષિણ ભારતમાં મુઠ્ઠી બંધ કરીને બંને હાથને એકની ઉપર એક મૂકવામાં આવે તો તેને લગ્નનો સંકેત માનવામાં આવે છે. પણ આ જ સાઇનને ઉત્તર ભારતના કેટલાંક ભાગોમાં જેલનો સંકેત માનવામાં આવે છે. આ વિરોધાભાસને કારણે એક એવા શબ્દકોશની જરૂર હતી જે ભાષા અને પ્રાદેશિકતા વચ્ચે સેતુનું કામ કરી શકે. ઇન્ડિયન સાઇન લેંગ્વેજ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ સેન્ટરે તેનાં પર રિસર્ચ કરીને ભારતની પ્રથમ સાંકેતિક ભાષાનો શબ્દકોશ બનાવ્યો છે. ત્રણ આવૃત્તિમાં તૈયાર કરવામાં આવેલા આ શબ્દકોશમાં આશરે 10,000 શબ્દ સામેલ કરવામાં આવ્યા છે. 3,000 શબ્દો સાથેની પ્રથમ આવૃત્તિ 23 માર્ચ, 2018નાં રોજ, 6,000 શબ્દો સાથે (પ્રથમ આવૃત્તિના 3,000 શબ્દો સહિત)ની બીજી આવૃત્તિ 27 ફેબ્રુઆરી, 2019નાં રોજ અને ત્રીજી આવૃત્તિ 17 ફેબ્રુઆરી, 2021નાં રોજ પ્રસિધ્ધ કરવામાં આવી હતી. આ શબ્દકોશમાં વિડિયોમાં સંકેત, સંકેતો માટે અંગ્રેજી શબ્દ અને પ્રાસંગિક ચિત્ર પણ સામેલ છે. શબ્દકોશમાં દેશના વિવિધ ભાગોમાં ઉપયોગમાં લેવાતા પ્રાદેશિક સંકેતોને પણ સામેલ કરવામાં આવ્યા છે.

## સાંકેતિક ભાષાને પ્રથમ વાર વિષયનો દરજ્જો

ભારતમાં સાંકેતિક ભાષાને વિષયનો દરજ્જો મળ્યો હોય તેવું પ્રથમ વાર બન્યું છે. 34 વર્ષ પછી આવેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને એક વર્ષ પૂરું થવા પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, "હવે વિદ્યાર્થીઓ તેને એક ભાષા તરીકે પણ ભણી શકશે. તેનાથી ભારતીય સાંકેતિક ભાષાઓને મોટું પ્રોત્સાહન મળશે. આપણા દિવ્યાંગ સાથીઓને ઘણી મદદ મળશે." NCERT અને ઇન્ડિયન સાઇન લેંગ્વેજ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ સેન્ટર વચ્ચે થયેલી સમજૂતિ પ્રમાણે હિન્દી-અંગ્રેજી માધ્યમનાં ધોરણ 1થી 12 સુધીનાં તમામ NCERT પુસ્તકો, શિક્ષકોના પુસ્તકો અને અન્ય પૂરક પાઠ્યપુસ્તકો અને સંસાધનોને ભારતની સાંકેતિક ભાષામાં પરિવર્તિત કરવામાં આવી કહી છે. આ પહેલથી એ તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને લાભ થશે, જેઓ સાંભળી શકતા નથી, અથવા તો ઓછું સાંભળે છે. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં સરળતા માટે વિડિયો સામગ્રી પણ જારી કરવામાં આવી છે. સરકારની એ ફરજ છે કે દરેક વ્યક્તિનું ભલું થાય, દરેક વ્યક્તિને ન્યાય મળે. આ જ વિચાર સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસના મંત્રનો આધાર પણ છે. પછી એ વરિષ્ઠ નાગરિક હોય, મહિલા હોય, વિદ્યાર્થી હોય, આદિવાસી હોય, પીડિત, શોષિત, વંચિત કે પછી દિવ્યાંગજન હોય. સમાજના જે વર્ગોનાં હિતોનું ધ્યાન આઝાદી પછીના 70 વર્ષમાં પણ ન રાખવામાં આવ્યું તેમનાં માટે 2014 બાદ કેન્દ્ર સરકારે વિશેષ પ્રયાસ કર્યા છે. કૌશલ્ય તાલીમથી લઈને નોકરીઓમાં અનામત ત્રણ ટકાથી વધારીને ચાર ટકા કરવાનું હોય, કે પછી સમાજની મુખ્ય ધારામાં જોડવા માટે ટ્રેઇનિંગ, અભ્યાસ, રિસર્ચ, મેડિકલ સુવિધાઓ પૂરી પાડવાની હોય. સમાજના તમામ વર્ગની જેમ મૂક-બધિર પણ કેન્દ્ર સરકારની પ્રાથમિકતામાં સામેલ છે. ●



# નવા ભારતમાં નવી પરંપરાનો ઉદય થઈ રહ્યો છે

શું તમે ક્યારેય વિચાર્યું હતું કે વડાપ્રધાન તેમના ભાષણમાં દેશમાં શૌચાલય બનાવવાનો ઉલ્લેખ કરશે? અથવા તો ભારતમાં એવા ગુમનામ નાયકોને પણ પદ્મ સન્માન મળી શકે, જેમનું કામ તેમના નામ કરતાં ખરેખર મોટું છે?

**2014માં માત્ર દેશનાં જનમાનસમાં જ પરિવર્તન નહોતું આવ્યું. આ પરિવર્તન પરંપરાઓનું પણ હતું. નવી સરકારની સ્થાપના સાથે પ્રથમ વાર લોકકલ્યાણના કામોમાં લોકભાગીદારીને પણ મહત્વ આપવામાં આવ્યું. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી કરેલા સંબોધનમાં એવા અનેક કાર્યોનો ઉલ્લેખ કર્યો જે બહુ પહેલાં થઈ જવા જોઈતા હતા, પણ તેનાં વિષે ક્યારેય વિચારવામાં જ નહોતું આવ્યું. હવે નિયતિના ભરોસે નહીં, નીતિઓમાં મોટા પરિવર્તન દ્વારા વિકાસની નવી પરંપરા સ્થપાઈ રહી છે...**



"તમને લાગતું હશે કે લાલ કિલ્લા પરથી સફાઈની શું વાત કરવી, લાલ કિલ્લા પરથી ટોઇલેટની વાત કરવી, આ કેવો વડાપ્રધાન છે? હું નથી જાણતો કે મારી કેવી ટીકા થશે, પણ હું મનથી માનું છું કે હું ગરીબ પરિવારમાંથી આવ્યો છું અને ગરીબને સન્માન મળે તેની શરૂઆત અહીંથી જ થાય છે. "

"આવો આપણે "ગિવ ઇટ અપ" આંદોલન સાથે જોડાઇએ, આપણે ગેસ સબસિડીને છોડી દઇએ, સામેથી ઓફર કરીએ. હું આપને વિશ્વાસ અપાવું છું કે જે સબસિડી તમે છોડી દેશો તેને અમે ગરીબો સુધી પહોંચાડીશું. તે ગરીબોને કામમાં આવશે. સરકારનો ઇરાદો સબસિડી બચાવીને તિજોરી ભરવાનો નથી. મને કહો કે આ સેવા નથી તો શું છે? "

"હવે અમે બજેટ એક મહિનો વહેલું કરી દીધું છે. એક મહિના વહેલું કરવાનો અર્થ એ છે કે મારે દેશના અર્થતંત્રને એક મહિના પહેલા દોડાવવું છે. એટલું જ નહીં, બજેટ બાદ હિતધારકો સાથે સંવાદની આટલી મોટી પહેલ તેનાથી પણ વધુ પરિણામકારક સાબિત થશે. "

" આપણા દેશમાં સરકારોનું મૂલ્યાંકન, સરકારની શક્તિનું આકલન. સરકારના પર્ફોમન્સની વાતો વગેરે કઇ સરકાર કેટલી મોટી જાહેરાત કરે છે તેની આસપાસ જ રહી છે. પણ, પ્રથમ વાર આ માપદંડ બદલાઈ રહ્યા છે, માન્યતા બદલાઈ છે. અમારી સરકારનું મૂલ્યાંકન તેની ડિલિવરી સિસ્ટમથી થઈ રહ્યું છે. "

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

નવા ભારતનું આ શિલારોપણ છે. સ્વતંત્રતા દિવસે સંકલ્પ લઈને આગામી 25 વર્ષ માટે અમૃતકાળની શરૂઆત હોય, કે લાલ કિલ્લા પરથી સ્વચ્છતા અને સેનિટરી પેડનો ઉલ્લેખ કરીને જાગૃતિને આંદોલન બનાવવાનું હોય, સામાન્ય બજેટને નવી દિશા આપવાની હોય કે 'પ્રગતિ' જેવા ફોરમ દ્વારા દાયકાઓથી પેન્ડિંગ પ્રોજેક્ટ્સને ગતિ આપવાની હોય, યુવાન વિદ્યાર્થીઓ, ખેલાડીઓ, લાભાર્થીઓ સાથે સીધો સંવાદ, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ દ્વારા ઈઝ ઓફ લિવિંગની વાત હોય કે ઉપેક્ષિત મહાપુરુષોને યોગ્ય સન્માન આપવાનું હોય, અમલદારશાહીને કામે લગાડીને છેવાડાના માનવી સુધી લાભ પહોંચાડવાનો હોય કે પછી વહીવટી સુધારા માટે મિશન કર્મયોગી અને મંત્રાલયો- વિભાગો વચ્ચે સંતુલનની પહેલ હોય, દાયકાઓના અંતરને દૂર કરીને 'એક દેશ-એક ટેક્સ' (GST) સ્વરૂપમાં અર્થતંત્રમાં ક્રાંતિ હોય કે પછી જમ્મુ-કાશમીરમાંથી કલમ 370ની નાબૂદી. અશક્ય અથવા નાનું કામ માનીને કુદરતના ભરોસે છોડી દેવામાં આવેલા

## આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલ અભિયાન માત્ર એક આહવાનથી જન આંદોલન બની ગયા

કામો હવે સાકાર થઈ રહ્યા છે. સરકારની અસાધારણ પહેલ નવા ભારતના પરિવર્તનની પટકથા તૈયાર કરી રહી છે, જેથી 2047માં દેશ આઝાદીની 100મી વર્ષગાંઠ મનાવતો હશે ત્યારે આ જ સંકલ્પોની સિધ્ધિ તેને વિશ્વના શક્તિશાળી દેશોમાં સામેલ કરી શકે. દેશમાં અનેક સરકારો આવી અને ગઈ, પણ આવું પ્રથમ વાર શક્ય બની રહ્યું છે કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વ્યક્તિત્વનો આ સૌથી મોટો ગુણ છે કે તેઓ દૈનિક કાર્યોને પણ ભાવનાત્મક ઊર્જાથી ભરી દે છે. જેવી રીતે સ્વતંત્રતા આંદોલન સમયે લોકમાન્ય બાળ



અમૃતકાળ

# આઝાદીનો નવો સંકલ્પ

**સ્વતંત્રતા દિવસ**
15 ઓગસ્ટ હવે માત્ર તારીખ નથી, નવા ભારતનો સંકલ્પ છે

લાલ કિલ્લા પરથી હવે માત્ર જાહેરાતો નથી થતી, સંકલ્પ કઈ રીતે જન આંદોલન બનીને સાકાર થાય છે તેનો અધ્યાય લખવામાં આવે છે



- 75મા વર્ષને અમૃત મહોત્સવ નામ આપવામાં આવ્યું છે. વિશેષ કમિટી બનાવીને આયોજન
- ગુમનામ નાયકોની કહાની લખવા માટે યુવાનોને પ્રેરણા આપી
- આગામી 25 વર્ષમાં ભારતને વિક્સિત દેશ બનાવવાનો સંકલ્પ
- લાલ કિલ્લા પરથી કરવામાં આવેલી તમામ જાહેરાતો પાયાના સ્તરે સાકાર
- રાષ્ટ્રગાનનો વિડિયો બનાવીને અપલોડ કરવાની પહેલ
- 30 વર્ષથી ઓછી ઉંમરના યુવાન લેખકો માટે 'યુવા યોજના'ની શરૂઆત
- આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલ જન આંદોલન બન્યા
- લાલ કિલ્લા પરથી શૌચાયલ અને સેનિટરી પેડની વાત કરીને સામાજિક નિષેધોને તોડવાની પહેલ



ગંગાધર તિળકે ગણેશ ચતુર્થીને લોક ચેતનાનું માધ્યમ બનાવી દીધું હતું. ભારતીય સ્વતંત્રતા સંગ્રામનાં પ્રથમ આંદોલન મનાતા 1857ના બળવામાં 'રોટલી અને કમળ' આઝાદીની લડાઈનું પ્રતીક બની ગયા હતા. એ સમયે એક પ્રચંડ સામૂહિક શક્તિએ આઝાદીની લડાઈમાં બળ પુરું પાડ્યું હતું. મહાત્મા ગાંધીએ ચરખા, ખાદી, મીઠાનો સત્યાગ્રહ અને અસહકારની ચળવળ દ્વારા દેશની જનતાને જગાડી અને આંદોલનમાં જોડી પણ ખરી. આઝાદીના એ આંદોલનોમાંથી પ્રેરણા લઈને જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમૃત મહોત્સવના વર્ષને સંકલ્પના સ્વરૂપમાં આગળ વધારી રહ્યા છે. મજબૂત નિર્ણય લેવાની તેમની દ્રઢ ઈચ્છાશક્તિના પરિણામે જ લાલ કિલ્લા પરથી કરવામાં આવેલી જાહેરાતો જમીન પર સાકાર થઈ રહી છે અને છેવાડાના માણસ સુધી લાભ પહોંચી રહ્યો છે.

કોઈ પણ સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે તેનાં નેતૃત્વ દ્વારા જનભાગીદારી દ્વારા લોક કલ્યાણની ભાવના હોવી જરૂરી છે.

> **પહેલાં મુકામની કમી નહોતી, નીયતની કમી હતી, પૈસાની કમી નહોતી, પેશનની કમી હતી, સોલ્યુશનની કમી નહોતી, સામર્થ્યની કમી નહોતી, વર્ક કલ્ચરની કમી હતી. કેટલાંક લોકો બહુ સરળતાથી કબીરદાસજીની એ ઉક્તિને તોડી મરોડીને મજાક બનાવી દે છે, જેમાં તેમણે કહેલું, 'કલ કરે સો આજ કર, આ જ કરે સો અબ. ' પણ જરા વિચારો કે આ ભાવ આપણાં વર્ક કલ્ચરમાં પહેલાં આવી ગયો હોત તો આજે દેશની તસવીર કેવી હોત. "** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

લોકભાગીદારી

# સ્વચ્છતા બન્યું રાષ્ટ્રનું મિશન



**આપણે 21મી સદીમાં જીવીએ છીએ. શું ક્યારેય આપણાં મનમાં પીડા થઈ કે આપણી મા-બહેનોને શૌચ માટે ખુલ્લામાં જવું પડે છે. તેમના શરીરને કેટલી પીડા થતી હશે? શું આપણી મા-બહેનોની આબરૂ માટે કમસે કમ શૌચાલયની વ્યવસ્થા પણ ન કરી શકીએ? "**

**વર્ષ 2014માં સ્વતંત્રતા દિવસના પ્રસંગે લાલ કિલ્લા પરથી વડાપ્રધાને આ શબ્દો સાથે દેશને એક સવાલ જ નહોતો પૂછ્યો, પણ મહાત્મા ગાંધીની 150મી જન્મજયંતીએ દેશ સમક્ષ સ્વચ્છ ભારતનું વિઝન રજૂ કરીને એક નવી પરંપરાનો પ્રારંભ પણ કર્યો.**

- પાંચ વર્ષમાં 55 કરોડથી વધુ લોકોએ ખુલ્લામાં શૌચની આદત છોડીને શૌચાલયનો ઉપયોગ શરૂ કર્યો. આ રીતે, ભારતે સંયુક્ત રાષ્ટ્રએ 'તમામને શૌચાલય'નું આપેલું લક્ષ્ય નિર્ધારિત સમય કરતાં 11 વર્ષ પહેલાં પુરું કરી લીધું.
- સ્વચ્છ ભારત મિશન ગ્રામીણની યાત્રા ચાલુ છે, જેનો હેતુ છે પ્રત્યેક ગામમાં ઘન અને પ્રવાહી કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા. આ માટે સરકારે પાંચ વર્ષ માટે રૂ. 1,40,881 કરોડની જોગવાઈ કરી છે.

**100 %**

**થઈ ચૂક્યું છે દેશમાં સ્વચ્છતાનું કવરેજ. 2014માં તે માત્ર 38.70 ટકા હતું**

**10.71**

**કરોડ ઘરોમાં શૌચાલયનું નિર્માણ થઈ ચૂક્યું છે 30 ઓગસ્ટ, 2021 સુધી**



દેશના મોટા ભાગના ગામડાં ખુલ્લામાં શૌચથી મુક્ત જાહેર થઈ ચૂક્યા છે

અગાઉ, લાલ કિલ્લા પરથી બીબાઢાળ રીતે ભાષણ થતું હતું. હવે તે રાષ્ટ્રને દિશા આપવાનું સશક્ત માધ્યમ બન્યું છે, કારણ કે લોકોનાં સૂચનો લઈને આ મંચ પરથી ક્રાંતિકારી યોજનાઓની જાહેરાત થાય છે. સ્વતંત્રતા દિવસને સંકલ્પનું સ્વરૂપ આપીને તેને એક-એક વ્યક્તિ સુધી પહોંચાડવાની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2014માં વડાપ્રધાન તરીકેનાં પોતાના પ્રથમ સંબોધનથી જ કરી હતી. તેમણે લાલ કિલ્લા પરથી સ્વચ્છતા અને દરેક ઘરમાં શૌચાલય બનાવવાનું બીડું ઝડપ્યું હતું. અગાઉ લોકો, લાલ કિલ્લા પરથી મોટી જાહેરાતોની રાહ જોતા હતા, પણ વડાપ્રધાન મોદીએ સ્વચ્છતાની વાત કરીને તેને સાચા અર્થમાં આંદોલન બનાવી દીધું. સામાજિક નિષેધોને તોડીને પ્રથમ વાર લાલ કિલ્લા પરથી કોઇ વડાપ્રધાને મહિલાઓ માટે જરૂરી સેનેટિરી પેડની વાત કરીને એ અનુભૂતિ કરાવી કે આ બદલાઈ રહેલું ભારત છે. 2 ઓક્ટોબર, 2014નાં રોજ ગાંધી જયંતિએ વડાપ્રધાન મોદીએ સમગ્ર દેશમાં

**SANDESH2SOLDIERS અભિયાન દ્વારા વડાપ્રધાને દિવાળીનાં દિવસે નાગરિકોને રાષ્ટ્રસેવા માટે સૈનિકોને ધન્યવાદ આપવા આહવાન કર્યું, જેને લોકોએ વધાવી લીધું**

સ્વચ્છતાને પ્રોત્સાહન માટે 'સ્વચ્છ ભારત મિશન'ની શરૂઆત કરી હતી. આ જન આંદોલનની વ્યાપક અસર થઈ. 2014માં દેશમાં સ્વચ્છતા કવરેજ 38 ટકા હતું, જે આજે વધીને 99 ટકા થઈ ગયું છે. અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ખુલ્લામાં શૌચમુક્ત (ODF) જાહેર કરવામાં આવ્યા છે. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) એ પણ સ્વચ્છ ભારત મિશનની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, તેનાથી ત્રણ લાખ લોકોનાં જીવ બચી શકે છે. માત્ર સ્વચ્છતા જ નહીં, સામાજિક નિસબત સાથે સંકળાયેલી યોજનાઓમાં પણ કેન્દ્ર



સુગમતા

# ઇઝ ઓફ લિવિંગ દ્વારા ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ

**ઉદ્યોગો પર દેશના વિશ્વાસનું પરિણામ એ આવ્યું કે વેપારમાં સરળતા (ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ) અને જીવન જીવવામાં સરળતા (ઇઝ ઓફ લિવિંગ)માં સુધારો થઈ રહ્યો છે. તેનું પરિણામ એ આવ્યું કે દેશના સંસાધનો પર હવે તમામનો હક સુનિશ્ચિત થઈ રહ્યો છે.**





- 80 કરોડથી વધુ લોકોને બે લાખ કરોડનાં ખર્ચે મફત રેશનકાર્ડ કોવિડકાળમાં
- 65.41 કરોડથી વધુ કોવિડ રસીના ડોઝ આપવામાં આવ્યા-'તમામને રસી-મફત રસી' અંતર્ગત
- 8 કરોડથી વધુ પરિવારોને મફતમાં રાંધણગેસ જોડાણ
- બે કરોડથી વધુ પરિવારોને પાકાં મકાન
- 2024 સુધી તમામ ગ્રામીણ પરિવારોને નળમાંથી જળની મફત સુવિધા અંતર્ગત 8 કરોડ પરિવારોને લાભ મળી ચૂક્યો છે

**43** કરોડથી વધુ જન-ધન ખાતા દ્વારા બેન્કિંગ અને સામાજિક સલામતી મળી

**2300** કરોડ રૂપિયાનો લાભ 23 લાખથી વધુ ફેરીયા-પાથરણાવાળાઓને સ્વનિધી યોજના અંતર્ગત

- 30,000 કરોડથી વધુ 20 કરોડ મહિલા જન-ધન ખાતાધારકોને કોવિડકાળમાં આપવામાં આવ્યા
- 11.4 કરોડથી વધુ ખેડૂત પરિવારોને રૂ. 1.5 લાખ કરોડથી વધુની સન્માન નિધિ
- 50 કરોડથી વધુ લોકોને પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા મળી PM-JAY આયુષ્યમાન ભારત અંતર્ગત

સરકારે પ્રથમ વાર લાભાર્થીઓને સીધા સહભાગી બનાવ્યા જેથી તેમને ભ્રષ્ટાચાર વગર લાભ પહોંચાડી શકાય. સરકારી યોજનાના લાભાર્થી સરકારની યોજનાઓના સૌથી મોટા દૂત હોય છે. તેથી, વડાપ્રધાને પોતાની દરેક યોજના અને વિચારમાં જનતાને જોડીને દેશના જનમાનસમાં નવી આશા અને ઊર્જાનો સંચાર કર્યો. 'સબકા સાથ, સબકા વિકાસ ઔર સબકા પ્રયાસ'ના આદર્શ વાક્યથી પ્રેરાઈને વહીવટી વ્યવસ્થામાં એક એવા પરિવર્તનની શરૂઆત થઈ ચૂકી છે, જેનો હેતુ સમાવેશી, વિકાસોન્મુખ અને ભ્રષ્ટાચાર મુક્ત શાસન સુનિશ્ચિત કરવાનો છે. વડાપ્રધાને અંત્યોદયના હેતુને સાકાર કરવા અને સમાજની અંતિમ હરોળમાં બેઠેલી વ્યક્તિને સરકારની યોજનાનો લાભ મળે તે સુનિશ્ચિત કરવા માટે સ્પીડ અને સ્કેલ પર કામને પોતાનો મૂળ મંત્ર બનાવ્યો છે. એટલાં માટે જ વિવિધ આંતરરાષ્ટ્રીય એજન્સીઓ પણ એ વાતને માને છે કે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભારત રેકોર્ડ ગતિથી ગરીબીને નાબૂદ કરી રહ્યું છે. આજે ભારત વિશ્વના સૌથી મોટા આરોગ્ય સેવા કાર્યક્રમ આયુષ્યમાન ભારતનું નેતૃત્વ કરી રહયું છે. 50 કરોડથી વધુ ભારતીયોને આવરી લઈને આયુષ્યમાન ભારત યોજના ગરીબ અને નવ-મધ્યમવર્ગને ઉચ્ચ ગુણવત્તા અને સસ્તી આરોગ્ય સેવા સુનિશ્ચિત કરી રહ્યું છે. વિશ્વની સૌથી પ્રતિષ્ઠીત મેડિકલ જર્નલ લાન્સેટે આયુષ્યમાન ભારતની પ્રશંસા કરતા જણાવ્યું છે કે, આ યોજના ભારતમાં આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા અસંતોષને દૂર કરી રહી છે. આર્થિક પરિસ્થિતિ સામે ઝઝૂમતા ગરીબોને આર્થિક ધારાનો ભાગ બનાવવા માટે વડાપ્રધાને પ્રધાનમંત્રી જનધન યોજના શરૂ કરી, જેનો હેતુ પ્રત્યેક ભારતીયનું બેન્ક ખાતું ખોલાવવાનો હતો. અત્યાર સુધી 43 કરોડથી વધુ જન ધન ખાતા ખોલાવવામાં આવ્યા છે. આ ખાતાઓએ ગરીબોને બેંકો સાથે જોડવાની સાથે સાથે સશક્તિકરણના અન્ય માર્ગ પણ ખોલ્યા છે. જન-ધનથી એક ડગલું આગળ વધતા કેન્દ્ર સરકારે હવે સમાજના સૌથી નબળા





સામાન્ય બજેટ

# જોગવાઈથી અમલ સુધી

- સામાન્ય બજેટ જે પહેલાં ફેબ્રુઆરીના અંતમાં રજૂ કરવામાં આવતું હતું, તે 1 ફેબ્રુઆરીએ રજૂ થવા માંડ્યું. તેનો ફાયદો એ થયો કે બજેટની જોગવાઈઓનો સમયસર વાસ્તવિક અમલ થવા માંડ્યો
- પ્રથમ વાર નાણાંની સાથે રેલવે બજેટનું એકીકરણ થયું. સામાન્ય બજેટ પછી તમામ હિતધારકો સાથે વડાપ્રધાને સંવાદ શરૂ કર્યો, જેથી યોજનાઓ અને બજેટની જોગવાઈઓને સમયબધ્ધ રીતે પાયાના સ્તરે અમલ કરી શકાય.
- સામાન્ય બજેટને ભારતને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાની દિશામાં દીર્ઘદ્રષ્ટિનો આધાર બનાવવામાં આવ્યો.

### સંવાદની નવી પરંપરા સ્થાપિત

- પ્રથમ વાર 12મા ધોરણની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ સાથે 'પરીક્ષા પર ચર્ચા'ની શરૂઆત કરી, જેથી વિદ્યાર્થી તણાવમુક્ત થઈને પરીક્ષા આપી શકે. યુવા સંસદ દ્વારા યુવાનોને સરકાર સાથે સહભાગી બનાવવાની પહેલ કરી
- પ્રથમ વાર ખેલાડીઓ સાથે સીધો સંવાદ કર્યો જેથી દેશમાં સ્પોર્ટસ કલ્ચરને પ્રોત્સાહન મળે
- લાભાર્થીઓ સાથે સંવાદ કર્યોઃ દરેક માણસ સુધી ભ્રષ્ટાચાર વગર લાભ પહોંચે છે



- આરોગ્ય ક્ષેત્ર પ્રથમ વાર કોઈ સરકારની પ્રાથમિકતા બની છે. બજેટમાં 137 ટકા વધારો કરવામાં આવ્યો.
- એક દેશ એક રેશન કાર્ડ દ્વારા પરપ્રાંતિય શ્રમિકોને દેશમાં કોઈ પણ સ્થળેથી અનાજ લેવાનો અધિકાર મળ્યો.
- પ્રથમ વાર દેશમાં આર્થિક રીતે નબળા સવર્ણોને 10 ટકા અનામતનો લાભ
- માત્ર 2500 રૂપિયામાં 5,000 કિલોમીટરની વિમાન મુસાફરીનું સામાન્ય માણસનું સપનું 'ઉડાન' યોજના દ્વારા સાકાર
- ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં ભારતનું રેન્કિંગ 2014ની સરખામણીમાં 79 ક્રમ સુધરીને 63માં ક્રમે પહોંચ્યું
- એમએસએમઈ સેક્ટર 11 કરોડ લોકો માટે રોજગારનો સ્રોત છે, જે જીડીપીમાં 29 ટકા યોગદાન આપે છે. આ માટે ક્રાંતિકારી પરિવર્તનની સાથે વિશેષ પેકેજની મોટી પહેલ
- પીએલઆઈ દ્વારા મોટી હરણફાળની તૈયારી. 13 ક્ષેત્રોમાં રૂ. 1.97 લાખ કરોડ મંજૂર કરવામાં આવ્યા

વર્ગોને વીમા અને પેન્શન કવર આપીને જન સુરક્ષા પર પણ ભાર આપ્યું. અસંગઠિત ક્ષેત્ર સાથે સંકળાયેલા 42 કરોડથી વધુ લોકોને હવે પ્રધાનમંત્રી શ્રમ યોગી માન ધન યોજના અંતર્ગત પેન્શન કવરેજ મળ્યું છે. 2016માં ગરીબોને મફત રાંધણગેસ જોડાણ પુરું પાડવા માટે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના આઠ કરોડથી વધુ લાભાર્થીઓને ધુમાડારહિત રસોડું પ્રદાન કરવામાં મહત્વનું પગલું સાબિત થઈ. તેની મોટા ભાગની લાભાર્થી મહિલા છે. આઝાદી પછીના 70 વર્ષ સુધી 18,000 ગામોમાં વીજળી નહોતી. છેલ્લાં સાત વર્ષોમાં ત્યાં વીજળી પૂરી પાડવામાં આવી છે. કરોડો લોકોને પાકું ઘર આપવાનું વચન પાળવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે, જેથી 2022 સુધી 'હાઉસિંગ ફોર ઓલ'ના વડાપ્રધાનના સપનાને પૂરું કરી શકાય. કૃષિને ફાયદાનો સોદો બનાવવા અને ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય હોય કે પછી ખેડૂતોની ઋણમાફીને બદલે

**'મન કી બાત' દ્વારા દર મહિનાના અંતિમ રવિવારે સામાન્ય માણસ સાથે સંવાદની અનોખી પહેલ કરવામાં આવી**

ઋણમુક્તિના યુગમાં લઈ જવાની પહેલ, કેન્દ્ર સરકાર હંમેશા નવી પહેલ કરતી રહી છે. અત્યાર સુધી 11 કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં રૂ.1.60 લાખ કરોડથી વધુ રકમ સીધી ટ્રાન્સફર થઈ ચૂકી છે, જે ખેડૂતો માટે વરદાન સાબિત થઈ છે. દેશમાં હવે એ ધારણા મજબૂત થઈ રહી છે કે સંસાધનો પર કોઈ 'વિશેષ'નો નહીં, પણ 'તમામ'નો સમાન અધિકાર છે.

### વૈચારિક પરિવર્તનથી દેશમાં પરિવર્તન

ભારત પાસે વૈશ્વિક એજન્ડાને આકાર આપવાનો અનોખો અવસર



માર્ગ સરળ બન્યો

# વિકાસનો નવો માર્ગ પ્રગતિ

- એક સમય હતો જ્યારે વિકાસ પ્રોજેક્ટ્સની જાહેરાતો બાદ વાસ્તવિક સ્તરે તેનો અમલ અટકી જતો હતો. કેરળના કોલ્લમમાં 13.5 કિલોમીટરનો બાયપાસ બનાવવામાં પાંચ દાયકાથી વધુ સમય લાગ્યો હતો. ઓડિશામાં ખુર્દા-બલાંગીરની રેલ લાઇન બનાવવામાં 25 વર્ષથી વધુ સમય લાગ્યો હતો
- વડાપ્રધાન મોદીએ હોદ્દો સંભાળતા જ 'પ્રગતિ' ફોરમ બનાવીને આ પ્રકારનો વિલંબ ટાળવા પગલું લીધું. આ અંતર્ગત આવતા પ્રોજેક્ટની સમીક્ષા તેઓ પોતે કરે છે.
- 'પ્રગતિ' ફોરમ માહિતી, દૂરસંદેશાવ્યવહાર અને ટેકનિક (ICT) પર આધારિત મલ્ટી મોડલ મંચ છે, જેનો હેતુ પ્રોજેક્ટની સમીક્ષા કરીને નડતાં અવરોધોને દૂર કરવાનો છે
- પ્રગતિ' ની 37 બેઠકોમાં વડાપ્રધાન રૂ. 14 લાખ કરોડથી વધુનું રોકાણ ધરાવતા આશરે 300 પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી ચૂક્યા છે .




## દાયકાઓનું અંતર ઘટ્યું

- કલમ 370ને જમ્મુ કાશ્મીરમાં નાબૂદ કરીને સાત દાયકાથી વિકાસની ધારાથી વંચિત રહેલા ધરતીના સ્વર્ગને નવી ઓળખ મળી
- 'એક દેશ-એક ટેક્સ' એટલે કે જીએસટી દ્વારા આર્થિક ક્રાંતિની શરૂઆત. પેન્ડિંગ પ્રોજેક્ટ્સ જેવાં કે કોલ્લમ બાયપાસ, ચિનાબ બ્રીજ, અટલ સુરંગ, જોજીલા ટનલ, બોગીબીલ બ્રીજ, પમ્બન બ્રીજને વિકાસની ચાવી મળી



અયોધ્યામાં ભગવાન શ્રીરામના મંદિરનું ભૂમિપુજન. શ્રી કરતારપુર કોરિડોરનું ઉદઘાટન

- નાગરિકતા કાયદામાં સુધારાથી પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગલાદેશના લઘુમતીઓને દાયકાઓ બાદ ન્યાય મળ્યો. ટ્રિપલ તલાક કાયદાથી મુસ્લિમ મહિલાઓને સદીઓ બાદ ન્યાય મળ્યો
- પાંચ દાયકાઓ સુધી રાહ જોયા બાદ બોડો સમજૂતિ દ્વારા શાંતિ સ્થપાઇ, તો બ્રુ-રિયાંગ શરણાર્થીઓની સમસ્યાનો પણ ઉકેલા આવ્યો.

**સબકા સાથ સબકા વિકાસ, સબકા વિશ્વાસની સાથે હવે સબકા પ્રયાસ નવા ભારતનો મૂળ મંત્ર બન્યો છે.**

છે. આ અવસરનો લાભ લઈને ભારત ખુદને વિશ્વ માટે આદર્શ અને પ્રેરણા તરીકે સ્થાપિત કરી શકે છે. આઝાદીના લાંબા સમય સુધી આ દિશામાં નક્કર પહેલ ન થઈ, તો તેની પાછળનું કારણ સાચા દ્રષ્ટિકોણનો અભાવ છે. વર્તમાન કેન્દ્ર સરકારના દ્રષ્ટિકોણને આ બે ઉદાહરણ પરથી સમજી શકાય છે. પ્રથમ, જે જિલ્લા કે રાજ્યને પછાત કહેવામાં આવતાં હતાં તેને 'આકાંક્ષી જિલ્લા'નું નામ આપવામાં આવ્યું. એટલે કે જેનામાં વિકાસની ધારામાં જોડાવાની આકાંક્ષા છે અને તેનાં માટે માત્ર તકની જરૂર છે. આ જ રીતે, ટોક્યો પેરાલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓ દેશને ગૌરવ અપાવી રહ્યા છે. આ જ ખેલાડીઓને ક્યારેક વિકલાંગ કહીને નબળા માનવામાં આવતા હતા, પણ વડાપ્રધાને તેમને દિવ્યતા સાથે જોડીને 'દિવ્યાંગ' નામ આપ્યું. એટલે કે ભગવાને જેને સામાન્ય માણસને બદલે અલગ શક્તિ આપી છે. વડાપ્રધાનની આ દ્રષ્ટિનું પરિણામ આજે દેશની સામે છે. પ્રથમ વાર દેશના વડાપ્રધાન આ ખેલાડીઓ સાથે સીધો સંવાદ કરી રહ્યા છે, એટલું જ નહીં પણ દેશનું માન વધારનારા આ ખેલાડીઓની સાથે અનૌપચારિક ચર્ચા કરતા કરતા નાસ્તો કરી રહ્યા છે. અગાઉ, ખેલાડીઓની જીત પર ટોચની નેતાગીરી દ્વારા મિડિયાના માધ્યમથી અભિનંદનનો સંદેશો પહોંચાડવામાં આવતો હતો. યુવાનો, પરીક્ષાર્થીઓ સાથે પણ સંવાદની નવી પરંપરા શરૂ કરવામાં આવી છે, જે દેશને એક સૂત્રમાં બાંધે છે. માત્ર સમાજ કે માનવીય રીતે જ નહી, આર્થિક રીતે પણ દ્રષ્ટિકોણમાં મોટું પરિવર્તન આવ્યું છે. અગાઉ, એક ચોક્કસ તારીખે સામાન્ય બજેટ




ઇ-સુશાસન

# જાગૃત જનતા સક્રિય સરકાર

**સબકા સાથ, સબકા વિકાસ ઔર સબકા વિશ્વાસના મૂળમંત્રની સાથે 130 કરોડથી વધુ દેશવાસીઓના જીવનને સરળ બનાવવા અને તેમને સરકારી તંત્રની સમસ્યાઓમાંથી મુક્તિ અપાવવી એ જ સુશાસન છે.**

- મિશન કર્મયોગીની શરૂઆત- અમલદારશાહીને લોકકેન્દ્રી બનાવવાની દિશામાં નવી પહેલ કરવામાં આવી જેથી જાહેર સેવાઓ માટે સમર્પિત વર્કફોર્સ તૈયાર થાય જે સમાજને સારી સેવા પ્રદાન કરી શકે.
- સારો દેખાવ ન કરનારા અધિકારીઓને બળજબરીથી નિવૃત્ત કરવાની શરૂઆત
- નિવૃત્ત કર્મચારીઓના પ્રશંસનીય કાર્યને બિરદાવવું. ઇલેક્ટ્રોનિક રીતે હયાતીનું પ્રમાણપત્ર મેળવવાની સુવિધા. ડોક્યુમેન્ટ્સનું સેલ્ફ એટેસ્ટેશન
- નીચલા સ્તરની નોકરીમાં ઇન્ટરવ્યુ પ્રથા બંધ. ઓનલાઇન આરટીઆઇ, ડિજિલોકર, ઉમંગ, રાષ્ટ્રીય ડિજિટલ સાક્ષરતા મિશન, ઇ-પોસ્ટ વગેરેનો પ્રારંભ
- મંત્રાલયો અને વિભાગો વચ્ચે સુમેળ રહે તે માટે કેબિનેટના વિભાગોની ફાળવણી. સહકારિતા, આયુષ અને જળ શક્તિ મંત્રાલયની રચના



**વિદેશોમાં ભારતીયોની સમસ્યાનો ઉકેલ અને મદદ માટે સોશિયલ મિડિયાનો ઉપયોગ. દેશમાં પણ સામાન્ય માણસને તાત્કાલિક સહાય.**



**ભારતમાં બદલાતી પરિસ્થિતિની સાથે લોકોની દ્રષ્ટિમાં પણ પરિવર્તન આવ્યું છે. વડાપ્રધાન મોદીના આહવાનથી હવે અપંગ (વિકલાંગ)ની જગ્યાએ 'દિવ્યાંગ' શબ્દનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પહેલાં લોકો જેને 'પછાત જિલ્લા' કહેતા હતા, તેને હવે 'આકાંક્ષી જિલ્લા' તરીકે ઓળખવામાં આવે છે. વડાપ્રધાન કહે છે, "કોઇ પણ પોસ્ટિંગને સજા વાળી પોસ્ટિંગ તરીકે કેમ જોવી જોઇએ. ? કેમ તેને તકના રૂપમાં કેમ ન જોવી જોઇએ.?"**

રજૂ કરવાની નીરસ પરંપરા હતી. જાણે કે નાણાંકીય જરૂરિયાતો પૂરી કરવાનો એક દસ્તાવેજ જ રજૂ કરવાનો હોય. પણ તેમાં પરિવર્તનનો પ્રારંભ કર્યો ભૂતપુર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીએ. તેમણે બ્રિટિશ જમાનાની પરંપરા તોડીને સાંજે ચાર વાગ્યાને બદલે સવારે 11 વાગે બજેટ રજૂ કરવાની શરૂઆત કરી. ગુલામીના સમયમાં અંગ્રેજોએ સાંજે ચાર વાગ્યાનો સમય એટલાં માટે નક્કી કર્યો હતો કે બ્રિટનમાં તેને દિવસના સમયે જોઈ શકાય. અટલજીની આ પહેલને આગળ વધારતા વડાપ્રધાન મોદીએ સૌ પ્રથમ વાર સામાન્ય બજેટમાં રેલવે બજેટનો વિલય કર્યો અને સૌથી ક્રાંતિકારી ફેરફાર હતો બજેટને એક મહિનો વહેલું રજૂ કરવાનો. આટલું જ નહીં, વડાપ્રધાને રાષ્ટ્રનિર્માણની દિશામાં એક ડગલું આગળ ભરતાં સામાન્ય બજેટ બાદ તમામ હિતધારકો સાથે સીધો સંવાદ કરવાની પહેલ કરી. દેશના ઇતિહાસમાં એવું પ્રથમવાર બન્યું કે  કોઇ વડાપ્રધાને સામાન્ય બજેટ રજૂ થયા બાદ હિતધારકો સાથે સંવાદ કરીને બજેટનો પાયાના સ્તરે અમલ થાય અને દરેક વ્યક્તિ સુધી તેનો લાભ પહોંચે તે સુનિશ્ચિત કર્યું હોય. સરકારનાં કામકાજની પધ્ધતિ બદલાઈ છે તો નવી સંસ્કૃતિ પણ વિકસી રહી છે. પહેલાં, સરકાર અને નેતાઓની ભલામણથી પદ્મ પુરસ્કારો વહેંચવામાં આવતા હતા, પણ કેન્દ્ર સરકારે નવી નીતિ બનાવી અને સમગ્ર પ્રક્રિયાને ઓનલાઇન બનાવી દીધી, જેથી દેશનો સામાન્ય માણસ પણ કોઇને નોમિનેટ કરી શકે. તેનું પરિણામ એ આવ્યું કે, દેશના ગુમનામ નાયકોને દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન મળવા લાગ્યું. એટલું જ નહીં, દાયકાઓથી ઉપેક્ષિત કરાયેલા મહાપુરુષોને પણ હવે યોગ્ય સન્માન મળવા માંડ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશેષતા છે કે મહાનાયકોની જયંતીઓને કોઇ ખાસ વિષય સાથે એવી રીતે જોડી દે છે કે જનતા ખુદને તેમની સાથે જોડાયેલા હોવાનું અનુભવવા માંડે છે. જેમ કે, ગાંધીજીની 150મી જન્મજયંતિને તેમણે સ્વચ્છ ભારતના લક્ષ્ય સાથે જોડી.



પાત્ર વ્યક્તિઓનું સન્માન

# હવે ગુમનામ નાયકોને પણ પદ્મ પુરસ્કાર મળવા લાગ્યા

- નવા ભારતા નિર્માણમાં દેશના દરેક નાગરિકનાં યોગદાનને પ્રોત્સાહન આપવાના હેતુથી સરકારે પદ્મ એવોર્ડની સમગ્ર પ્રક્રિયામાં ફેરફાર કર્યો.
- હવે પદ્મ પુરસ્કાર માટે વ્યક્તિની ઓળખ નહીં, પણ તેનાં કામનું મહત્વ વધી ગયું છે. નવા ભારતમાં સામાન્ય વ્યક્તિ પણ ઉત્કૃષ્ટ કાર્ય દ્વારા દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર મેળવી શકે છે.
- padmaawards.gov.in પર કોઇ પણ નાગરિક કોઇને પણ નોમિનેટ કરી શકે છે. ઓનલાઇન થવાને કારણે પસંદગી પ્રક્રિયામાં પારદર્શકતા આવી ગઈ છે.
- આજે દેશના બહુ સામાન્ય લોકોને પદ્મ પુરસ્કાર મળી રહ્યા છે. એવા લોકોને પદ્મ પુરસ્કાર આપવામાં આવી રહ્યા છે, જેઓ સામાન્ય રીતે મોટાં-મોટાં શહેરોમાં, અખબારો, ટીવીમાં કે સમારોહમાં નજરે નથી પડતા.

**પદ્મ પુરસ્કારોની યાદીમાં મોટાં ભાગનાં નામ એવા હોય છે જેમના અંગે તેમના ક્ષેત્ર બહારના લોકોને ખબર પણ નથી હોતી. પણ હવે તેમનાં કામોનો ઉલ્લેખ થાય છે, તો લોકો કહે છે, આજ છે ન્યૂ ઈન્ડિયાના અસલી નાયક**

"

આપણા દેશમાં પદ્મ એવોર્ડ કઇ રીતે મળતા હતા? કોઇ નેતા ભલામણ કરે, સરકાર ભલામણ કરી દે,પણ અમે તેમાં થોડો ફેરફાર કર્યો છે. અમે કહ્યું કે, ભલામણની જરૂર નથી. કોઇ પણ વ્યક્તિ ઓનલાઇન વિગતો મોકલી શકે છે. હવે તમે જોયું હશે કે એવા લોકોને પદ્મશ્રી મળી રહ્યા છે, જેઓ ગુમનામ નાયક છે.
-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' મનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગ્રહને સંયુક્ત રાષ્ટ્રમાં સકારાત્મક પ્રતિક્રિયા મળી. કુલ 177 રાષ્ટ્રોએ સાથે મળીને 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' જાહેર કરવા યુએનમાં પ્રસ્તાવ પસાર કર્યો. આજે દરેક વ્યક્તિ સુધી યોગ જોડાઈ ચૂક્યું છે.

### આત્મનિર્ભરતા બની આત્મવિશ્વાસ

નાની લાગતી બાબતો કઈ રીતે રાષ્ટ્રને જોડનારી બની જાય છે તેનું સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ છે- 'વોકલ ફોર લોકલ' અને આત્મનિર્ભર ભારતનું આહવાન. કોવિડના કપરાં સમયમાં વડાપ્રધાને આત્મનિર્ભરતાને દેશ સામે એક તક તરીકે રજૂ કરી તો લોકોએ પણ તેને પૂરા ઉત્સાહથી વધાવી લીધી. રમકડાંના માધ્યમથી આત્મનિર્ભરતા મેળવી શકાય છે અને સંસ્કૃતિનો પ્રચાર કરવાની સાથે સાથે વ્યાવસાયિકોમાં આત્મવિશ્વાસનો સંચાર કરી શકાય છે તેવું આ અગાઉ કોઇએ વિચાર્યું નહોતું. પણ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો દ્રષ્ટિકોણ અને સ્પષ્ટ ઈરાદા સાથે શરૂ કરવામાં આવેલી પહેલ આજે 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ના સપનાને સાકાર કરવામાં સહાયક સાબિત થઈ રહી છે. ગુજરાતના કેવડીયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વ પર્યટનનું આકર્ષક કેન્દ્ર બની ચૂક્યું છે, તો તહેવારોની મોસમમાં સ્થાનિક ઉત્પાદનોની ખરીદી શરૂ થઈ ગઈ છે.

### સુશાસનનો આધાર બની રહેલી ટેકનોલોજી

વડાપ્રધાન મોદીના પ્રયાસો દ્વારા ટેકનોલોજી અપનાવીને તેને સુશાસનનું મહત્વપૂર્ણ માધ્યમ બનાવવામાં આવી રહ્યું છે. પાયાના સ્તર સુધીના લોકો સુધી વડાપ્રધાન વ્યક્તિગત રીતે જોડાયેલા છે. સાથે સાથે, સોશિયલ મિડિયા પર પણ તેમની મજબૂત હાજરી છે. તેમને ભારતના સૌથી વધુ 'ટેકનો સેવી' નેતા તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ લોકો સુધી પહોંચવા





વારસાનું સન્માન

# ઉપેક્ષિત મહાનાયકોનું સન્માન થવા માંડ્યું

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષોથી થઈ રહેલી આ ઉપેક્ષાને ઓછી કરી છે અને દેશના દિગ્ગજોના વારસાને આગળ ધપાવ્યો છે. કોઈ પણ પક્ષ, વિચારધારા કે પરિવાર કરતાં 'ઇન્ડિયા ફર્સ્ટ'ના સિધ્ધાંત પ્રમાણેનું આ પગલું હતું. આ માટે સરકારે સંસ્થાકીય સહયોગ પણ સુનિશ્ચિત કર્યો, જેથી સરકાર બદલવાની સાથે તેને ન બદલી શકાય.**

- વડાપ્રધાન મોદીએ સમગ્ર દેશમાં છત્રપતિ શિવાજી મહારાજ, બિરસા મુંડા, દીનબંધુ સર છોટુ રામ સહિતની અનેક મહાન હસ્તીઓના વારસના પુનર્જીવિત કર્યો છે.
- ભારતને સંયુક્ત રાખનાર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલને રાષ્ટ્રની શ્રધ્ધાંજલિ આપવા કેવડિયામાં 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું અનાવરણ કર્યું. સરદારની 600 ફુટ ઊંચી પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી મૂર્તિ છે.
- નેતાજી દ્વારા 'આઝાદ હિન્દ સરકાર'ની રચનાની 75મી વર્ષગાંઠ મનાવવા માટે વડાપ્રધાને દિલ્હીમાં લાલ કિલ્લા પર તિરંગો ફરકાવ્યો. સમગ્ર દેશ માટે આ ગૌરવની ક્ષણ હતી, જ્યારે ભારતના સ્વતંત્રતા આંદોલનના મહાનાયકના વારસાને સ્વતંત્રતા બાદ સન્માનિત કરવામાં આવ્યો.
- આઝાદ હિન્દ ફોજના ચાર સભ્યોએ 2019માં પ્રજાસત્તાક દિન પરેડમાં ભાગ લીધો. મોદી સરકારે નેતાજી સુભાષચંદ્ર બોઝ સંબંધિત મોટા ભાગની ગુપ્ત ફાઈલોને ગુપ્ત યાદીમાંથી હટાવીને નેતાજીના પરિવારની વર્ષો જૂની માગને સ્વીકારી.
- સપ્ટેમ્બર 2014માં જાપાન યાત્રા દરમિયાન વડાપ્રધાન મોદીએ જાપાનમાં નેતાજીના સૌથી જૂના જીવિત સાથી સાઈચિરો મિસુમી સાથે મુલાકાત કરી.
- ડો. આંબેડકરના સન્માનમાં 26 નવેમ્બરનાં રોજ બંધારણ દિવસ જાહેર કર્યો. 125મી જયંતીએ સંસદમાં વિશેષ સમારોહ.



અને તેમનાં જીવનમાં પરિવર્તન લાવવા માટે સોશિયલ મિડિયાનો ઉપયોગ કરે છે. આ ટેકનોલોજીથી તેમણે 'પ્રગતિ' નામનું એવું પ્લેટફોર્મ બનાવ્યું, જેનાથી લાંબા સમયથી અટકેલા પ્રોજેક્ટ્સને રાજ્ય સરકાર અને મંત્રાલયોના સમન્વયથી નવી દિશા મળી રહી છે. વિદેશોમાં ફસાયેલો કોઇ ભારતીય સોશિયલ મિડિયા પર સરકાર પાસે મદદ માગે છે, તો તેને તાત્કાલિક મળી જાય છે. દેશમાં ટ્રેનમાં મુસાફરી કરતી વખતે ક્યાંય પણ કોઇને દવા-દૂધની જરૂર પડે તો તાત્કાલિક મળી જાય છે. સમસ્યાઓનું સમાધાન સહજ થઈ રહ્યું છે. મંત્રાલય અને વિભાગો વચ્ચે બરાબર સંકલન થાય અને કોઇ પણ પ્રોજેક્ટમાં વિલંબ ન થાય તે માટે વડાપ્રધાન પોતાના સ્તરે દેખરેખ રાખે છે એટલું જ નહી, તેમણે કેબિનેટના વિભાગોની ફાળવણી પણ એવી રીતે કરી છે કે સંતુલન જળવાઈ રહે. પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવે તે માટે તેમણે 2019માં અલગથી જળ શક્તિ મંત્રાલયની સ્થાપના કરી. એટલું જ નહીં, અમલદારશાહીને ચુસ્ત અને કૌશલ્યસભર બનાવવા માટે 'મિશન કર્મયોગી' જેવી પહેલ કરવામાં આવી છે. આઇએએસ-આઇપીએસના તાલીમાર્થી અધિકારીઓનું સંમેલન હોય કે પછી પોલિસ મહાનિર્દેશકોનું વાર્ષિક સંમેલન, પહેલાંના સમયમાં મંત્રી ઉદઘાટન કે સમાપન કરીને જતા રહેતા હતા. પણ હવે વડાપ્રધાન મોદીએ તેને માનવ સંસાધન વ્યવસ્થાનો ભાગ ગણીને તેને સંસ્થાકીય સ્વરૂપ આપ્યું. પરંપરાઓને જાળવવી અને સાથે સાથે નવી શરૂઆત કરવી એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઓળખ બની ગઈ છે. દેશમાં નવી પરંપરાઓ વિકસી રહી છે, જે નવા ભારતના સપના સાકાર કરવામાં મદદરૂપ સાબિત થશે. ●

**બાબા સાહેબ આંબેડકરના વારસાનું જતન કરવા માટે તેમનાં જીવન સાથે સંકળાયેલા સ્થળોને પંચતીર્થ તરીકે વિકસાવવામાં આવ્યા**




# ઓલિમ્પિક બાદ પેરાલિમ્પિકમાં પણ ભારતે ઇતિહાસ રચ્યો

**75મા સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણ દરમિયાન ટોક્યો ઓલિમ્પિકમાં ઇતિહાસ રચીને આવેલા ખેલાડીઓ પણ હાજર હતા. ભારતના 75મા સ્વતંત્રતા દિવસ સમારોહ પર આવી તસવીર પ્રથમ વાર જોવા મળી. વડાપ્રધાને આહવાન કર્યું અને આ એથ્લીટ્સના સન્માનમાં તાળીયોની ગડગડાટથી આકાશ ગુંજી ઉઠ્યું. ખેલાડીઓનું આ સન્માન એ વાતનો પુરાવો છે કે ભારતમાં રમતગમતને કેટલી ગંભીરતાથી લેવામાં આવી રહ્યું છે. ટોક્યો ઓલિમ્પિક બાદ ઇતિહાસ રચવાનો વારો હતો ભારતના પેરાલિમ્પિક ખેલાડીઓનો. જીંદગીમાં તમામ અવરોધોને પાર કરીને રમતગમતની દુનિયાના ટોચના મંચ પર ભારતના દિવ્યાંગ ખેલાડીઓએ અત્યાર સુધીના સૌથી વધુ 19 ચંદ્રક દેશનાં નામે કર્યા, જેમાં 5 ગોલ્ડ, 8 સિલ્વર, અને 6 બ્રોન્ઝનો સમાવેશ થાય છે. અગાઉની 11 પેરાલિમ્પિક ગેમ્સમાં ભારતીય ખેલાડીઓએ ચાર ગોલ્ડ સહિત કુલ 12 ચંદ્રક જ મેળવ્યા હતા...**

બાળપણમાં જ એક અકસ્માતમાં બંને પગ ગુમાવ્યા બાદ અવની લેખરા ડિપ્રેશનનો ભોગ બની. તે એટલી નબળી પડી ગઈ કે કંઇ પણ કરી શકતી નહોતી. પિતા પ્રવીણ લેખરાએ વિચાર્યું કે રમતમ ગમતમાં જોડાઇને અવનીને સારું લાગશે, તેથી તેને આર્ચરીમાં તાલીમ અપાવી. જો કે, અવની પ્રત્યંચા પણ ન ખેંચી શકી. એ પછી તેણે શૂટિંગમાં પ્રયત્ન કર્યો. પહેલી વાર તો તે બંદૂક પણ ન ઉઠાવી શકી. આ જ અવનીએ ટોક્યો પેરાલિમ્પિકમાં 10 મીટર એર રાઇફલમાં ગોલ્ડ મેડલ અને 50 મીટર સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવીને દેશને ગૌરવ અપાવ્યું. તેણે કોઈ પણ સ્પર્ધામાં મહિલા કેટેગરીમાં પ્રથમ ગોલ્ડ મેડલ જીતવાનો રેકોર્ડ બનાવ્યો.

આવી જ સંઘર્ષ ગાથા દેવેન્દ્ર ઝાઝરીયાની છે. 7 ઓગસ્ટનાં રોજ નીરજ ચોપડાએ દેશને ટોક્યો ઓલિમ્પિકમાં પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો તો સમગ્ર ભારત ખુશીથી નાચી ઉઠ્યું. આ ગોલ્ડ મેડલ માત્ર ભાલા ફેંક (જેવલિન થ્રો) જ નહીં, ઓલિમ્પિકમાં એથ્લેટિક્સમાં ભારતનો પ્રથમ ગોલ્ડ મેડલ હતો. દેવેન્દ્ર



## પેરાલિમ્પકમાં અત્યાર સુધી ભારત

- 1960માં પેરાલિમ્પિક રમતોની શરૂઆત થઈ હતી, પણ ભારતે પ્રથમ વાર 1968માં તેલ અવીવ પેરાલિમ્પિકમાં ભાગ લીધો હતો. ભારત 1984થી પેરાલિમ્પિકમાં સતત ભાગ લઈ રહ્યું છે.
- ભારતે અત્યાર સુધી ટોક્યો પહેલાંના 11 પેરાલિમ્પિક ઉત્સવમાં ભાગ લીધો છે અને 12 મેડલ દેશનાં નામે કર્યાં છે, જેમાં 4 ગોલ્ડ, 4 સિલ્વર અને 4 બ્રોન્ઝનો સમાવેશ થાય છે.
- 2016 રિયો પેરાલિમ્પિકમાં ભારતે પાંચ રમતમાં 19 એથ્લેટ્સ મોકલ્યા હતા. એ વખતે પેરાલિમ્પિકના ઈતિહાસમાં તે ભારતની સૌથી મોટી ટીમ હતી. તેમાં ભારતે વિક્રમજનક સફળતા મેળવી હતી, જેમાં બે ગોલ્ડ, એક સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ સામેલ છે. પુરુષોના હાઇ જમ્પમાં મરિયપ્પન થંગાવેલુ અને જેવલિન થ્રોમાં દેવેન્દ્ર ઝાઝરીયાએ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.
- ટોક્યો પેરાલિમ્પ્કમાં ભારતના 54 ખેલાડીઓએ 9 સ્પર્ધામાં ભાગ લીધો હતો. ભારતીય ખેલાડીઓ પર અભૂતપુર્વ સફળતાની આશા રાખવી વાજબી છે કારણ કે વિશ્વ રેન્કિંગમાં ઓછામાં ઓછા ચાર ભારતીયો નંબર વન પર છે, જ્યારે છ ખેલાડીઓ બીજા ક્રમે છે. આ ઉપરાંત લગભગ 10 ખેલાડીઓનું વર્લ્ડ રેન્કિંગ ત્રણ છે.

ઝાઝરીયા અગાઉની પેરાલિમ્પિકમાં ભાલા ફેંકમાં બે-બે ગોલ્ડ મેડલ જીતીને દેશને ગૌરવ અપાવી ચૂક્યા છે. દેવેન્દ્રએ 2004માં એથેન્સ અને 2016માં રિયો પેરાલિમ્પિકમાં ભાલા ફેંકમાં ગોલ્ડ અને હવે ટોક્યોમાં સિલ્વર મેડલ મેળવીને નવો ઈતિહાસ રચ્યો છે. માત્ર નવ વર્ષની ઉંમરમાં વીજળીનો કરન્ટ લાગવાથી હાથ ગુમાવી દેનાર દેવેન્દ્ર માટે જીવન એક પડકારથી ઓછું નહોતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની વાતચીતમાં તેમણે કહ્યું, “મેં શાળામાં રમવાનું શરૂ કર્યું, એક વાર મેં ભાલો ઉઠાવ્યો તો મારી ટીકા કરવામાં આવી. ત્યારે જ મેં નિર્ધાર કર્યો કે હું ઢીલો નહીં પડું. મને કહેવામાં આવેલું કે મારે અભ્યાસ જ કરવો જોઇએ, રમતગમતમાં મારા માટે કોઈ જગ્યા નથી, પણ મેં તેને એક પડકાર તરીકે લીધો. હું જેવલિન થ્રો પ્રત્યે સમર્પિત છું. હું બહુ શિસ્તનો આગ્રહી છું. જે રૂમમાં સુવું છું, ત્યાં જ એક ભાલો રાખ્યો છે.”

ટોક્યો પેરાલિમ્પિકમાં અવની ઉપરાંત સુમિત અંતિલે ભાલા ફેંક, મનીષ નરવાલે 50 મીટર એર પિસ્ટોલ શૂટિંગ, પ્રમોદ ભગત અને કૃષ્ણા નાગરે બેડમિન્ટનમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. તો ભાવિના પટેલે ટેબલ ટેનિસ, નિષાદ કુમારે લોંગ જમ્પ, યોગેશ કથુનિયાએ ડિસ્કસ થ્રો, દેવેન્દ્ર ઝાઝરિયાએ ભાલા ફેંક, મરિયપ્પન થંગાવેલુ અને પ્રવીણ કુમારે લોંગ જમ્પ, સિંહરાજ અધાનાએ 50 મીટર પિસ્ટોલ, નોઇડાના ડીએમ સુહાસ એલવાયે બેડમિન્ટમાં સિલ્વર મેડલ જીત્યો. આટલું જ નહીં, સુંદર ગુર્જરે જેવલિન થ્રો, સિંહરાજ અધાનાએ 10 મીટર એર પિસ્ટોલ, શરદ કુમારે લોંગ જમ્પ, આર્ચરીમાં હરવિંદર સિંહ અને બેડમિન્ટનમાં મનોજ સરકારે બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો.

આ એથ્લીટ્સે પેરાલિમ્પિકની તૈયારીઓ માટે કેન્દ્ર સરકારે તૈયાર કરેલી યોજનાઓમાં ભાગ લીધો હતો. આ યોજનાઓમાં ખેલાડીઓની તમામ સુવિધાઓ અને જરૂરિયાતોનું ધ્યાન રાખવામાં આવે છે. દેવેન્દ્ર કહે છે, “2004માં મને પણ એ નહોતી ખબર કે ફિઝિયો કે ફિટનેસ ટ્રેનર કોણ હોય છે. આજે SAI કેન્દ્રોમાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. TOPS અને ખેલો ઈન્ડિયા જેવી પહેલને કારણે અનેક યુવા એથ્લીટ્સને ઘણો લાભ મળી રહ્યો છે. સરકાર એથ્લીટ અને પેરા એથ્લીટને સમાન રીતે મદદ કરી રહી છે.”

તમામ રમતના એથ્લીટ્સને સમાન સુવિધાઓ અને પ્રાથમિકતા અપાઈ રહી છે, જે ગયા વર્ષના ખેલ પુરસ્કાર દરમિયાન પણ જોવા મળ્યું, જ્યારે ભારતના મરિપ્પન થંગાવેલુ સહિત 8 પેરા એથ્લીટોને રાષ્ટ્રીય ખેલ પુરસ્કારોથી સન્માનિત

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો



કરવામાં આવ્યા.

## પેરાએથ્લીટ સાથે વડાપ્રધાનનો સીધો સંવાદ

ટોક્યો ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનારા ખેલાડીઓ બાદ પેરાલિમ્પિકમાં ભાગ લેનારા ખેલાડીઓ સાથે પણ વડાપ્રધાને સીધો સંવાદ કર્યો. પેરા એથ્લીટ્સનું મનોબળ વધારતા તેમણે કહ્યું, "તમારું આત્મબળ, કંઇક હાંસલ કરવાની ઇચ્છાશક્તિ હું જોઈ રહ્યો છું. તમારા બધાંની મહેનતના પરિણામે આજે પેરાલિમ્પિકમાં સૌથી વધુ સંખ્યામાં ભારતના એથ્લીટ જઈ રહ્યા છે." વડાપ્રધાને ખેલાડીઓને કહ્યું, "તમે તિરંગો લઈને ટોક્યોમાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરશો તો માત્ર મેડલ નહીં જીતો, પણ નવા ભારતના સંકલ્પોને પણ નવી ઊર્જા આપવાના છો." વડાપ્રધાને કહ્યું, ભારતમાં સ્પોર્ટ્સ કલ્ચર વિક્સિત કરવા માટે આપણે આપણી કાર્યપધ્ધતિમાં સતત સુધારો કરતા રહેવું પડશે. આજે આંતરરાષ્ટ્રીય રમતગમતની સાથે પરંપરાગત ભારતીય રમતોને પણ નવી ઓળખ આપવામાં આવી રહી છે. તમે કોઇ પણ રમત સાથે જોડાયેલા હોવ, 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને પણ મજબૂત કરો છો. તમે અસલી ચેમ્પિયન છો. તમે જીંદગીની રમતમાં સમસ્યાઓને હરાવી છે અને કોરોના મહામારીમાં ભારે અવરોધો વચ્ચે પણ તાલીમ ચાલુ રાખી છે. 'યસ વી વીલ ડુ ઇટ, વી કેન ડુ ઇટ' ને તમે ચરિતાર્થ કરી બતાવ્યું છે."

આ પ્રસંગે વડાપ્રધાને બે વારના ઓલિમ્પિક ગોલ્ડમેડલ વિજેતા ભાલા ફેંક ખેલાડી દેવેન્દ્ર ઝાઝરીયાને પૂછ્યું કે, તેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે ગયા છે કે નહીં. તો રિયો પેરાલિમ્પિકના ગોલ્ડમેડલ વિજેતા મરિયપ્પન થંગાવેલુકની માતાનું તામિલમાં અભિવાદન કરતાં પૂછ્યું કે તેમના પુત્રને ભોજનમાં શું પસંદ છે. તેમણે પેરા બેડમિન્ટન ખેલાડી પારુલ સાથે ગુજરાતીમાં વાત કરી તો પાવર લિફ્ટર સકીના ખાતુન સાથે બાંગલા ભાષામાં.


તીરંદાજ જ્યોતિ બાલિયાનને તેમણે કહ્યું, "પિતાના અવસાન બાદ તમે રમતની સાથે સાથે ઘર પણ સંભાળ્યું. તમે સારાં ખેલાડીની સાથે સાથે સારી દિકરી અને બહેન પણ છો અને તમારા વિષે જાણ્યા પછી દેશની દરેક વ્યક્તિના વિચારોમાં જ્યોતિનો પ્રકાશ ફેલાશે." વડાપ્રધાને 2009માં એક દુર્ઘટનામાં પગ ગુમાવી ચૂકેલા કટરાના પેરા તીરંદાજ રાકેશ કુમારને પૂછ્યું કે, "જીવનની અડચણોએ તમને સારા ખેલાડી તરીકે ઉપર આવવામાં કઈ રીતે મદદ કરી. જીવનમાં ગમે તેટલો સંઘર્ષ હોય, પણ જીવન અમૂલ્ય છે. તમે દેશનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહ્યા છો અને જોરદાર રમો. પરિવાર અને દેશનું નામ રોશન કરો. એથેન્સમાં 2004 અને રિયોમાં 2016માં ભાલા ફેંકમાં ગોલ્ડમેડલ જીતનાર વર્લ્ડરેકોર્ડ ધારક ઝાઝરીયાને તેમણે પૂછ્યું કે "લાંબા સમયગાળા બાદ ઉંમરને હરાવીને કઈ રીતે મેડલ જીત્યા. તેમણે ઝાઝરીયાની પત્ની અને ભૂતપૂર્વ કબડ્ડી ખેલાડી મંજૂને પૂછ્યું કે તમે હવે રમો છો કે બંધ કરી દીધું."?

ખેલાડીઓ સાથે વડાપ્રધાનના સીધા સંવાદ અંગે ક્રિકેટર અને ભારતીય ટીમના ભૂતપુર્વ કેપ્ટન કપિલ દેવ કહે છે, "મને યાદ નથી કે ભારતના કોઇ વડાપ્રધાને કોઈને કહ્યું હોય કે તેઓ ભારતમાં સ્પોર્ટસ કલ્ચર વિક્સાવવા માગે છે. આવું કરનારા વડાપ્રધાન મોદી કદાચ પ્રથમ વ્યક્તિ છે." ●




# વડાપ્રધાને વચન પાળ્યું | ટોક્યોથી મેડલ લઈને આવેલી સિંધુને આઈસક્રીમ ખવડાવ્યો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા પરથી ભારતીય ખેલાડીઓએ ટોક્યો ઓલિમ્પિકમાં કરેલા ઉત્તમ દેખાવની પ્રશંસા કર્યા બાદ 16 ઓગસ્ટનાં રોજ પોતાનાં નિવાસસ્થાને ભારતની ઓલિમ્પિક ટીમના ખેલાડીઓ સાથે બ્રેકફાસ્ટ પર મુલાકાત કરી. આ મુલાકાતમાં તેમણે ખેલાડીઓને આપેલાં વચનોને પણ પુરા કર્યા. ટોક્યો જતાં પહેલાં વડાપ્રધાને પી વી સિંધુને કહ્યું હતું કે તે મેડલ જીતીને પાછી ફરશે તો તેઓ તેને આઈસક્રીમ ખવડાવશે. રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે નીરજ ચોપડાને કહ્યું હતું કે, મેડલ જીતીને આવશો તો વડાપ્રધાન તમને ચુરમુ ખવડાવશે. વડાપ્રધાન મોદીએ સિંધુ અને નીરજને આપેલાં વચન પાળ્યા અને બાકીના ખેલાડીઓ સાથે તેમના અનુભવ જાણ્યા.














# નાના ખેડૂતો પણ પ્રગતિશીલ બન્યા

ગયા વર્ષે 17 સપ્ટેમ્બરે ભારતના ખેડૂતોને એવી ભેટ મળી, જેની રાહ તેઓ દાયકાઓથી જોતા હતા. કૃષિને ઉદ્યોગ જેવું માળખું પૂરું પાડવા અને ખેડૂતોને વચેટીયાઓમાંથી મુક્તિ કરીને પોતાની મરજી પડે ત્યાં ઉપજ વેચવાની છૂટ આપતા કૃષિ કાયદાનું કવચ આપવામાં આવ્યું હતું, જેથી ધરતીપુત્ર ખુશ રહે અને 'આત્મનિર્ભર કૃષિ આત્મનિર્ભર ભારત'નો હિસ્સો બને.

કૃષિ ઊપજ વેપાર અને વાણિજ્ય (સંવર્ધન અને સરળીકરણ) કાયદો, કૃષિ (સશક્તિકરણ અને સંરક્ષણ) કિંમત આશ્વાસન અને કૃષિ સેવા પર કરાર કાયદો સંસદમાં પસાર કરવામાં આવ્યો, જે દેશનાં કૃષિ ક્ષેત્રમાં અત્યાર સુધીનાં સૌથી મોટા સુધારા છે. આ સુધારાના પરિણામે આજે ભારત કૃષિ નિકાસના મામલામાં પ્રથમ વાર વિશ્વના ટોપ 10 દેશોમાં પહોંચી ગયું છે. કોરોના સમયમાં જ દેશે કૃષિ નિકાસનાં નવા વિક્રમ સર્જ્યા છે. આજે ભારતની ઓળખ એક મોટાં કૃષિ નિકાસકાર દેશ તરીકે સ્થપાઈ રહી છે. ભારતમાં કૃષિ માળખું, કનેક્ટિવિટી અને મોટાં મોટાં ફુડ પાર્કની સ્થાપનાનો મોટો લાભ નાના ખેડૂતોને પણ થઈ રહ્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફન્ડ હોય કે 10,000 ખેડૂત ઉત્પાદક સંઘોનું નિર્માણ, સરકારનો પ્રયાસ નાના ખેડૂતોની તાકાતને વધારવાનો છે. નાના બજાર સુધી ખેડૂતોની પહોંચ વધે અને બજારમાં ભાવતાલ કરવાની તેમની ક્ષમતા વધે તે માટેનાં પગલા લેવામાં આવ્યા છે. આ ખેડૂત ઉત્પાદક સંઘો સાથે નાના ખેડૂતો પણ જોડાશે ત્યારે તેમની તાકાત સેંકડો ગણી વધી જશે. તેનાથી ફુડ પ્રોસેસિંગ અને નિકાસ બંનેમાં વધાર થશે.

દેશનાં 80 ટકાથી વધુ ખેડૂતો એવા છે જેમની પાસે બે હેક્ટરથી પણ ઓછી જમીન છે. પહેલાં દેશમાં જે નીતિઓ બની, તેમાં નાના ખેડૂતો પર જેટલું ધ્યાન કેન્દ્રીત કરવું જોઈતું હતું, તેટલું નહોતું થયું. પણ હવે આ નાના ખેડૂતોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવી રહ્યા છે. આવનારા વર્ષોમાં દેશનાં નાના ખેડૂતોની સામૂહિક શક્તિને વધારવી પડશે. તેમને નવી સુવિધાઓ આપવી પડશે. આ ભાવના સાથે આગામી 25 વર્ષના સંકલ્પોને સિધ્ધ કરવાના છે, જેથી નાનો ખેડૂત દેશનું ગૌરવ બને. નવા ભારતનું પણ આ જ સપનું છે. પ્રસ્તુત છે ન્યૂ ઈન્ડિયા સમાચારના સલાહકાર સંપાદક સંતોષકુમારનો વિશેષ લેખ....



**કૃષિ ક્ષેત્રોમાં થયેલાં મહત્વનાં સુધારાના પરિણામે ભારત પ્રથમ વાર કૃષિ નિકાસનાં ક્ષેત્રમાં વિશ્વના ટોપ 10 દેશોમાં પહોંચ્યું છે.**

# ઉપજ અને એમએસપીમાં વધારો થતાં ખેડૂતો ખુશ












આઝાદીના શતાબ્દી વર્ષના દ્રઢ સંકલ્પની સાથે 15 ઓગસ્ટે ભારત તેની આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશ કરી ચૂક્યું છે, ત્યારે ભારતનો ખેડૂત એટલે કે અન્નદાતા પણ દેશની વિકાસ યાત્રાનો સહભાગી બની ચૂક્યો છે. 1947માં દેશને આઝાદી મળી ત્યારે દેશ સમક્ષ રહેલાં મોટા પડકારોમાં એક પડકાર હતો કઈ રીતે સમગ્ર દેશનું પેટ ભરવામાં આવે અને આટલું અનાજ ક્યાંથી લાવીએ જેથી લોકોએ ભૂખ્યા પેટ ન સુવું પડે. પણ હરિયાળી ક્રાંતિ દ્વારા દેશના અન્નદાતાઓએ તે શક્ય કરી બતાવ્યું. તેમ છતાં, આઝાદીના સાત દાયકા સુધી ખેડૂતોની સમસ્યાઓ ઓછી ન થઈ. મોદી સરકારે વીતેલાં સાત વર્ષોમાં ખેડૂતોની આવક બમણી કરવા માટે અનેક યોજનાઓ ઘડી. ખેડૂતોને પડતરનાં દોઢ ગણા ભાવ અપાવવા લઘુતમ ટેકાના ભાવ (MSP) હોય કે પછી 2022 સુધી ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય હોય કે પછી કિસાન સન્માન નિધી અંતર્ગત ખેડૂતોના ખાતામાં 10 વર્ષમાં ખેડૂતોનાં ખાતામાં સીધા સાત લાખ કરોડ રૂપિયા આપવાના હોય. ખેડૂતો પ્રત્યે નરેન્દ્ર મોદી સરકારનો આ સંકલ્પ બતાવે છે. હવે, કૃષિને ઉદ્યોગ જેવું માળખું આપીને અને ખેડૂતોને વચેટિયાઓથી મુક્ત કરીને પોતાની ઉપજ પોતાની મરજીથી વેચવાની છૂટ આપવા કાનૂની કવચ મળી ચૂક્યું છે, જેથી ખેડૂત ખુશ રહે અને કૃષિ આત્મનિર્ભર ભારતનો મુખ્ય હિસ્સો બને.

આ માટે કેન્દ્ર સરકારે 2014થી જ ખેડૂતોનાં કલ્યાણની દિશામાં અનેક મહત્વનાં પગલાં લેવાનું શરૂ કરી દીધું છે. સરકારની પહેલ 'એક રાષ્ટ્ર-એક બજાર' અંતર્ગત હતી. જેની જાહેરાત વડાપ્રધાને 2016માં લાલ કિલ્લા પરથી કરી હતી. આ એક સુધારો હતો, જેની ખેડૂતો આઝાદી મળી ત્યારથી રાહ જોતા હતા. વડાપ્રધાનની નેમ સમગ્ર દેશના ખેડૂતોનો સંતુલિત અને સર્વગ્રાહી વિકાસ કરવાની છે, કારણ કે અત્યાર સુધી માત્ર ગણતરીના સમૃધ્ધ ખેડૂતોને જ તેનો લાભ મળી રહ્યો હતો અને લગભગ 86 ટકા નાના અને સીમાંત ખેડૂતો તેનાથી વંચિત હતા. પણ વીતેલા સાત વર્ષમાં કૃષિ ક્ષેત્રની યોજનાઓ પર તબક્કાવાર રીતે કામ થયું, જેમ કે વાવણી પહેલાં, વાવણી દરમિયાન અને વાવણી પછી. આનાથી ખેડૂતોને જે તે કામ દરમિયાન કૃષિ યોજનાઓનો લાભ મળ્યો. કૃષિ ક્ષેત્રમાં મોટા પાયે પરિવર્તન કરીને કેન્દ્ર સરકારે લઘુતમ ટેકાના ભાવમાં વધારો કર્યો છે. ઉદાહરણ દ્વારા જોઈએ તો, સરકારે ખરીફ હોય કે રવી સીઝન, એમએસપી પર અત્યાર સુધીની સૌથી મોટી ખરીદી કરી છે. આનાથી ચોખાના ખેડૂતોના ખાતામાં લગભગ રૂ.1.70 લાખ કરોડ અને ઘઉંના ખેડૂતોના ખાતામાં લગભગ રૂ. 85,000 કરોડ સીધા પહોંચ્યા છે. ખેડૂત અને સરકારની આ હિસ્સેદારીને કારણે આજે ભારતમાં અનાજના ભંડાર ભરેલા છે. આ વર્ષે અત્યાર સુધીની સૌથી વધુ ખરીદીનો વિક્રમ એ સાબિત કરે છે કે એમએસપી

**ક્યાંય પણ પોતાની ઉપજ વેચવાની છૂટ, એગ્રી ઇન્ફ્રા ફન્ડ, કિસાન ઉત્પાદન સંઘ, ઇ-નામ, કિસાન રેલ, મુદ્રા સ્વાસ્થ્ય કાર્ડ, નવી પાક વીમા યોજના જેવી પહેલ માત્ર મોટાં ખેડૂતો જ નહીં, નાના ખેડૂતો માટે પણ હિતકારક સાબિત થઈ છે.**





નાબૂદ કરવાની વાત પાયા વિહોણી છે. કૃષિ સુધારાથી ખેડૂતોને મંડી ટેક્સમાં (બજાર વેરો)થી મુક્તિ મળી ગઈ છે. પહેલાં જ્યારે ખેડૂત મંડી જતો હતો ત્યારે તેણે 2થી 8.5 ટકા સુધીનો મંડી ટેક્સ ભરવો પડતો હતો. પણ મંડીની બહાર ક્યાંય પણ પોતાની ઉપજ વેચવાની છૂટ મળવાથી કરોડો ખેડૂતોને આ ટેક્સના બોજમાંથી મુક્તિ મળે છે અને ઉપજનો સારો ભાવ મળવાના ઉદાહરણો પણ સામે આવી રહ્યા છે.

આજે ભારત કૃષિ નિકાસમાં પ્રથમ વાર વિશ્વના ટોપ ટેન દેશોમાં પહોંચ્યું છે. કોરોના સમયમાં જ દેશે કૃષિ નિકાસમાં નવા રેકોર્ડ બનાવ્યા છે. દેશના 80 ટકાથી વધુ ખેડૂતો પાસે બે હેક્ટર સુધીની જ જમીન છે. આગામી 25 વર્ષોમાં દેશની કૃષિને સમૃધ્ધ કરવામાં આ નાના ખેડૂતોની મોટી ભૂમિકા રહેવાની છે. તેથી, હવે દેશની કૃષિ નીતિઓમાં નાના ખેડૂતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આ વિચારથી જ વીતેલાં વર્ષોમાં નાના ખેડૂતોને સુવિધા અને સલામતી આપવાનો ગંભીર પ્રયાસ કરવામાં આવ્યો છે. પીએમ કિસાન નિધી અંતર્ગત ખેડૂતોને અત્યાર સુધીમાં રૂ. 1.60 લાખ કરોડ આપવામાં આવ્યા છે. આમાંથી લગભગ, એક લાખ કરોડ રૂપિયા તો કોરોના સમયમાં નાના ખેડૂતો સુધી પહોંચાડવામાં આવ્યા છે. એટલું જ નહીં, કોરોના સમયમાં જ બે કરોડથી વધુ કિસાન ક્રેડિટ કાર્ડ જારી કરવામાં આવ્યા છે, જેમાંથી મોટાં ભાગનાં નાના ખેડૂત છે. આ કાર્ડ દ્વારા ખેડૂતોને હજારો કરોડ રૂપિયાનું ઋણ પણ મળ્યું છે. કલ્પના કરો, નાના ખેડૂતોને આ મદદ ન મળી હોત તો 100 વર્ષની આ સૌથી મોટી આપત્તિમાં તેમની શી સ્થિતિ થાત? તેમને નાની નાની જરૂરિયાતો માટે ક્યાં ક્યાં ભટકવું પડ્યું હોત?

ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફન્ડ હોય કે પછી 10,000 ખેડૂત ઉત્પાદક સંઘોની સ્થાપના, નાના ખેડૂતોની બજાર સુધીની પહોંચ વધારવાની હોય કે બજારમાં ભાવતાલ કરવાની તેમની ક્ષમતામાં વધારો કરવાનો હોય, સરકારનો પ્રયાસ નાના ખેડૂતોની તાકાતને વધારવાનો છે. સહકારી તંત્રને કારણે સેંકડો ખેડૂતો સંગઠિત થશે તો તેમની તાકાત સેંકડો ગણી વધી જશે. આને કારણે ફુડ પ્રોસેસિંગ અને નિકાસમાં બીજા પર ખેડૂતોની નિર્ભરતા ઓછી થશે. તેઓ જાતે જ વિદેશી બજારમાં પોતાનું ઉત્પાદન વેચવા માટે મુક્ત બનશે. બંધનોમાંથી મુક્ત થઈને જ દેશનો ખેડૂત હજુ ઝડપથી આગળ વધી શકશે. દેશના ખેડૂતોને ઉદ્યોગસાહસિક બનાવવાનો મોદી સરકારનો પ્રયાસ છે, જેનાં માટે બીજથી લઈને બજાર સુધી ખેડૂતોને સુલભ, સહજ અને સજગ બનાવવામાં આવી રહ્યા છે.

મોદી સરકાર ખેડૂતો માટે ખેતી ઉપરાંત પણ બીજાં નવા વ્યવસાયમાં પણ મદદ કરી રહી છે. પશુપાલનથી માંડીને મધમાખી ઉછેર અથવા મત્સ્યપાલન અને ઓર્ગેનિક ખેતી જેવાં નવાં વ્યવસાયોમાં કેન્દ્ર સરકારે ખેડૂતોને નવો રાહ ચિંધ્યો છે. કિસાન રેલ, રાષ્ટ્રીય વાંસ મિશન જેવી પહેલ દ્વારા ખેડૂતોની તકદીર અને તસવીર બદલવાનું કામ પણ ચાલી રહ્યું છે. હવે ભારત, એ સ્થિતિ તરફ આગળ વધી રહ્યું છે, જ્યાં ગામડાની બાજુમાં જ એવા ક્લસ્ટર બનશે, જ્યા ફુડ પ્રોસેસિંગ સાથે સંકળાયેલા ઉદ્યોગો પણ સ્થપાશે અને બાજુમાં જ તેની સાથે સંકળાયેલા રિસર્ચ સેન્ટર પણ હશે. ટૂંકમાં, આપણે કહી શકીએ કે 'જય કિસાન, જય વિજ્ઞાન અને જય અનુસંધાન.' આ ત્રણેયની તાકાત સંયુક્ત થઈને કામ કરશે ત્યારે દેશના ખેડૂતોનાં જીવનમાં મોટું પરિવર્તન આવશે એ નિશ્ચિત છે. ●




**કેબિનેટના નિર્ણયો**

# પામ ઓઇલ મિશનને મંજૂરી, શેરડીના ખેડૂતો માટે લાભદાયક નિર્ણય

**આયાત પર અવલંબન ઓછું થાય અને દેશમાં જ વધુ ઉત્પાદન થાય તે માટે કેન્દ્ર સરકાર સમગ્ર વ્યૂહ સાથે આગળ વધી રહી છે. આવા ક્ષેત્રોને ઓળખીને આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધી રહેલી કેન્દ્ર સરકારે ખાદ્ય તેલો પરની આયાત ઘટાડવા માટે રાષ્ટ્રીય મિશનની શરૂઆત કરી છે. સાથે સાથે, પ્રથમ વાર શેરડીના ખેડૂતોને અત્યાર સુધીનો સૌથી વધુ ભાવ આપવાનું સુનિશ્ચિત કર્યું છે, જેથી ખેડૂતો વાજબી ભાવની ચિંતા કર્યા વગર મુક્ત થઈને કૃષિમાં ભારતને સંપૂર્ણપણે આત્મનિર્ભર બનાવવામાં યોગદાન આપે.**

### નિર્ણયઃ ખાદ્યતેલો પરનાં રાષ્ટ્રીય મિશન-પામ ઓઇલ મિશનને મંજૂરી આપવામાં આવી



અસરઃ ભારતમાં આજે પણ 98 ટકા પામ ઓઇલની આયાત કરવી પડે છે. આ મિશન દ્વારા પૂર્વોત્તર અને આંદામાન-નિકોબાર દ્વિપ સમૂહ પર વિશેષ ધ્યાન આપીને તલ અને પામ ઓઇલનો વિસ્તાર અને ઉત્પાદકતા વધારવા પર ધ્યાન આપવામાં આવશે. દેશમાં, 28 લાખ હેક્ટર વિસ્તાર એવો છે જેનાં પર પામ ઓઇલની ખેતી થઈ શકે તેમ છે. પૂર્વોત્તરમાં 9 લાખ હેક્ટરથી વધુ જમીન પામ ઓઇલની ખેતી માટે અનુકુળ છે. 12 રાજ્યોમાં હાલમાં પામ ઓઇલની ખેતીનું કામ ચાલી રહ્યું છે.

- ખેડૂતોને વાજબી ભાવની ચિંતામાંથી મુક્તિ અપાવતા કેન્દ્ર સરકાર પોતે ઉપજની કિંમતની વ્યવસ્થા તૈયાર કરશે.
- બજારમાં ચડ ઉતર થાય અને ભાવ ઘટી જાય તો કેન્દ્ર સરકાર ડીબીટીના માધ્યમથી ખેડૂતોને ચૂકવણી કરશે.
- પૂર્વોત્તરમાં ઉદ્યોગ સ્થાપિત કરી શકાય તે માટે રૂ. પાંચ કરોડની આર્થિક સહાયની જોગવાઈ પણ કરવામાં આવી છે.
- પામ ઓઇલની સામગ્રી માટે પ્રતિ હેક્ટર રૂ. 12,000ની સહાય આપવામાં આવતી હતી, જેને વધારીને રૂ. 29,000 કરવામાં આવી છે.
- આ મિશનથી પામ ઓઇલની ખેતી હાલના 3.5 લાખ હેક્ટરથી વધીને આગામી સમયમાં 10 લાખ હેક્ટર થઈ જશે.
- ઉત્પાદન પણ 2025-26 સુધી 11 લાખ ટન અને 2029-30 સુધી 28 લાખ ટન થશે.
- આ માટે રૂ. 11,040 કરોડની આર્થિક સહાય આપવામાં આવશે. તેનાથી મૂડી રોકાણમાં વધારો, રોજગાર સર્જન, આયાત પર નિર્ભરતામાં ઘટાડાની સાથે સાથે ખેડૂતોની આવકમાં વધારો થશે.

18 ઓગસ્ટની કેબિનેટની બેઠકના નિર્ણયોનો વિડિયો જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

25 ઓગસ્ટની કેબિનેટની બેઠકના નિર્ણયોનો વિડિયો જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# કેબિનેટના નિર્ણયો

**નિર્ણયઃ શેરડીના ખેડૂતોના હિતોની રક્ષા માટે પ્રતિબધ્ધ કેન્દ્ર સરકારે ખાંડ સીઝન 2021-22 માટે શેરડીનો અત્યાર સુધીનો સોથી વધુ અને લાભદાયી ભાવ આપીને ખેડૂતોને મોટી ભેટ આપી.**



અસરઃ શેરડીનો વાજબી અને લાભદાયી ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. 290 કરવામાં આવ્યો છે, જે 2013-14ની સરખામણીમાં 38 ટકા વધુ છે.

- ખેડૂતોને તેમની પડતર પર 50 ટકા વધુ વળતર મળશે. આ નિર્ણયથી પાંચ કરોડ શેરડીના ખેડૂતો, તેમનાં આશ્રિતોની સાથે સાથે ખાડંની મિલો અને સંબંધિત સહાયક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા પાંચ લાખ શ્રમિકોને લાભ થશે.
- 2020-21માં શેરડીના ખેડૂતોને 2,976 લાખ ટન શેરડી માટે રૂ. 91,000 કરોડની ચૂકવણી કરવામાં આવી, જે અત્યાર સુધીની સર્વોચ્ચ છે.
- સરકાર ખાંડની મિલોને વધારાની શેરડીમાંથી ઈથેનોલ બનાવવા માટે પ્રોત્સાહિત કરી રહી છે, જેથી પેટ્રોલમાં તેનું મિશ્રણ કરી શકાય.
- આગામી ખાંડ સીઝન 2021-22માં આશરે 35 LMT ખાંડને ઈથેનોલમાં પરિવર્તિત કરવાનો અંદાજ છે અને 2024-25 સુધી આશરે 60 LMT ખાંડને ઈથેનોલમાં પરિવર્તિત કરવાનું લક્ષ્ય છે. આનાથી વધારાની શેરડી અને ચૂકવણીમાં વિલંબની સમસ્યાનો ઉકેલ આવશે અને શેરડીના ખેડૂતોને સમયસર ચૂકવણી કરી શકાશે.

**નિર્ણયઃ કેબિનેટે નોર્થ ઇસ્ટ રિજન એગ્રીકલ્ચર માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડના પુનરોધ્ધારને મંજૂરી આપી**

- અસરઃ આ માટે રૂ. 77.45 કરોડનું રિવાઈવલ પેકેજ આપવામાં આવ્યું છે. તેનાથી પૂર્વોત્તર રાજ્યોના ખેડૂતોને તેમનાં ઉત્પાદનો માટે લાભકારી મૂલ્ય સુનિશ્ચિત કરવામાં મદદ મળશે.
- નિગમની આવકમાં વધારો થશે અને સતત લાભ મળવાનું શરૂ થઈ જશે.
- દેશનાં અન્ય વિસ્તારોની સાથે સાથે પૂર્વોત્તરના જૈવિક ઉત્પાદનોનું જીઆઇ ટેગિંગ અને માર્કેટિંગ કરવામાં આવશે.
- વિશ્વ બજારમાં પૂર્વોત્તરના ખેડૂતોની ચીજોને પ્રોત્સાહન મળશે. કૃષિ ક્ષેત્રમાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રોજગાર મળશે.

**નિર્ણયઃ કેબિનેટે ઓઝોનના પડને નાબૂદ કરનારા પદાર્થો અંગેના મોન્ટ્રીયલ પ્રોટોકોલમાં કિગાલી સુધારાને મંજૂરી આપી**



- અસરઃ હાઇડ્રોફ્લોરોકાર્બન્સ (HFCs) ને તબક્કાવાર દૂર કરવા માટે 2023 સુધીમાં નેશનલ સ્ટ્રેટેજી ઘડવામાં આવશે.
- કિગાલી સુધારાનું અનુપાલન સુનિશ્ચિત કરવા માટે 2024ના મધ્ય સુધીમાં વર્તમાન કાનૂની માળખામાં સુધારો કરવામાં આવશે.
- ભારત (HFCs) ને તબક્કાવાર દૂર કરશે.
- ગ્રીનહાઉસ ગેસ પ્રદૂષણને અટકાવી શકાશે, જેનાથી જળવાયુ પરિવર્તનને અટકાવવામાં મદદ મળશે.
- રોજગાર સર્જનને પ્રોત્સાહન મળશે. નવી પેઢી માટે વૈકલ્પિક રેફ્રીજરેટર અને સંબંધિત ટેકનોલોજી માટે સ્થાનિક નવીનીકરણને પ્રોત્સાહન મળશે.

**નિર્ણયઃ કેબિનેટે મેસર્સ એન્કરેજ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ હોલ્ડિંગ લિમિટેડની ભારતમાં રૂ 15,000 કરોડના રોકાણની દરખાસ્તને મંજૂરી આપી.**



- અસરઃ આ રોકાણથી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરની સાથે સાથે એરપોર્ટ સેક્ટરને પણ મોટું પ્રોત્સાહન મળશે. આ રોકાણ ખાનગી ભાગીદારીનાં માધ્યમથી વિશ્વસ્તરીય એરપોર્ટ અને પરિવહન સંબંધિત ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વિક્સાવવાની ભારત સરકારની યોજનાને ઘણાં અંશે વેગ આપશે.
- તાજેતરમાં જાહેર કરવામાં આવેલી નેશનલ મોનેટાઇઝેશન પાઈપલાઈન (NMP) યોજનાને મોટું પ્રોત્સાહન મળશે, જેમાં રોડ, રેલવે, એરપોર્ટ, સ્ટેડીયમ, પાવર ટ્રાન્સમિશન લાઇનો અને ગેસ પાઈપલાઈન જેવી અસ્ક્યામતોનાં મેઈન્ટેનન્સનો સમાવેશ થાય છે. આ રોકાણથી પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ રોજગારીનુ સર્જન પણ થશે. ●

# આતંક પર આસ્થાનું પ્રતીક શ્રી સોમનાથ મંદિર



**સદીઓથી માનવતાના મૂલ્યોનું સાક્ષી બનેલું શ્રી સોમનાથ મંદિર આજે પણ સમગ્ર વિશ્વને આહવાન કરી રહ્યું છે કે સત્યને અસત્યથી હરાવી ન શકાય, આસ્થાને આતંકથી કચડી ન શકાય. અનેક વાર તોડવાના પ્રયાસો છતાં સોમનાથ મંદિર વિનાશ પર શ્રધ્ધાનું મજબૂત પ્રતીક બની ચૂક્યું છે. 20 ઓગસ્ટે શરૂ કરવામાં આવેલા નવા પ્રોજેક્ટ્સ સોમનાથ મંદિરની ભવ્યતા અને દિવ્યતાને વધારી રહી છે, જે ભક્તોને આકર્ષવાની સાથે સાથે પર્યટનની રીતે પણ લોકપ્રિય થઈ રહ્યું છે...**

समुद्रतीरे शशिना प्रतिष्ठितं
प्रभासतीर्थे परमं पवित्रम्
ज्योतिर्मयं गुर्जरभूमिरत्नं
तं सोमनाथं सततं नमामि।

એટલે કે સોમ એટલે કે ચંદ્રએ જેની સ્થાપના પ્રભાસના દરિયાકિનારે કરી છે, તે વિશ્વનું સર્વપ્રથમ જ્યોતિર્લિંગ

મહાદેવ શંકરનુ કૃપાસ્થાન સોમનાથ મંદિર અનેક આક્રમણો છતાં આજે પણ અડીખમ છે. હવે એ જ સોમનાથ મંદિરમાં નવા પ્રોજેક્ટ્સ પર્યટકો અને ભક્તોને આ ઐતિહાસિક સ્થળની દિવ્યતા અને ભવ્યતાની અનુભૂતિ કરાવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 20 ઓગસ્ટે સોમનાથ મંદિરના જે પ્રોજેક્ટ્સનો પ્રારંભ કર્યો તેનાથી અહીં આવનારા ભક્તો મંદિરની વાસ્તુકળાથી પરિચિત થશે, તો પર્યટકોની સંખ્યા વધવાથી રોજગારીની તકોમાં પણ વધારો થશે.

સરદાર વલ્લભભાઈ પટેલના પ્રયાસોથી શ્રી સોમનાથ મંદિરની સ્થાપના થઈ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રસ્ટી અને અધ્યક્ષ તરીકે છેલ્લાં 10 વર્ષમાં સોમનાથના વિકાસને નવી દિશા આપી છે. તેમનાં નેતૃત્વમાં મંદિરના ગર્ભગૃહ અને

# સોમનાથ મંદિર પરિસરની ભવ્યતા વધશે



## સમુદ્ર દર્શન પથ

સોમનાથના કુદરતી સૌંદર્યને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારની 'પ્રસાદ' યોજના અંતર્ગત સમુદ્ર દર્શન પથ બનાવવામાં આવ્યો છે. 1.5 કિલોમીટર લાંબો આ સમુદ્ર દર્શન પથ સોમનાથ મંદિરથી લઈને ત્રિવેણી સંગમ સુધી દરિયાના ઉછળતાં મોજાંને આગળ વધતાં રોકશે અને ભગવાન શંકરને મળવા આવી રહેલા દર્શનાર્થીઓને મોજાં સાથે વાતો કરાવશે. પબ્લિક એડ્રેસ સિસ્ટમ અને સીસીટીવી કેમેરાથી સજ્જ આ વોક-વે દર્શનાર્થીઓને સલામત રાખશે. બાળકોથી માંડીને વડીલો સુધી દરેક વ્યક્તિ આ પથનો આનંદ લઈ શકશે. સાથે સાથે, સ્થાનિક લોકો માટે રોજગારીની નવી તકો પણ લાવશે.

## સોમનાથ પ્રદર્શન ગેલેરી

આ ગેલેરી મંદિર સ્થાપત્યની થીમ પર બનાવવામાં આવી છે. સોમનાથ મંદિરના ખંડિત અવશેષોને અહીં સાચવીને રાખવામાં આવ્યા છે. મંદિરની વાસ્તુકલા, સ્થાપત્યનું મહત્વ અને અન્ય માહિતી અંગ્રેજી ભાષાની સાથે સાથે બ્રેઇલ લિપિમાં પણ આપવામાં આવી છે, જેથી દરેક વ્યક્તિ આપણા ભવ્ય ઈતિહાસથી માહિતગાર રહે.



## શ્રી પાર્વતી મંદિર શિલાન્યાસ

સોમનાથ મંદિર પરિસરમાં શ્રી પાર્વતી મંદિરનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. સોમનાથ ટ્રસ્ટે સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પાર્વતી મંદિરના નિર્માણની યોજના ઘડી છે. તેને મૂળ સ્વરૂપમાં બનાવવાન યોજના છે, જેની પાછળ રૂ. 30 કરોડનો ખર્ચ કરવામાં આવશે. તેમાં સોમપુરા સલાટ શૈલીનું મંદિર નિર્માણ, ગર્ભગૃહ અને નૃત્ય મંડપનો સમાવેશ થાય છે.



## પ્રાચીન સોમનાથ મંદિર

ઈન્દોરની મરાઠા મહારાણી અહિલ્યાબાઈ હોળકરે 1783માં પ્રાચીન સોમનાથ મંદિર સ્થાપ્યું હતું. સોમનાથ પર થઈ રહેલા આક્રમણો દરમિયાન આ મંદિરમાં જ સોમનાથ મહાદેવની પૂજા થતી હતી. પૂજા માટે મર્યાદિત જગ્યા અને સાંકડા પ્રવેશદ્વાર ધરાવતા આ જૂના મંદિર પરિસરનું નવનિર્માણ કરીને કુલ 1800 સ્કવેર મીટરના વિસ્તારને મંદિર પરિસરમાં સામેલ કરવામાં આવ્યો છે. મંદિરના પ્રવેશ માર્ગને સરળ બનાવવામા આવ્યો છે. પ્રથમ માળ પર બે વિશાળ હોલ, નીચેના માળે 16 દુકાનો અને વિશાળ પરિસર બનાવવામાં આવ્યું છે.

શિખરના કળશને સોનાથી જડવામાં આવ્યું અને લાઇટ એન્ડ સાઉન્ડ દ્વારા રોશન કરવામાં આવ્યું. તેમનાં પ્રયાસોથી વિવિધ અતિથીગૃહોમાં યાત્રીઓને વિશ્વસ્તરીય સુવિધા આપવામાં આવી. રામ મંદિર નિર્માણ અને ભાલકા તીર્થનું નવનિર્માણ કરીને આજે સોમનાથની એવી કાયાપલટ કરવામાં આવી છે કે અહીં આવનારા યાત્રીઓની સંખ્યામાં પાંચ ગણો વધારો થયો છે. હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભક્તો માટે પર્યટન, આધ્યાત્મ અને ઈતિહાસ સાથે સંકળાયેલા સ્થળોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે, આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ સંબોધન કર્યું અને જણાવ્યું કે, આ નવા પ્રોજેક્ટ્સથી અહીં આવનારા ભક્તો સોમનાથના ઈતિહાસમાંથી પ્રેરણા લેશે અને પર્યટનને પણ પ્રોત્સાહન મળશે. તેમણે જણાવ્યું હતું કે, "વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભારતીય સંસ્કૃતિના આસ્થા કેન્દ્રોનો સંપૂર્ણ વિકાસ કરવામાં આવી રહ્યો છે. આજે રામ મંદિરના રૂપમાં નવા ભારતના ગૌરવનો એક પ્રકાશ સ્તંભ ઊભો થઈ રહ્યો છે. ઈતિહાસમાંથી શીખીને વર્તમાનને સુધારવાની અને નવું ભવિષ્ય બનાવવાની આપણી દ્રષ્ટિ હોવી જોઇએ. 'ભારત જોડો' આંદોલન માત્ર ભૌગોલિક કે વૈચારિક જોડાણ પૂરતું મર્યાદિત નથી. તે આપણા ભૂતકાળ સાથે જોડવાનો પણ સંકલ્પ છે."




## વડાપ્રધાનનું સંબોધનઃ ઊડતી નજરે

- આજે પર્યટન સામાન્ય માણસને જોડી રહ્યું છે, એટલું જ નહીં પ્રગતિના પંથે પણ છે. આપણી આસ્થા 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ની અભિવ્યક્તિ છે. સોમનાથ મંદિર આપણી સંસ્કૃતિ અને માનવીય વિચારધારાની શક્તિનું પ્રદર્શન છે.
- ભારત જોડો આંદોલન આવતી કાલના ભારતના નિર્માણ માટે આપણને આપણા ભૂતકાળ સાથે જોડશે. ચાર ધામ, શક્તિ પીઠ અને વિવિધ તીર્થ 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ની ભાવનાની અભિવ્યક્તિ છે. 12 જ્યોતિર્લિંગ સમગ્ર ભારતને જોડે છે.
- સરદાર પટેલે આપણને ભારતના પ્રાચીન ગૌરવનને પુનર્જીવિત કરવાનો માર્ગ દર્શાવ્યો છે. લોકમાતા અહિલ્યાબાઈ હોળકરે અનેક મંદિરોનો કાયાકલ્પ કર્યો. આજે કરવામાં આવેલું ઉદઘાટન આપણા ધાર્મિક પ્રયાસ અને પર્યટન વચ્ચેની કડીને મજબૂત કરશે. સોમનાથ પ્રદર્શન કેન્દ્ર આપણા યુવાનોને આપણા સમૃધ્ધ સાંસ્કૃતિક વારસા સાથે જોડશે.
- પ્રસાદ યોજના અંતર્ગત 15 પ્રોજેક્ટ્સને પૂરા કરવામાં આવ્યા છે. આનાથી પર્યટનને પ્રોત્સાહન મળી રહ્યું છે. ઇ-વિઝા, વીઝા ઓન એરાઇવલ અને હોસ્પિટાલિટી સેક્ટરમાં જીએસટીમાં ઘટાડો જેવાં પગલાંએ પર્યટન ક્ષેત્રને પ્રોત્સાહન આપ્યું છે.
- દેશભરમાં 19 પ્રસિધ્ધ પર્યટન સ્થળોની ઓળખ કરીને તેને વિક્સિત કરવામાં આવી રહ્યા છે. આ તમામ પ્રોજેક્ટ્સ આગામી સમયમાં આપણા પર્યટન ઉદ્યોગને નવી ઊર્જા પ્રદાન કરશે. ●

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

## પર્યટન ક્ષેત્રમાં પ્રગતિ



**34** મા ક્રમ પર પહોંચ્યું ભારત પર્યટન સ્પર્ધાત્મક સૂચકાંકમાં

**પ્રસાદ યોજના**

**40**

મુખ્ય તીર્થ સ્થળોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે, જેમાંથી 15 અગાઉ પૂરા થઈ ચૂક્યા છે.

**100**

કરોડ રૂપિયાથી વધુનાં ત્રણ પ્રોજેક્ટ્સ પર ગુજરાતમાં કામ ચાલી રહ્યું છે. સાથે સાથે, તીર્થ સ્થળોને જોડવા પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

- પર્યટન અને આધ્યાત્મિક પર્યટનની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષમતા વધી છે કારણ કે દેશ આધુનિક માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરીને પ્રાચીન ગૌરવને પુનર્જીવિત કરી રહ્યો છે.
- પર્યટન મંત્રાલય સ્વદેશ દર્શન યોજના અંતર્ગત 15 વિષયો પર પર્યટન સર્કિટનું વિસ્તરણ કરી રહ્યું છે, જેનાથી ઉપેક્ષિત વિસ્તારોમાં પર્યટનની તકો પેદા થશે.
- રામાયણ સર્કિટ રામ ભક્તોને ભગવાન રામ સંબંધિત નવા સ્થળોથી પરિચિત કરાવી રહી છે અને તેમને ભગવાન રામ સમગ્ર ભારતના હોવાની પ્રતીતિ કરાવી રહી છે.
- બુધ્ધ સર્કિટ વિશ્વભરના ભક્તોને સુવિધા પૂરી પાડી રહી છે.
- કેદારનાથ જેવા પર્વતીય વિસ્તારોમાં વિકાસ, ચાર ધામો માટે સુરંગ અને હાઇવે, વૈષ્ણોદેવીમાં વિકાસ કાર્ય, પૂર્વોત્તરમાં હાઇ-ટેક માળખાકીય સુવિધાઓ અંતર ઘટાડી રહી છે.
- દેશ સામાન્ય નાગરિકોને પર્યટનના માધ્યમથી જોડી રહ્યો છે એટલું જ નહીં પણ આગળ વધી રહ્યો છે. યાત્રા અને પર્યટન સ્પર્ધાત્મક સૂચકાંકમાં ભારત 2013માં 65મા સ્થળે હતો, જે 2019માં 34મા સ્થાને પહોંચી ગયો છે.

## માળખાકીય વિકાસ

# નેશનલ મોનેટાઇઝેશન પાઇપલાઇન



### ચાર વર્ષ માટે સરકારી અસ્કયામતો ભાડે આપીને રૂ. ચાર લાખ કરોડની આવક થશે, જે લોકકલ્યાણ માટે ખર્ચાશે

**લોકોનું જીવન સરળ બનાવવા (ઇઝ ઓફ લિવિંગ) માટે સારું અને ગુણવત્તાપૂર્ણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરી છે. અર્થતંત્રના સંદર્ભમાં જોઇએ તો પણ સૌથી વધુ રોજગાર સર્જન કરતા સેક્ટર્સમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે. આ સેક્ટરમાં રોકાણ દ્વારા લોકોને વધુ સારી માળખાકીય સુવિધાઓ મળશે, તો રોજગારના સાધનોમાં પણ વધારો થશે. ગયા વર્ષે સ્વતંત્રતા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી રૂ. 110 લાખ કરોડની નેશનલ પાઇપલાઇન ઇન્ફ્રાસ્ટ્રક્ચર યોજના જાહેર કરી હતી. હવે કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારામને નેશનલ મોનેટાઇઝેશન પાઇપલાઇન યોજના (NMP) જાહેર કરી હતી, જે અંતર્ગત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં સરકારી અસ્કયામતોમાં ચાર વર્ષ માટે ખાનગી રોકાણ આકર્ષવામાં આવશે, જેનાથી માળખાકીય સુવિધાઓ વધવાની સાથે સાથે રોજગાની તકો પણ પેદા થશે...**

**“સ“સરકારની એ ફરજ છે કે તે દેશના વેપાર-ઉદ્યોગસાહસિકોને સંપૂર્ણ મદદ કરે. સરકાર પોતે બિઝનેસ કરે અને માલિક બની રહે, એ આજના સમયમાં શક્ય નથી. સરકારનું ફોકસ લોક કલ્યાણ અને વિકાસ સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સ પર હોવું જોઇએ.”** સામાન્ય બજેટ પછી માર્ચ મહિનામાં રોકાણકારો સાથેની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉચ્ચારેલા આ શબ્દો એ કહેવા માટે પૂરતાં છે કે હવે સરકારની કાર્યશૈલીમાં ખાનગી ક્ષેત્રને પણ વિશ્વાસ સાથે સામેલ કરવામાં આવ્યું છે, જેથી સમાજના છેવાડા સુધી યોજનાઓ અને જાહેરાતોને સમયબધ્ધ રીતે પહોંચાડી શકાય. આવું પહેલી વાર બન્યું કે ખુદ વડાપ્રધાને સામાન્ય બજેટ બાદ તેનાં વિઝનને સાકાર કરવા માટે નિષ્ણાતો સાથે સીધો સંવાદ કર્યો હોય. ખાનગી ક્ષેત્ર પર વિશ્વાસ મૂકીને માળખાકીય સુવિધાઓના વિકાસ અને સામાન્ય માણસ સુધી સારી અને કિફાયતી દરે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી નેશનલ મોનેટાઇઝેશન પાઇપલાઇન (એનએમપી) યોજનાની શરૂઆત કરવામાં આવી છે. નીતિ આયોગે ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલા તમામ મંત્રાલયો સાથે પરામર્શ કરીને અહેવાલ તૈયાર કર્યો છે. આ અંતર્ગત નાણાંકીય વર્ષ 2021-22થી 2024-25 સુધીનાં ચાર વર્ષ માટે ખાનગી ક્ષેત્રને સરકારની અસ્ક્યામતો ભાડે આપવામાં આવશે, જેમાંથી સરકારને રૂ. ચાર લાખ કરોડની આવક થશે. આ અસ્ક્યામતોમાં રેલવે, રસ્તા જેવી માળખાકીય સુવિધાઓનો સમાવેશ થાય છે. નાણાંમંત્રી નિર્મલા સીતારામને 23 ઓગસ્ટનાં રોજ તેનો પ્રારંભ કર્યો હતો.

નાણાંમંત્રીએ કહ્યું હતું, “આ યોજના ભારતના તમામ સામાન્ય નાગરિકો સુધી વધુ સારી અને કિફાયતી માળખાગત સુવિધાઓ પહોંચાડવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ છે. મોનેટાઇઝેશનના માધ્યમથી સરકારની અસ્ક્યામતોને ચલાવવા ખાનગી ક્ષેત્રને આપવાનો હેતુ નવી માળખાકીય સુવિધાઓ અથવા તો ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાનો છે. રોજગારની તકો પેદા કરવા માટે આ અત્યંત જરૂરી છે, કારણ કે તેનાથી આર્થિક વિકાસની

# આ સેક્ટરમાંથી પૈસા આવશે

- સરકારે આ પ્રોગ્રામમાં છ લાખ કરોડ રૂપિયાની જે સંપત્તિ નક્કી કરી છે, તેમાં રોડ સૌથી ઉપર છે. તેનાં દ્વારા રૂ. 1,60,200 કરોડ એકત્ર કરવામાં આવશે.
- સરકારનો હેતુ હાઈવેને બિલ્ડ, ઓપરેટ, ટ્રાન્સફર (BOT) મોડલ પર ટ્રાન્સફર કરીને રૂ. 1.5 લાખ કરોડ એકત્ર કરવાની યોજના છે.
- એ પછી રેલવેનો ક્રમ આવે છે, જેમાં સરકારે રૂ. 52 લાખ કરોડ એકત્ર કરવાનો લક્ષ્ય નક્કી કર્યો છે.
- એ પછી પાવર સેક્ટર એટલે કે પાવર ગ્રિડની ટ્રાન્સમિશન લાઈનનાં મોનેટાઇઝેશન દ્વારા સરકારે રૂ. 45,200 કરોડ એકત્ર કરવાનો લક્ષ્ય નક્કી કર્યું છે.
- NTPC, NHPC અને કોલ ઈન્ડિયાના હાઇડ્રો પાવર પ્રોજેક્ટ્સનું મોનેટાઇઝેશન કરીને સરકારે રૂ. 39,832 કરોડ એકત્ર કરવાનો લક્ષ્ય નક્કી કર્યું છે.
- ગેસ સેક્ટરમાં GAIL ની પાઇપલાઇનનું મોનેટાઇઝેશન કરીને આશરે રૂ. 24,000 કરોડનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે.
- IOCL અને HPCL ની પાઇપલાઇનનું મોનેટાઇઝેશન કરીને રૂ. 22,000 કરોડનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.

### બજેટમાં નાણાંમંત્રીએ ચર્ચા કરી હતી



નાણાંમંત્રી નિર્મલા સીતારામન વર્ષ 2021-22નું બજેટ રજૂ કરી રહ્યાં હતાં ત્યારે તેમણે નેશનલ મોનેટાઇઝેશન પાઇપલાઇનની ચર્ચા કરી હતી. એ સમયે તેમણે કહ્યું હતું કે, મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ખર્ચ કાઢવા માટે જાહેર ક્ષેત્ર એટલે કે સરકારી સંપત્તિઓનું મોનેટાઇઝેશન મુખ્ય સ્રોત હશે.

### ચાર વર્ષમાં છ લાખ કરોડ એકત્ર કરાશે



આ એસેટને એક ચોક્કસ સમયમર્યાદા માટે ખાનગી ક્ષેત્રને સોંપવામાં આવશે. નક્કી કરેલા સમય બાદ તેને સરકારને પાછી આપવાની રહેશે. ચાર વર્ષની મુદત એટલે કે વર્ષ 2022-25 દરમિયાન એનએમપી અંતર્ગત કુલ રૂ. 6 લાખ કરોડની આવક થવાનો અંદાજ છે.

### અન્ય લોક કલ્યાણના કાર્યો પર ખર્ચ કરાશે

મોનેટાઇઝેશન દ્વારા એકત્ર થનારા રૂ. 6 લાખ કરોડને લોકકલ્યાણના અન્ય કાર્યો પર ખર્ચ કરવામાં આવશે. 2021-22ના બજેટ ભાષણમાં નાણાં મંત્રી નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે, નવી માળખાકીય સુવિધાઓનાં નિર્માણ માટે એસેટ મોનેટાઇઝેશન અત્યંત મહત્વનો વિકલ્પ છે. આ એસેટના મોનેટાઇઝેશનથી ભંડોળ પ્રાપ્ત થશે એટલું જ નહીં, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના મેઈન્ટેનન્સ અને વિસ્તરણ માટે વધુ સારો વ્યૂહ ઘડી શકાશે.

ગતિ ઝડપી કરીને લોક કલ્યાણ માટે ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોનું અવરોધ વિના એકીકરણ શકય બનશે."

**મોનેટાઇઝેશન એટલે શું..**

એસેટ મોનેટાઇઝેશનનો અર્થ છે જેનો હજુ સુધી પૂરે પૂરો ઉપયોગ નથી કરવામાં આવ્યો તેવી સરકારની સંપત્તિ દ્વારા આવક મેળવવી. તેને બ્રાઉનફીલ્ડ એસેટ કહેવામાં આવે છે. કેન્દ્ર સરકારે મોનેટાઇઝેશન માટે નીતિ આયોગને એક અહેવાલ તૈયાર કરવા જણાવ્યું હતું. નીતિ આયોગે મંત્રાલયોના સલાહકારો સાથે પરામર્શ કરીને એવી અસ્ક્યામતોની યાદી તૈયાર કરી છે, જ્યાં એસેટ મોનેટાઇઝેશનની સંભાવના છે. આ સેક્ટર છે રેલવે, માર્ગ પરિવહન અને હાઇવે, શિપિંગ, ટેલિકોમ, વીજળી, નાગરિક ઉડ્ડયન, પેટ્રોલિયમ અને નેચરલ ગેસ, યુવા બાબતો અને રમતગમત.

**સરકાર કશું પણ વેચવાની નથી**

નાણાંમંત્રી નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે, લોકોને એવો ભ્રમ ન હોવો જોઇએ કે સરકાર કંઈક વેચવા જઈ રહી છે. આ તમામ અસ્ક્યામતોની માલિકી સરકાર પાસે જ રહેશે અને ખાનગી કંપનીઓ થોડાં વર્ષો બાદ આ સંપત્તિઓ સરકારને પાછી આપી દેશે. આ વ્યૂહના ભાગ રૂપે અસ્ક્યામતોનો મોટો હિસ્સો સરકાર પાસે જ રહેશે. એસેટ મોનેટાઇઝેશનને કુશળતાપૂર્વક અને અસરકારક રીતે પાર પાડવા માટે સરકાર નીતિગત અને નિયમનકારી હસ્તક્ષેપ દ્વારા સમર્થન આપશે. તેમાં સંચાલનની પદ્ધતિને વ્યવસ્થિત કરવી, રોકાણકારો દ્વારા ભાગીદારીને પ્રોત્સાહન અને વ્યાવસાયિક ક્ષમતાને સુગમ બનાવવાનો સમાવેશ થાય છે. એસેટ મોનેટાઇઝેશન પ્રોગ્રામમાં માળખાગત સુવિધાઓની સારી ગુણવત્તા, સંચાલન અને મેઈન્ટેનન્સની ખાતરી મળશે અને ખાનગી રોકાણકારો / ડેવલપર્સ બંને માટે મૂલ્યવર્ધન કરવાનું માધ્યમ બનશે. સાથે સાથે, ઉચ્ચ કક્ષાની પાયાની સુવિધાઓને કારણે નાગરિકો લાભ થશે અને ખાનગી રોકાણ દ્વારા રોજગારીની નવી તકો પેદા થશે.

## વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન

# કોવિડ સામેની લડાઈમાં જીતનો નિર્ધાર




**કોવિડને હરાવવો હોય તો રસીકરણ કરાવવું જરૂરી છે, કારણ કે કોવિડ-19 વિરુધ્ધની લડાઈમાં રસીકરણ જ સૌથી અસરકારક કવચ છે. આ કારણસર જ કેન્દ્ર સરકાર કોવિડ-19 રસીકરણની ગતિમાં ઝડપ લાવવા અને તેનો વ્યાપ વધારવા માટે પ્રતિબધ્ધ છે. ભારતમાં 'ટેસ્ટ, ટ્રેસ અને ટ્રીટમેન્ટ'ની સાથે વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. 'સબકા સ્વાસ્થ્ય, સબકી સુરક્ષા'ના મંત્રની સાથે દેશ કોવિડ-19 રસીકરણમાં મક્કમતાથી આગળ વધી રહ્યો છે....**

ભારતના સૌથી મોટો જિલ્લા કચ્છનો મોટા ભાગનો વિસ્તાર રેતાળ અને કળણવાળો છે. અહીં કોરોનાની રસી પહોંચાડવી પડકારજનક કામ હતું. પણ વહીવટીતંત્રની મદદ અને તત્પરતાને પરિણામે એ શક્ય બન્યું. આજે દરેક ગામ અને તાલુકામાં ઝડપથી રસીકરણ ચાલી રહ્યું છે. કેન્દ્ર સરકારની દ્રઢ ઇચ્છાશક્તિનાં પરિણામે આજે દેશના દરેક પછાત અને અંતરિયાળ વિસ્તારો, દુર્ગમ અને કુદરતી પડકારોનો સામનો કરી રહેલા વિસ્તારોમાં પણ વ્યવસ્થિત રીતે રસીકરણ ચાલી રહ્યું છે. કપરા સંજોગોમાં પણ રસીકરણ કાર્ય માટેની પ્રતિબધ્ધતા અને દ્રઢ સંકલ્પને પરિણામે બિહારના મુઝફ્ફરપુરમાં પુરગ્રસ્ત વિસ્તારમાં હોડી દ્વારા રસીકરણ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરી માટે એક હોડીને એમ્બ્યુલન્સમાં પરિવર્તિત કરવામાં આવી છે.

### સલામતીનો પ્રથમ ઉપાય-રસીકરણ

રસીકરણ પ્રત્યે નાગરિકો અને આરોગ્ય કર્મચારીઓની સજગતાનાં પરિણામે આજે દેશમાં અનેક ગામ એવાં છે જ્યાં 100 ટકા રસીકરણ થઈ ચૂક્યું છે. ગુજરાતના રાજકોટ જિલ્લામાં 62 ગામ એવાં છે જ્યાં 100 ટકા લોકોને પ્રથમ ડોઝ લગાવવામાં આવ્યો છે. વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનમાં ભારતે ઇતિહાસ રચ્યો છે અને દેશમાં 50 ટકાથી વધુ પુખ્તોએ કોવિડનો પ્રથમ ડોઝ લઈ લીધો છે. ભારતમાં પ્રથમ 10 કરોડ ડોઝ લગાવવામાં 85 દિવસ લાગ્યા હતા, જ્યારે પછીના 10 કરોડ ડોઝ લગાવવામાં 45 દિવસ જ લાગ્યા હતા. પછીના 10 કરોડ ડોઝ લગાવવામાં 29 દિવસ, પછીના 10 કરોડ ડોઝ માટે 24 દિવસ લાગ્યા હતા. 40 કરોડ બાદ 50 કરોડ રસી લગાવવામાં માત્ર 20 દિવસ જ લાગ્યા હતા. 50 કરોડથી 60 કરોડ ડોઝ સુધી પહોંચવામાં માત્ર 19 દિવસ જ લાગ્યા હતા. આટલું જ નહીં, 16

ઓગસ્ટનાં રોજ દેશમાં 88.13 લાખ રસી મૂકવામાં આવી હતી, જ્યારે 27 ઓગસ્ટે એક કરોડ લોકોને રસી મૂકવામાં આવી હતી. 31 ઓગસ્ટે 1.33 કરોડ રસીનો વિક્રમ સર્જવામાં આવ્યો હતો, જે અત્યાર સુધી દેશ અને દુનિયામાં એક દિવસમાં કરવામાં આવેલું સૌથી મોટુ રસીકરણ છે. હિમાચલ પ્રદેશમાં 18 વર્ષથી વધુ વયના 100 ટકા લોકોને કોરોના રસીનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. આ લખાય છે ત્યાં સુધી દેશમાં અત્યાર સુધી લગભગ 73 કરોડ લોકોને રસી આપવામાં આવી ચૂકી છે. આ સાથે, ભારતે ફરી એક વાર વિશ્વને બતાવી દીધું છે કે તે દરેક વિઘ્ન, દરેક મર્યાદાને તોડવાનું જાણે છે.

### સલામતીનો બીજો ઉપાય-બચાવ

કોવિડથી સલામતીનો બીજો ઉપાય છે-બચાવ. પ્રત્યેક નાગરિકે માસ્ક પહેરવું, સતત હાથ ધોવા, સલામત અંતર જાળવવું જોઇએ અને શિસ્તબધ્ધ તથા સ્વસ્થ જીવનશૈલીને અપનાવવી જોઇએ. જંક ફુડ ખાવાનું ટાળવું જોઇએ અને સરખી રીતે રાંધવામાં આવેલું ભારતીય ભોજન આરોગવું જોઇએ, જે આપણી શારીરિક અને જળવાયુ પરિસ્થિતિને માફક હોય.

### શાળાના શિક્ષકો અને કર્મચારીઓનું રસીકરણ


કેન્દ્ર સરકારે શાળાના શિક્ષકો અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને પ્રાથમિકતાના આધારે રસીકરણ માટે 27થી 31 ઓગસ્ટ સુધી બે કરોડથી વધુ વધારાના ડોઝ રાજ્યોને ઉપલબ્ધ કરવાનો નિર્ણય લીધો. આ સંદર્ભમાં કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને આગ્રહ કર્યો હતો કે પાંચ સપ્ટેમ્બરે મનાવવામાં આવતા શિક્ષક દિવસ પહેલાં તમામ શિક્ષકોને પ્રાથમિકતાના આધારે રસી લગાવવામાં આવે. આ રસીકરણ કાર્યક્રમ શાળાના શિક્ષકો અને કર્મચારીઓ (સરકારી અને ખાનગી બંને) બંને માટે રાખવામાં આવ્યો હતો. શાળાના શિક્ષકો અને બિન શૈક્ષણિક કર્મચારીઓને પ્રાથમિકતાના આધારે રસી લગાવવાનો હેતુ રસીકરણ કાર્યક્રમને જરૂરી પ્રોત્સાહન આપવાનો હતો. બીજી બાજુ, ઘણાં રાજ્યોમાં ફરીથી શાળાઓ ખુલી ગઈ છે, ત્યારે સલામતીના સંદર્ભમાં આ રસીકરણ ઘણું ઉપયોગી છે.

### હવે વોટ્સએપ પર કરાવો કોરોના રસીનું બુકિંગ

કોરોના રસી માટેનો સ્લોટ હવે વોટ્સએપ દ્વારા પણ બુક કરાવી શકાય છે. આ માટે તમારા ફોનમાં 9013151515 નંબર સેવ કરો. આ નંબર MyGov Corona Helpdeskનો નંબર છે. આ નંબર પર જઈને Book Slot મેસેજ કરો. એ પછી કોવિન તરફથી એક ઓટીપી આવશે, ઓટીપી નંબર એન્ટર કર્યા બાદ કેટલાંક સ્ટેપ ફોલો કરવા પડશે એ પછી સ્લોટ બુક થશે. આ સુવિધા અંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, નાગરિક સુવિધાના નવા યુગની શરૂઆત થઈ ગઈ છે. હવે તમે ગણતરીની મિનિટોમાં જ રસીકરણ માટે સરળતાથી સ્લોટ બુક કરાવી શકો છો ●

## 72.37 કરોડ રસી મૂકવામાં આવી 9 સપ્ટેમ્બર સુધી

### રસીકરણની સૌથી ઝડપી ગતિઃ માત્ર 19 દિવસોમાં 10 કરોડને રસી




### સ્વદેશી MRNA રસી સલામત

દેશમાં કોરોનાની વધુ એક રસી આવવાની સંભાવના છે. દેશની પ્રથમ MRNA આધારિત કોવિડ રસી સલામત હોવાનું પુરવાર થયું છે. હવે તેને બીજા અને ત્રીજા તબક્કા માટે આગળ ધપાવવામાં આવશે. આ રસીનું ઉત્પાદન પૂણે સ્થિત જેનોવા બાયોફાર્માસ્યુટિકલ્સે કર્યું છે. તેને સાયન્સ અને ટેકનોલોજી મંત્રાલયના બાયો ટેકનોલોજી વિભાગના IND-CEPI મિશન અંતર્ગત ગ્રાન્ટ પણ મળી છે. એમ માનવામાં આવે છે કે આ રસી ભારત અને વિશ્વ બંને માટે મહત્વનું સાબિત થશે. વળી, દેશના સ્વદેશી વેક્સિન વિકાસ મિશનમાં આ રસી મહત્વની ઉપલબ્ધિ ગણાશે અને તે ભારતને વિશિષ્ટ વેક્સિનના વૈશ્વિક નકશામાં પણ સ્થાન આપી શકે તેમ છે.

### ઓક્ટોબર સુધી બજારમાં આવી શકે છે બાળકોની રસી

સોય વગર આપવામાં આવતી (નીડલલેસ)દેશમાં બનેલી વિશ્વની પ્રથમ કોવિડ રસી ઝાયકોવ-ડી ઓક્ટોબર મહિના સુધી બજારમાં આવી શકે છે. 12થી 18 વર્ષના જૂથના બાળકો માટેની આ રસીને થોડાં દિવસો પહેલાં મંજૂરી મળી છે. આ



રસીથી રસીકરણ કાર્યક્રમને વેગ મળશે. સૌ પ્રથમ એ બાળકોને રસી લગાવવામાં આવશે, જે ગંભીર બિમારીઓનો સામનો કરી રહ્યા છે. રિસર્ચ રિપોર્ટ પ્રમાણે, દેશમાં 12થી 17 વર્ષની ઉંમરના લગભગ 12 કરોડ બાળકો છે. આ રસીને મંજૂરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વૈજ્ઞાનિકોનાં અભિન્ન ઉત્સાહનું પ્રમાણ ગણાવ્યું હતું,



# સ્વતંત્રતા સંગ્રામના પાયાના પથ્થર

**ભારતની આઝાદીની લડાઇ એકતા, શક્તિ અને દ્રઢ સંકલ્પના સ્વર્ણિમ અધ્યાયોથી ભરપૂર છે. તેથી, આઝાદી કા અમૃત મહોત્સવ એકતા અને આઝાદીની ભાવનાનો ઉત્સાહ છે, એટલું જ નહીં, પણ તે સામાન્ય માણસનો ઉત્સવ છે, જેમાં દરેક ભારતીયની ભાગીદારી છે. આ મહોત્સવને સફળ બનાવવા માટે તમામ ક્ષેત્રો, ભાષાઓ અને રાજકીય વિચારો ધરાવતા લોકો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે અને ગરીબી, અસમાનતા, નિરક્ષરતા, ખુલ્લામાં શૌચ, આતંકવાદ અને ભેદભાવને ખતમ કરવા અને આ દૂષણોને 'ભારત છોડો' કહેવાનો સંકલ્પ પણ લઈ રહ્યા છે...**

જલિયાંવાલા બાગ દેશનો એક વિસ્તાર કે જગ્યા માત્ર નથી, પણ એ સ્થાન છે જેણે સરદાર ઉધમસિંહ, સરદાર ભગતસિંહ જેવા અસંખ્ય ક્રાંતિકારીઓ, સેનાનીઓને હિન્દુસ્તાનની આઝાદી માટે મરી ફીટવાની હિંમત આપી. 13 એપ્રિલ, 1919નાં રોજ અહીં બનેલી 10 મિનિટની ઘટના આપણી આઝાદીની લડાઈની સત્યગાથા બની ગઈ. તાજેતરમાં જલિયાંવાલા બાગ સ્મારક પરિસરનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 28 ઓગસ્ટનાં રોજ વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ પરિસર રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન, તેમણે સ્મારકમાં મ્યુઝીયમ ગેલેરીનું પણ ઉદઘાટન કર્યું. કાર્યક્રમ દરમિયાન, આ પરિસરની સુધારણા માટે સરકારે કરેલાં વિકાસ કામોને પણ દર્શાવવામાં આવ્યા હતા. જલિયાંવાલા બાગ પરિસરમાં આધુનિકીકરણ અંતર્ગત લાંબા સમયથી નકામી પડેલી અને ઓછો ઉપયોગ ધરાવતી ઇમારતોને ફરીથી ઉપયોગમાં લેવા માટે ચાર મ્યુઝીયમ ગેલેરી બનાવવામાં આવી. આ ગેલેરી એ સમયગાળામાં પંજાબમાં બનેલી વિવિધ ઘટનાઓના વિશેષ ઐતિહાસિક મહત્વને દર્શાવે છે. પંજાબની સ્થાનિક સ્થાપત્ય શૈલીને અનુરૂપ ધરોહર સંબંધિત વિસ્તૃત પુનર્નિર્માણ કાર્ય કરવામાં આવ્યું છે. આ સ્મારક દેશની આઝાદીના 75મા વર્ષે આઝાદીના લડવૈયાઓને ઉચિત શ્રદ્ધાંજલિ છે. આ પરિસર એવા સમયે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી રહ્યું છે જ્યારે દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. આઝાદી કા અમૃત મહોત્સવ દેશવાસીઓમાં નવી ઊર્જા અને નવચેતનાનો સંચાર કરી રહ્યો છે એટલું જ નહીં, દરક નાગરિકના હૃદયમાં દેશપ્રેમની લાગણી જન્માવી રહ્યો છે. ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો એક જ હેતુ અને એક જ લક્ષ્ય હતો. કોઇ પણ કિંમતે ભારત માતાનાં ગૌરવ અને સન્માનનુ રક્ષણ કરવું. માં ભારતીના અનેક સપૂતોએ પોતાની જીંદગીની પરવાહ નહોતી કરી. તેઓ પોતાના કર્તવ્ય પર આગળ વધતા ગયા, વિજયી બન્યા અને ભારતમાતાનું ગૌરવ વધાર્યું. આઝાદી કા અમૃત મહોત્સવમાં આ વખતે એવા નાયકોની કહાની, જે આજે પણ કરોડો ભારતીયોને કંઇક કરી છૂટવા માટે પ્રેરિત કરી રહી છે...

# ભારતની આઝાદી માટે ભગતસિંહે બાળપણમાં જ ક્રાંતિ દૂત બનવાનું સ્વપ્ન સેવ્યું હતું



**જન્મઃ 28 સપ્ટેમ્બર, 1907**
**મૃત્યુઃ 23 માર્ચ, 1931**

**એક વાર જેલમાં ભગત સિંહને પૂછવામાં આવ્યું, તમે કેસમાં પોતાનો બચાવ કેમ ન કર્યો. ? તેમણે જવાબ આપ્યો, "સ્વતંત્રતા સેનાનીઓએ મરવાનું જ હોય છે. કારણ કે તેમનાં મરવાથી જ તેમનું અભિયાન મજબૂત થાય છે, અદાલતમાં અપીલ કરવાથી નહીં."**

એક બાળક માટીના ઢગલા બનાવીને તેના પર નાની નાની સાંઠીકડી લગાવતો હતો. તેને આવું કરતાં જોઇને તેના પિતાએ કુતુહલવશ પૂછ્યું, "શું કરી રહ્યો છે.?" પેલા બાળકે જવાબ આપ્યો, "બંદૂકો વાવી રહ્યો છું. જ્યારે હું મોટો થઈશ ત્યારે ઝાડ પર બંદૂકો ઊગી જશે અને તેનાથી હું અત્યાચારી અંગ્રેજો સામે લડીશ." આવી હિંમતભરી વાત કરનાર બાળક મોટો થઈને ભારતનો મહાન ક્રાંતિકારી બન્યો, જેને આજે દુનિયા ભગતસિંહના નામે ઓળખે છે. ભારતીય સ્વતંત્રતા સંગ્રામ એવા ક્રાંતિકારી સાહસથી ભર્યો છે જે આજે પણ આપણને પ્રેરણા આપે છે. ભગતસિંહ આવા જ એક શહીદ ક્રાંતિકારી હતા, જેમણે ક્રાંતિ અને જનચેતના જગાવીને દેશને નવી દિશા આપી હતી. 28 સપ્ટેમ્બર, 1907નાં રોજ જન્મેલા ભગતસિંહ દેશ પ્રત્યે પ્રેમ અને આઝાદી માટે જુસ્સો ધરાવતા હતા. તેમનું માનવું હતું કે, અંગ્રેજો એમ માને તેવા નથી. તેમને તાકાતના જોરે જ પાઠ ભણાવી શકાય તેમ છે. 1919નું વર્ષ હતું, જ્યારે અંગ્રેજ સરકારે જલિયાંવાલા બાગમાં નિર્દોષ લોકોને રહેંસી નાખ્યા હતા. આ હત્યાકાંડ બાદ 12 વર્ષનો ખુશમિજાજ અને ચંચળ છોકરો ભગતસિંહ પણ એ જગ્યાએ ગયો. આ સ્થળ જોઇને તે સ્તબ્ધ થઈ ગયો. આ ઘટના પછી ભગતસિંહનાં મનમાં અંગ્રેજો પ્રત્યે નફરત પેદા થઈ અને એ જ જલિયાંવાલા બાગમાં અંગ્રેજી શાસન વિરુધ્ધ લડવાની પ્રતિજ્ઞા લીધી. ધીરે ધીરે તેનાં કદમ ક્રાંતિ તરફ વધતા ગયા. તેમણે લાહોરમાં જ્હોન સેન્ડર્સની હત્યા કરી અને પછી દિલ્હીમાં સેન્ટ્રલ એસેમ્બલીમાં બોંબ વિસ્ફોટ કરીને બ્રિટિસ સામ્રાજ્ય વિરુધ્ધ ખુલ્લો બળવો પોકાર્યો. થોડા સમય પછી બ્રિટિશ સરકારે ભગતસિંહને તેમના બે સાથીઓ રાજગુરુ અને સુખદેવ સાથે ફાંસી પર લટકાવી દીધા. એમ કહેવામાં આવે છે કે, ફાંસી અપાતા પહેલાં ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવે પોતાના હાથ જોડ્યા અને પોતાનું પ્રિય આઝાદી ગીત ગાવા લાગ્યા- 'કભી વો દિન ભી આયેગા કી જબ આઝાદ હમ હોંગે, યે અપની હીં જમીં હોંગી યે અપના આસમાં હોગા..' તેમને ફાંસીના માંચડે લટકાવવા માટે લઈ જવામાં આવી રહ્યા હતા ત્યારે 'ઈન્કલાબ જીંદાબાદ' અને 'હિન્દુસ્તાન આઝાદ હો' ના સૂત્રોચ્ચાર કરતા હતા. સાથે સાથે 'સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ..' ગીત પણ ગાતા હતા. જેલમાં બંધ ભગતસિંહને મળવા તેમની માતા આવી ત્યારે તેને કહ્યું હતું, "માં, તુ મારી લાશ લેવા ના આવતી, ભાઈ કુલદીપને મોકલજે. કદાચ તુ મારી લાશ જોઇને રડી પડીશ તો લોકો કહેશે કે જૂઓ ભગતસિંહના માં રડી રહી છે." શહીદોમાં અગ્રણી પંક્તિમાં સ્થાન ધરાવતા શહીદ એ આઝમ ભગતસિંહ માત્ર 23 વર્ષની નાની ઉંમરમાં વૈચારિક પરિપક્વતા અને લક્ષ્ય પ્રત્યે દ્રઢતા ધરાવતા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભગતસિંહને યાદ કરતા જણાવ્યું હતું કે, "શું તમે કલ્પના કરી શકો કે એક હુકૂમત, જેનું વિશ્વનાં મોટા ભાગના વિસ્તારોમાં શાસન હતું અને જેમના વિષે કહેવાતું હતું કે તેમના શાસનમાં સૂર્ય ક્યારેય અસ્ત નથી થતો. આટલી શક્તિશાળી હુકૂમત 23 વર્ષના યુવકથી ભયભીત થઈ ગઈ હતી. શહીદ ભગતસિંહ પરાક્રમી હોવાની સાથે સાથે વિદ્વાન અને ચિંતક પણ હતા. પોતાના જીવની ચિંતા કર્યા વિના ભગતસિંહ અને તેમના ક્રાંતિવીર સાથીઓએ એવા સાહસિક કાર્યો કર્યા જેનું દેશની આઝાદીમાં ઘણું મોટું યોગદાન હતું. શહીદ વીર ભગતસિંહના જીવનનું એક ઉમદા પાસું એ પણ હતું કે તેઓ ટીમવર્કનાં મહત્વને બહુ સારી રીતે સમજતા હતા. લાલા લાજપતરાય પ્રત્યે તેમનું સમર્પણ હોય કે પછી ચંદ્રશેખર આઝાદ, સુખદેવ, રાજગુરૂ સહિતના ક્રાંતિકારીઓ સાથે તેમની દોસ્તી હોય, તેમનાં માટે વ્યક્તિગત ગૌરવ ક્યારેય મહત્વનું નહોતું. તેઓ જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી એક મિશન માટે જીવ્યા અને તેનાં માટે પોતાનું બલિદાન આપી દીધું. – આ મિશન હતું ભારતને અન્યાય અને અંગ્રેજી શાસનથી મુક્તિ અપાવવી."



ભોગેશ્વરી ફુકનાની

# અંગ્રેજ અધિકારીને ડંડાથી પીટ્યો હતો

**જન્મઃ 1885 | મૃત્યુઃ 20 સપ્ટેમ્બર, 1942**

સ્વતંત્રતા સંગ્રામમાં ભારત છોડો આંદોલને ભારતના વિવિધ ભાગોમાંથી અનેક મહિલાઓને લડવા માટે પ્રેરણા મળી હતી અને તેમાંથી એક મોટું નામ ભોગેશ્વરી ફુકનાનીનું પણ હતું. પ્રખર સ્વતંત્રતા સેનાની ભોગેશ્વરી ફુકનાનીનો જન્મ 1885માં આસામના નાગાંવ જિલ્લાના બરહામપુરમાં થયો હતો. તેઓ એક સાધારણ ગૃહિણી હતા અને તેમના પરિવારમાં પતિ ભોગેશ્વર ફુકન અને આઠ બાળકો હતા. ભોગેશ્વરીએ ભારત છોડો આંદોલન દરમિયાન પૂર્વોત્તર ભારતમાં  મહત્વની ભૂમિકા નિભાવી હતી. તેમણે સ્વતંત્રતા સંગ્રામમાં લડવા માટે ભારતના વિવિધ ભાગોમાં અનેક મહિલાઓને પ્રેરણા પૂરી પાડી હતી. દેશ પ્રત્યેના અખૂટ પ્રેમને કારણે જ તેમને એક એવા ક્ષેત્રમાં મોટા પાયે બળવાનું નેતૃત્વ કરવા પ્રેરિત કર્યા જે રાષ્ટ્રવ્યાપી આંદોલનો અને સુધારણા આંદોલનોથી પ્રભાવિત હતા. મહિલાઓ માત્ર પરિવાર સંભાળવા જ હોય છે એવી માન્યતા હતી તેવા સમયે ભોગેશ્વરીએ બ્રિટિશ અધિકારીઓ સામે તથા કુપ્રથાઓ સામે વિરોધ પ્રદર્શનોમાં સક્રિય રીતે ભાગ લીધો. પાકટ વયનાં હોવા છતાં ફુકનાનીએ સ્વતંત્રતા સંગ્રામમાં હોંશભેર ભાગ લીધો એટલું જ નહીં પણ પોતાની બંને પુત્રીઓ અને છ પુત્રોને પણ લડવા માટે પ્રોત્સાહન આપ્યું. બ્રિટિશ સૈનિકોએ બરહમપુર કોંગ્રેસ કાર્યાલય પર કબ્જો જમાવી લીધો ત્યારે ભોગેશ્વરી સહિત અનેક ક્રાંતિકારીઓએ તેનો વિરોધ કર્યો અને કાર્યાલય પર ફરી પોતાનો કબ્જો મેળવ્યો. પણ અંગ્રેજો એમ હાર માને તેવા નહોતા. તેમણે કાર્યાલયને ફરીથી પોતાના કબ્જામાં લેવા બળપ્રયોગ કરવાનો નિર્ણય લીધો અને ભારતીયો પર અત્યાચાર કરવા માંડ્યો. ક્રાંતિકારીઓએ વંદે માતરમના સૂત્રો સાથે તેનો સખત વિરોધ કર્યો, જેની આગેવાની ભોગેશ્વરી કરી રહી હતી. આ દરમિયાન, અંગ્રેજો સાથે સામસામે લડાઈ થઈ. લડાઈ દરમિયાન, અંગ્રેજોએ એક અન્ય સ્વતંત્રતા સેનાની રત્નમાલાના હાથમાંથી તિરંગો છીનવી લીધો. ભોગેશ્વરીએ આ જોયું તો તેમનાથી રહેવાયું નહીં. ભારતીય તિરંગાનું અપમાન થતું જોઈને તેમણે એક અંગ્રેજ અધિકારીને ડંડાથી મારવાનું શરૂ કર્યું. અંગ્રેજોને ભોગેશ્વરી તરફથી આવી પ્રતિક્રિયાની આશા નહોતી. ગુસ્સે ભરાયેલા અંગ્રેજ સૈનિકે આ સાહસી વીરાંગનાને ગોળી મારી દીધી. 18 સપ્ટેમ્બર, 1942નાં રોજ ભોગેશ્વરીને ગોળી મારવામાં આવી હતી, જેનાં ત્રણ દિવસ બાદ તે શહીદ થઈ ગઈ. પોતાના દેશને આટલો બધો પ્રેમ કરનારી સાધારણ ગૃહિણીને આજે સમગ્ર વિશ્વ બહુ આદર સાથે યાદ કરે છે.





ચિત્રાંજલિ કાર્યક્રમ અંગે વધુ માહિતી મેળવવા નીચે આપેલી લિન્ક પર જાવ
http://davp.nic.in/constitutionofindia/index.html

ચિત્રાંજલિ

# સ્વતંત્રતાનું 75મું વર્ષ ઉજવવા માટે કેન્દ્ર સરકારની નવી પહેલ

કેન્દ્ર સરકારે ભારતની આઝાદીનું 75મું વર્ષ મનાવવા માટે એક અનોખી પહેલ કરી છે. ભારત જ્યારે આઝાદીનું 75મું વર્ષ મનાવી રહ્યું છે ત્યારે કેન્દ્ર સરકારે ઇ-ચિત્ર પ્રદર્શન તૈયાર કર્યું છે, જેથી આજના યુવાનો બંધારણની પ્રક્રિયાને જાણી શકે. આ પહેલ અંતર્ગત નવા ભારતની યાત્રાને પ્રદર્શિત કરવા અને સ્વતંત્રતા સેનાનીઓના યોગદાન પર ધ્યાન કેન્દ્રીત કરવા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગસિંહ ઠાકુરે માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા મનાવવામાં આવેલા #IconicWeek અંતર્ગત ઇ-ફોટો એક્ઝિબિશન, 'મેકિંગ



## વિઠ્ઠલભાઇ પટેલ

# સ્વતંત્રતા આંદોલનના અગ્રણી નેતા

**જન્મઃ 22 સપ્ટેમ્બર, 1869 | મૃત્યુઃ 22 ઓક્ટોબર, 1933**

વિઠ્ઠલભાઇ પટેલનો જન્મ 1871માં ગુજરાતના ખેડા જિલ્લાના કરમસદ ગામમાં થયો હતો. વિઠ્ઠલભાઇ પટેલ પાંચ ભાઈઓમાં ત્રીજા નંબર પર હતા. તેઓ દેશનાં 500થી વધારે રજવાડાંને એક કરીને ભારતમાં જોડનાર સરદાર વલ્લભભાઈ પટેલના મોટા ભાઈ હતા. વિઠ્ઠલભાઈએ કરમસદ અને નડિયાદમાં પ્રાથમિક અભ્યાસ કર્યો. બંને ભાઈઓનું સપનું બેરિસ્ટર બનવાનું હતું અને ઉચ્ચ અભ્યાસ માટે લંડન જવા માગતા હતા. જો કે, વિઠ્ઠલભાઇ પટેલેને આ તક પહેલાં મળી અને તેઓ લંડન જતા રહ્યા. પ્રખર અભ્યાસુ વિઠ્ઠલભાઇએ લંડનમાં 36 મહિનાનો કોર્સ 30 મહિનામાં પૂરો કર્યો અને ક્લાસમાં ટોપ આવ્યા. બેરિસ્ટરની પરીક્ષા પાસ કરીને તેઓ 1913માં સ્વદેશ આવ્યા અને વકીલાત શરૂ કરી. પોતાનાં આકર્ષક અને પ્રભાવશાળી વ્યક્તિત્વ અને કાયદાના દિગ્ગજ જાણકાર હોવાથી ટૂંકા સમયગાળામાં જ તેઓ આ ક્ષેત્રમાં પોતાને સ્થાપિત કરી શક્યા અને પૂરતું ધન પ્રાપ્ત કર્યું. આ દરમિયાન, 1915માં તેમની પત્નીનું અવસાન થયું, પણ તેમણે ફરી લગ્ન ન કર્યા. વિઠ્ઠલભાઇ પટેલ કેન્દ્રીય બંધારણ સભાના પ્રથમ ચૂંટાયેલા અધ્યક્ષ હતા. તેઓ મુંબઇના મેયર પણ બન્યા. એ વિચિત્ર સંયોગ છે કે બંને ભાઈ રાજકારણમાં આવ્યા પણ વિઠ્ઠલભાઇ પટેલે ક્યારેય ગાંધીજીનું નેતૃત્વ અને તેમની ફિલોસોફીને સ્વીકારી નહીં, તો વલ્લભભાઇએ હંમેશા ગાંધીજીને પોતાના પથપ્રદર્શક માન્યા. ગાંધીજી સાથે વૈચારિક મતભેદ હોવા છતાં વિઠ્ઠલભાઇ કોંગ્રેસમાં રહ્યા અને આઝાદીની લડાઇમાં પણ જોડાયા. તેઓ 1920નો દાયકો અને તે પછીના સમયમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓમાં સ્થાન પામ્યા. આઝાદીના આંદોલનમાં અનેક વાર અંગ્રેજોએ તેમની ધરપકડ પણ કરી. જો કે, 1922માં ગાંધીજીએ ચૌરા-ચૌરી કાંડ બાદ અસહકારનું આંદોલન સમટે લીધું ત્યારે વિઠ્ઠલભાઇ ઘણાં નિરાશ થયા. તેમણે કોંગ્રેસ છોડી દીધી અને ચિત્તરંજનદાસ અને મોતીલાલ નહેરુ સાથે મળીને સ્વરાજ પાર્ટી બનાવી.

1932માં વિઠ્ઠલભાઇ જેલમાં હતા ત્યારે ખરાબ તબિયતને કારણે તેમને મુક્ત કરવામાં આવ્યા. માર્ચ 1932માં તેમણે ભારત છોડી દીધું. વિદેશમાં તેમનું અવસાન થયું. પોતાની વસિયતમાં તેમણે બે તૃતીયાંશ સંપત્તિ સુભાષચંદ્ર બોઝના નામે કરી હતી. આને કારણે વલ્લભભાઈ અને સુભાષચંદ્ર બોઝ વચ્ચેના સંબંધોમાં કડવાશ પણ આવી. વલ્લભભાઈને વસિયતની મૂળ કોપી બતાવવામાં આવી ત્યારે તેમણે વસિયતમાં હસ્તાક્ષરના પ્રમાણીકરણ પર અનેક સવાલ ઉઠાવ્યા. બાદમાં, સરદાર પટેલ આ કેસ જીતી ગયા અને તેમણે વિઠ્ઠલભાઇ પટેલના નામે એક ટ્રસ્ટ બનાવ્યું અને સમગ્ર સંપત્તિ આ ટ્રસ્ટનાં નામે કરી દીધી. આ ટ્રસ્ટ સમાજ કલ્યાણ માટે કામ કરતું હતું.

ઓફ ધ કોન્સ્ટિટ્યુશન' અને વર્ચ્યુઅલ ફિલ્મ પોસ્ટર પ્રદર્શન ચિત્રાંજલિ @75 નો શુભારંભ કર્યો. આ પ્રદર્શન લોકભાગીદારીની દિશામાં એક પગલું છે, જે દેશના યુવાનોને બંધારણ અંગે જાણવા માટે પ્રોત્સાહિત કરશે એટલું જ નહીં, તેમને તેમના અધિકારોથી માહિતગાર પણ કરશે અને તેમને રાષ્ટ્ર પ્રત્યે તેમનાં કર્તવ્યોની ભાવના અંગે જાગૃત પણ કરશે. ચિત્રાંજલિ @75માં ભારતીય સિનેમા દ્વારા સ્વતંત્રતા સેનાનીઓની બહાદુરી અને બલિદાન દર્શાવીને દેશની યાત્રાને દર્શાવવામાં આવી છે, જે આપણા સ્વતંત્રતા સેનાનીઓએ કરેલા બલિદાનોની યાદ અપાવશે. તેમાં વિવિધ ભાષાઓની ફિલ્મોમાં દેશભક્તિના વિવિધ ભાવોને રજૂ કરવામાં આવ્યા છે. ચિત્રાંજલિ @75 ભારતીય સિનેમાના 75 વર્ષનું પ્રતિનિધિત્વ કરે છે અને તે આપણા સ્વતંત્રતા સેનાનીઓ, આપણા સમાજ સુધારકો અને આપણા સૈનિકોની વીરતાની પવિત્ર યાદોને તાજી કરી છે. આ પોસ્ટર પ્રદર્શનમાં એવી 75 જાણીતી ફિલ્મોને સમાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે આપણી ફિલ્મોને આપણા સાંસ્કૃતિક વારસાના હિસ્સા તરીકે જોવાનો અવસર છે. બીજી બાજુ, 'મેકિંગ ઓફ ધ કોન્સ્ટિટ્યુશન' માટે ઇ-બુકમાં દુર્લભ તસવીરોની સાથે બંધારણ નિર્માણની પ્રક્રિયા દર્શાવવામાં આવી છે. તેમાં આકાશવાણીની આર્કાઇવ્ઝ અને ફિલ્મ ડિવિઝનમાંથી લેવામાં આવેલા વિડિયો અને ભાષણોની લિન્ક પર સામેલ છે. તે હિન્દી અને અંગ્રેજી ઉપરાંત 11 અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ છે. ભારતના બંધારણના સ્થાપિત સિધ્ધાંતોના પ્રસારમાં યુવાનોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા સરકાર ટૂંક સમયમાં 'નો યોર કોન્સ્ટિટ્યુશન' (તમારા બંધારણને જાણો) કાર્યક્રમ પણ શરૂ કરશે. ●



# બીજાં લોકો માટે પ્રેરણાસ્રોત બનતા યુવાનો

**યુવાનો એક વાર મનમાં જે નિર્ધાર કરે તેને પૂરો કરવામાં કોઈ કસર બાકી નથી રાખતા. તેઓ દિવસ રાત મહેનત કરે છે, નવા લક્ષ્ય નક્કી કરે છે અને નવા માર્ગ શોધે છે. ભારતનો યુવાન પોતાની જાતને સર્વશ્રેષ્ઠ હાંસલ કરવા તરફ કેન્દ્રીત કરી રહ્યો છે. તે સર્વોત્તમ કરવા માગે છે અને તેથી જ યુવા શક્તિ રાષ્ટ્રની મોટી શક્તિ બનીને ઊભરી રહી છે. સ્ટીવન હેરિસ અને અમિત સહરાવત આવા જ યુવાનો છે, જેઓ પોતાના કામથી દ્રષ્ટાંત પ્રસ્થાપિત કરી રહ્યા છે અને લોકોને પણ દેશ માટે કંઈક કરવા પ્રેરિત કરી રહ્યા છે..**

## સ્ટીવન હેરિસના પ્રયાસોથી બીજા લોકોને પણ પ્રેરણા મળશે



સ્ટીવન હેરિસની પેઈન્ટિંગ બનાવવાની પ્રતિભાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રભાવિત થયા છે. તેમણે સ્ટીવનને પત્ર લખીને તેનો જુસ્સો વધાર્યો છે. 20 વર્ષના આ ઊભરતા કલાકારે વડાપ્રધાનને એક પત્રની સાથે બે સુંદર પેઈન્ટીંગ મોકલ્યાં હતાં. તેનાં જવાબમાં વડાપ્રધાને પત્ર લખીને હેરિસનું મનોબળ વધાર્યું. તેમણે કહ્યું કે, “રચનાત્મક ક્ષેત્રોમાં યુવાનોની લગન અને મહેનત જોવી અત્યંત સુખદ અનુભવ છે.” વડાપ્રધાને સ્ટીવનની પ્રશંસા કરતા લખ્યું કે, “તમારી પેઈન્ટિંગ પરથી તમારામાં વસ્તુઓને ઊંડાઈથી અનુભવાની પ્રતિભા દેખાય છે. તમે જે બારીકાઈથી સુક્ષ્મ ભાવોને કેનવાસ પર ઉતાર્યા છે, તેને જોઈને મન આનંદિત થઈ જાય છે. વડાપ્રધાને આશા વ્યક્ત કરી હતી કે સમાજમાં પોઝિટિવિટી ફેલાવવાના સ્ટીવનના પ્રયાસોથી બીજા લોકોને પણ પ્રેરણા મળશે.” આ અગાઉ, સ્ટીવને વડાપ્રધાન મોદીને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, તે છેલ્લાં 15 વર્ષથી પેઈન્ટિંગ કરે છે અને વિવિધ સ્તરે 100થી વધુ પુરસ્કાર જીતી ચૂક્યા છે. સ્ટીવને વડાપ્રધાન મોદીને પોતાની પ્રેરણા ગણાવ્યા છે. આ ઉપરાંત, સ્ટીવને કોરોના વિરુધ્ધ લડાઈમાં ભારતના રસીકરણ અભિયાનની પણ પ્રશંસા કરી હતી.

## પ્રતિ યુનિટ એક રૂપિયામાં વીજળી, પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતને આત્મનિર્ભર બનાવવા માટે દેશના યુવાનોને અપીલ કરી હતી, જેનાં પરિણામો હવે સામે આવી રહ્યા છે. નવા સ્ટાર્ટઅપની સાથે નવા ઈનોવેશનની દિશામાં દેશના યુવાનો દરરોજ નવી પહેલ કરી રહ્યા છે. આવી જ એક પહેલ કરી છે ઉત્તરપ્રદેશ જલ નિગમના એક્ઝિક્યુટિવ એન્જિનિયર અમિત સહરાવત અને તેમના સાથી રામાનુજ તિવારીએ. તેમણે એક એવું મશીન તૈયાર કર્યું છે, જેમાં હવા અને પાણીમાંથી વીજળી બને છે. સહરાવતે પોતાના આ મશીનને જીબીપી પ્લાન્ટ નામ આપ્યું છે. તેનાથી પર્યાવરણને પ્રદૂષિત કર્યા વગર વીજળી બનાવી શકાય છે. હરિત ઊર્જાના ક્ષેત્રમાં તે નવો વિકલ્પ સાબિત થશે. તેમણે એવો પણ દાવો કર્યો છે કે આ પ્લાન્ટમાંથી બનનારી વીજળીનો ખર્ચ પ્રતિ યુનિટ માત્ર એક રૂપિયો આવશે, જે સામાન્ય માણસો માટે ઘણો લાભદાયી પુરવાર થઈ શકે છે. જીબીપી પ્લાન્ટ બનાવનાર અમિત સહરાવત છેલ્લાં છ મહિનાથી પોતાના મિત્ર રામાનુજ તિવારીની મદદથી આ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા હતા. તેમના કહેવા પ્રમાણે, જીબીપી પ્લાન્ટમાં વીજળી ઉત્પાદન માટે કોઈ ઇંધણ કે જીવાશ્મ ઇંધણનો ઉપયોગ નથી કરવામાં આવતો. જીબીપી સબમરીનના સિધ્ધાંત પર કામ કરે છે અને આ પ્લાન્ટના માધ્યમથી માત્ર એક રૂપિયા પ્રતિ યુનિટના ખર્ચે ખેડૂતોને વીજળી પૂરી પાડવી શક્ય છે.●



**Narendra Modi** @nar...

हमारी सोच होनी चाहिए- इतिहास से सीखकर वर्तमान को सुधारने की, एक नया भविष्य बनाने की।

इसीलिए, जब मैं 'भारत जोड़ो आंदोलन' की बात करता हूं तो उसका भाव केवल भौगोलिक या वैचारिक जुड़ाव तक सीमित नहीं है।

यह भविष्य के भारत के निर्माण के लिए हमें अपने अतीत से जोड़ने का भी संकल्प है।



**रक्षा मंत्री कार्यालय/ RMO...**

जिस गति से हमारी industries आगे बढ़ रही हैं, रक्षा उत्पादन में अपना योगदान दे रही है, export दिन-ब-दिन बढ़ रहे हैं, मुझे पूर्ण विश्वास है कि जल्दी ही, उसी अख़बार में लिखा होगा, "India as Defence Manufacturing Hub for the World": रक्षा मंत्री



**Amit Shah** @AmitShah

विकास के काम भी महत्वपूर्ण हैं वो तो चलने ही चाहियें लेकिन अगर व्यक्ति ही कुपोषित रह जाता है तो बाकि सभी सुविधाओं का कोई औचित्य नहीं है।

लोकतंत्र में सबसे महत्वपूर्ण है निर्बल, गरीब, पिछड़ों व महिलाओं का सशक्तिकरण और बच्चों को उनका अधिकार देना।



**Nitin Gadkari** @nitin_gadkari ·

बिहार के विभिन्न राष्ट्रीय राजमार्गों पर तेज़ी से काम चल रहा है। 'राम जानकी मार्ग' के लिए हम बिहार से होते हुए नेपाल तक सड़क बना रहे हैं। #PragatiKaHighway @NitishKumar @RajKSinghIndia @girirajsinghbjp @rsprasad



**NSitharamanOffice** @nsith... · 3d

Out of every 100 Jan Dhan accounts, 55 belong to women. The main beneficiaries of PMJDY are women. In those areas where bank branches are not possible, the Bank Mitras do the job of providing banking services: Smt @nsitharaman in Tripura #PMJanDhan



**Piyush Goyal** @PiyushGoyal ·

राष्ट्रीय खाद्य सुरक्षा अधिनियम के लाभार्थियों के लिये One Nation, One Ration Card योजना प.बंगाल व दिल्ली सहित 34 राज्यों में लागू हो गयी है।

आप play.google.com/store/apps/det... लिंक द्वारा 'Mera Ration' मोबाइल ऐप डाउनलोड कर इसका अधिकतम लाभ उठा सकते हैं।

# पदक जीतने वाले खिलाड़ियों से प्रधानमंत्री ने फोन पर बात की



नई दिल्ली, (भाषा): प्रधानमंत्री नरेंद्र मोदी ने तोक्यो पैरालंपिक में पदक जीतने वाले सभी भारतीय खिलाड़ियों के प्रदर्शन की सोमवार को भूरि-भूरि प्रशंसा की और उनका उत्साहवर्धन करने के लिए उनसे फोन पर भी बात की। पैरालंपिक में सोमवार का दिन भारत के लिए यादगार बन गया। भारतीय खिलाड़ियों ने शानदार प्रदर्शन करते हुए अब तक दो स्वर्ण सहित कुल आठ पदक जीते हैं। पैरालंपिक में यह भारत का अब तक का सर्वश्रेष्ठ प्रदर्शन है। देश ने 2016 रियो ओलंपिक में चार पदक जीते थे।

भाला फेंक खिलाड़ी सुमित अंतिल ने पुरुषों की एफ 64 स्पर्धा में कई बार विश्व रिकार्ड तोड़ते हुए भारत को पैरालंपिक में दूसरा स्वर्ण पदक दिलाया। हरियाणा के सोनीपत के 23 साल के सुमित ने अपने पांचवें प्रयास में 68.55 मीटर दूर तक भाला फेंका जो एक नया विश्व रिकार्ड है।

खिलाड़ियों की जीत की खबर आने के बाद प्रधानमंत्री ने पहले ट्वीट कर उन्हें बधाई दी और बाद में सभी से फोन पर बात भी की और उन्हें बताया कि उनके प्रदर्शन से एक तरफ तिरंगे की शान बढ़ी है, वहीं युवाओं को प्रेरणा मिलेगी।

अंतिल की जीत के बाद प्रधानमंत्री ने एक ट्वीट में कहा, "हमारे खिलाड़ियों का पैरालंपिक में शानदार प्रदर्शन जारी है। देश को सुमित अंतिल के रिकार्ड तोड़ प्रदर्शन पर गर्व है। प्रतिष्ठित स्वर्ण पदक जीतने पर उन्हें बधाई और भविष्य के लिए ढेर सारी शुभकामनाएं।"

तोक्यो पैरालंपिक की निशानेबाजी प्रतियोगिता में महिलाओं के 10 मीटर एयर राइफल में स्वर्ण पदक जीतने पर प्रधानमंत्री ने अवनि लेखरा को बधाई दी और कहा कि यह वास्तव में भारतीय खेलों के लिए यह विशेष क्षण है।

उन्होंने एक ट्वीट में कहा, "अविस्मरणीय प्रदर्शन अवनि लेखरा! कड़ी मेहनत की बदौलत स्वर्ण जीतने पर बधाई जिसकी आप हकदार भी थी। कर्मशील स्वभाव और निशानेबाजी के प्रति जज्बे से आपने ऐसा संभव कर दिखाया। भारतीय खेलों के लिए यह एक विशेष क्षण है।

प्रधानमंत्री ने रजत पदक जीतने पर देवेन्द्र झाझरिया और कांस्य पदक जीतने पर सुंदर सिंह गुर्जर को बधाई दी और कहा कि देश को दोनों खिलाड़ियों पर गर्व है। मोदी ने चक्का फेंक प्रतियोगिता में रजत पदक जीतने वाले कथुनिया को एक बधाई संदेश में कहा, "योगेश कथुनिया का प्रदर्शन उत्कृष्ट रहा।

## संस्कृत साहित्य में मानवता और ज्ञान का दिव्य दर्शन

नई दिल्ली (वार्ता)। प्रधानमंत्री नरेंद्र मोदी ने कहा कि संस्कृत भाषा अपने विचारों और साहित्य के माध्यम से ज्ञान विज्ञान और राष्ट्र की एकता का पोषण करती हैं और उसे मजबूत करती हैं।

अपने मासिक कार्यक्रम 'मन की बात' में उन्होंने कहा कि संस्कृत साहित्य में मानवता और ज्ञान का ऐसा दिव्य दर्शन है, जो किसी को भी आकर्षित कर सकता है। उन्होंने आयरलैंड के संस्कृत विद्वान और शिक्षक रटगर कोर्टेनहॉर्स्ट, थाईलैंड की डॉ. चिरापत प्रपंडविद्या और डॉ. कुसुमा रक्षामणि, रशिया के प्रोफेसर बोरिस जाखरिन और ऑस्ट्रेलिया के सिडनी संस्कृत स्कूल का जिक्र करते हुए कहा कि अंतरराष्ट्रीय विद्वान और संस्थाएं विद्यार्थियों को संस्कृत भाषा पढ़ा रहे हैं और संस्कृत नाटक और संस्कृत दिवस जैसे कार्यक्रमों का आयोजन भी करते हैं। मोदी ने कहा, हाल के दिनों में जो प्रयास हुए हैं, उनसे संस्कृत को लेकर एक नई जागरूकता आई है। अब समय है कि इस दिशा में हम अपने प्रयास और बढ़ाएं।

मदद | नरेन्द्र मोदी ने की थी स्वनिधि योजना की लाभार्थी से बात, चाट का ठेला लगाती है अर्चना

# ग्वालियर की अर्चना को पीएम ने भेजे 50 हजार रुपये

सत्या शर्मा • ग्वालियर

पीएम स्वनिधि योजना की मदद से चाट का ठेला लगाने वाली ग्वालियर की अर्चना शर्मा को प्रधानमंत्री कार्यालय से 50 हजार रुपये की आर्थिक सहायता मिली है। योजना की हितग्राही के रूप में अर्चना से प्रधानमंत्री नरेन्द्र मोदी ने नौ सितंबर, 2020 को वीडियो कान्फ्रेंसिंग के जरिये बात की थी। उन्होंने अर्चना से कहा था कि कोई परेशानी हो तो चिट्ठी लिखना। मैं चाट खाने भी आऊंगा। कुछ ही समय बाद अर्चना के पति राजेन्द्र शर्मा की तबीयत खराब हो गई और कोरोना की दूसरी लहर की वजह से लाकडाउन लग गया। आय बंद होने और पति के इलाज में अर्चना कर्जदार भी हो गईं। इसके बाद अर्चना की समस्या प्रधानमंत्री तक पहुंची थी।



प्रधानमंत्री नरेन्द्र मोदी • फाइल फोटो

अर्चना ने लाकडाउन खत्म होने के बाद ठेला लगाना दोबारा शुरू किया था, लेकिन गुजारा नहीं हो रहा था। कर्ज का बोझ भी था। स्वास्थ्य विभाग और जिला प्रशासन की टीम अर्चना के घर पहुंची और उनसे दस्तावेज लिए गए। अब अर्चना के खाते में पीएमओ की ओर से 50 हजार रुपये की आर्थिक मदद भेज दी गई है। इससे अर्चना ने अपना अधिकांश कर्ज चुका दिया है। अर्चना और उनका परिवार राहत की सांस ले रहा है।



इंद्रानगर बार शहर का नाका निवासी अर्चना शर्मा टिक्की का ठेला लगाए हुए • सत्येश वर्मा

**आयुष्मान के लाभ को लेकर हो रही जांच :** अर्चना के अनुसार, उन्हें आयुष्मान योजना से भी 27 हजार रुपये की सहायता मिली थी, लेकिन इलाज में ज्यादा खर्च हो गया। इसी कारण उन पर कर्ज चढ़ गया। हालांकि, आयुष्मान योजना के बाद भी पति के इलाज में उन्हें क्यों रुपये देने पड़े और पूरा लाभ क्यों नहीं मिला, इसकी जांच स्वास्थ्य विभाग की टीम कर रही है।

**फोन से मिला संदेश, प्रधानमंत्री हेल्पलाइन से भेजी गई मदद :** अर्चना ने बताया कि उनके पास फोन आया था कि आपको प्रधानमंत्री हेल्पलाइन की ओर से मदद भेजी गई है। पूछा गया कि क्या आपको राशि मिल गई है। अर्चना ने खाता चेक कर इसकी पुष्टि कर दी।

# 'ओलिंपिक्स ने देश पर बहुत बड़ा असर डाला'

भाषा, नई दिल्ली



प्रधानमंत्री नरेंद्र मोदी ने रविवार को कहा कि तोक्यो ओलिंपिक्स में भारत के प्रदर्शन ने खेलों को लेकर 'बहुत बड़ा प्रभाव' पैदा किया है। उन्होंने देशवासियों से खेलों को लेकर पैदा हुई इस गति को 'सबका प्रयास' मंत्र के जरिए बनाए रखने का आह्वान किया। आकाशवाणी के मासिक रेडियो कार्यक्रम 'मन की बात' की 80वीं कड़ी में प्रधानमंत्री ने खेल-कूद को पारिवारिक और सामाजिक जीवन में स्थायी बनाने और ऊर्जा से भरने पर जोर दिया।

**कचरे से कंचन बनाने वालों को सराहा :** प्रधानमंत्री ने कहा कि इंदौर के ...

... लाइन से जोड़ा है। मधुबनी जिले के डॉक्टर राजेन्द्र प्रसाद कृषि विश्वविद्यालय और वहां के स्थानीय कृषि विज्ञान केंद्र के संयुक्त प्रयासों से आरंभ किए गए 'सुखेत मॉडल' का उल्लेख करते हुए कहा कि इसके तहत गांव के किसानों से गोबर और खेतों-घरों से निकलने वाला अन्य कचरा इकट्ठा किया जाता है और बदले में गांव वालों को रसोई ...

# देश में विकसित हो रही है स्टार्टअप संस्कृति

नई दिल्ली (एसएनबी)।

मन की बात



**प्रधानमंत्री बोले, आने वाले दिनों में बहुत बड़ी संख्या ऐसे उपग्रहों की होगी, जिन पर देश के युवाओं ने काम किया होगा**

प्रधानमंत्री नरेंद्र मोदी ने रविवार को कहा कि छोटे-छोटे शहरों में भी अब स्टार्टअप को लेकर युवाओं में रुझान पैदा हो रहा है और इसे लेकर देश में एक संस्कृति का विस्तार हो रहा है, जिसे वह उज्जवल भविष्य के संकेत के रूप में देखते हैं।

आकाशवाणी के मासिक रेडियो कार्यक्रम 'मन की बात' की 80वीं कड़ी के जरिए अपने विचार साझा करते हुए प्रधानमंत्री ने कहा कि अंतरिक्ष क्षेत्र को निजी भागीदारी के लिए खोलने के कदम को युवा पीढ़ी ने हाथोंहाथ लिया, जिसका लाभ उठाने के लिए छात्र व नौजवान बढ़-चढ़ कर आगे आए हैं। ...

... बड़ी संख्या ऐसे उपग्रहों की होगी, जिन पर देश के युवाओं ने काम किया होगा। उन्होंने कहा कि आज जहां भी देखो और किसी भी परिवार में देखो, नौजवान अपनी पारिवारिक परम्पराओं से हटकर कहता है कि वह तो स्टार्टअप आरंभ करेगा। उन्होंने कहा, 'खतरा मोल ...

## ओलंपिक ने देश पर बहुत बड़ा प्रभाव डाला

नई दिल्ली (एसएनबी)। पीएम नरेंद्र मोदी ने रविवार को कहा कि टोक्यो ओलंपिक में भारत के प्रदर्शन ने खेलों को लेकर 'बहुत बड़ा प्रभाव' पैदा किया है। उन्होंने देशवासियों से खेलों को लेकर पैदा हुई इस गति को 'सबका प्रयास' मंत्र के जरिए बनाए रखने का आह्वान किया। प्रधानमंत्री ने खेल-कूद को पारिवारिक और सामाजिक जीवन में स्थायी बनाने और ऊर्जा से भरने पर जोर दिया। उन्होंने कहा, खेल जगत में जो कुछ भी हुआ, वह विश्व की तुलना में भले ही कम है, लेकिन विश्वास पैदा करने के लिए बहुत अहम है।

RNI No. :
DELGUJ/2020/78810
September, 16-30, 2021

New India SAMACHAR Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date September 10, 2021, Pages - 44)

75 आज़ादी का अमृत महोत्सव

# દેશનું બહુમાન આપણું રાષ્ટ્રગાન બે કરોડ અપલોડ

**અમૃત મહોત્સવ અંતર્ગત અગાઉની 'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની જનતાને વેબસાઈટ rashtragaan.in પર રાષ્ટ્રગાન ગાતો વિડિયો અપલોડ કરવાનું આહવાન કર્યું હતું. 15 ઓગસ્ટ સુધી આશરે બે કરોડ લોકોએ આ વેબસાઈટ દ્વારા પોતાનો વિડિયો અપલોડ કર્યો હતો.**

जन-गण-मन-अधिनायक जय हे
भारत-भाग्य-विधाता
पंजाब-सिंधु-गुजरात-मराठा
द्राविड़-उत्कल-बंग
विंध्य-हिमाचल-यमुना-गंगा
उच्छल-जलधि-तरंग
तव शुभ नामे जागे, तव शुभ आशिष मांगे,
गाहे तव जय-गाथा ।
जन-गण-मंगल-दायक जय हे
भारत भाग्य विधाता ।
जय हे, जय हे, जय हे,
जय जय जय जय हे ।

"

**દેશનાં અનેક સ્વતંત્રતા સેનાની અને મહાપુરુષોને દેશ અમૃત મહોત્સવમાં યાદ કરી રહ્યો છે. સરકાર અને સામાજિક સંગઠનો તરફથી પણ તેની સાથે સંકળાયેલા કાર્યક્રમોનું સતત આયોજન કરવામાં આવી રહ્યું છે. અમૃત મહોત્સવ કોઈ સરકાર, કોઈ પક્ષનો કાર્યક્રમ નથી. તે કરોડો ભારતવાસીઓનો કાર્યક્રમ છે.**

**-નરેન્દ્ર મોદી,**
**વડાપ્રધાન**

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**, Principal Director General, Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from**
**Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020